सत्यमेव जयते

NAVTAR
CENTRE FOR
INNOVATIONS IN EDUCATION
A GCERT INITIATIVE

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

GCERT
Gandhinagar

# શિક્ષણની નવી ક્ષિતિજો

## જિલ્લા કક્ષાનો
## એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ

We Shall Overcome
District Institute of Education & Training
Amreli

ITOWE
Development Foundation

## વર્ષઃ-૨૦૨૧-૨૨

7th



SCAN CODE TO INSTALL APP
નવતર શૈક્ષણિક પ્રયોગો
GET IT ON Google Play

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨

**પ્રેરણા**

**ડો. ટી.એસ.જોષી**
નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**માર્ગદર્શક**

**દક્ષાબેન પી. પાઠક**
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

**કન્વીનર**

**ભરતકુમાર બી. ડેર**
જિલ્લા ઈનોવેશન કો-ઓર્ડીનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

**સંકલન**

**હરેશકુમાર વી. ગોહેલ**
(કે.આર.પી.)
ઉપ શિક્ષક, નાનાગોખરવાળા
તા.અમરેલી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી




નવતર
શૈક્ષણિક
પ્રયોગો

## નવતર શૈક્ષણિક પ્રયોગો મોબાઈલ એપ્લિકેશન

વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૨ સુધીના અમરેલી જિલ્લાના શૈક્ષણિક પ્રયોગોનો સંગ્રહ

એપને ઇન્સ્ટોલ કરવા નીચે આપેલ **QR CODE** સ્કેન કરો

Install now

અથવા

**Navtar Educational Innovation**

એમ સર્ચ કરો.

GET IT ON Google Play



APP DEVELOPED BY
**Sanjay Parghi**
Assistant Teacher
Rohisa pay center school



GUIDANCE BY
**Bharatbhai B. Der**
DIC-- Co.ordinator
DIET - AMRELI

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



### શુભેચ્છા સંદેશ

દક્ષાબેન પાઠક

પ્રકૃતિ અનેકવિધ વિવિધતાઓથી ભરેલી છે. પ્રકૃતિનું જ સુંદર સર્જન એવું બાળક તો અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધતા સભર બાળકોને એક જ પધ્ધતિથી શિક્ષણ આપી શકાય નહી, તેવી સફળ અને સચોટ રજુઆત ગુજરાતની સૌ પ્રથમ શિક્ષણની પ્રયોગકથા દિવાસ્વપ્નના લેખક સ્વ. ગિજુભાઈ બધેકાએ કથાનાયક લક્ષ્મીરામના માધ્યમથી કરી હતી. NCF ૨૦૦૫નો સૂર એ છે કે બાળક એ જ્ઞાનનો સર્જક છે. બાળકની સર્જન પ્રતિભા વિકસાવવા શિક્ષકો વિવિધ નાવીન્યપૂર્ણ પ્રયુકિતઓ અને પધ્ધતિઓ હાથ ધરે છે. અમરેલી જિલ્લાના આવા જ પ્રાથમિક શાળાના ૪૯ શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ૨ શિક્ષકો અને ૭ બી.એડના તાલીમાર્થીઓ કુલ ૫૮ શિક્ષકોના શૈક્ષણિક પ્રયોગોનો મેળાવડો એટલે જ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ.

જીસીઈઆરટી, ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લાના પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ઈનોવેશન સેલ વર્ષ ૨૦૧૩ થી શરૂ થયા. પ્રયોગશીલ શિક્ષકોના નવતર પ્રયોગોનું જિલ્લા કક્ષાએ ઇનોવેશન શેરીંગ અને રાઈટઅપ વર્કશોપમાં દરેક ઈનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ. આ વર્કશોપમાં ૫૦ ગુણમાંથી માર્કિંગ પણ કરેલ તેના આધારે પ્રાથમિક શાળાના ૪૯ શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ૨ શિક્ષકો, ૭ બી.એડના તાલીમાર્થીઓ કુલ ૫૮ શિક્ષકો ભાગ લઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાં એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ તારીખ : ૧૦/૧/૨૦૨૨ થી ૧૧/૧/૨૦૨૨ દરમ્યાન યોજાયેલ છે.

જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા માર્ગદર્શન અને વર્ષ : ૨૦૧૫-૧૬ થી એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં અમોને જે માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત થઈ છે, તે બદલ અમો માર્ગદર્શક સંસ્થાઓનો આભાર વ્યકત કરીએ છીએ. આ ઉપરાંત નિયામકશ્રી, રીડરશ્રી, તાલીમ શાખા - જીસીઈઆરટી, ગાંધીનગર વિશેષ રસ પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે છે. તેના જ પરિપાક રૂપે અમે આ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરી શક્યા અને ઇનોવેશનની બુકલેટ તૈયાર કરી શક્યા છીએ. તે બદલ જીસીઈઆરટી, ગાંધીનગરનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.. આ બુક દરેક શાળા અને શિક્ષક સુધી પહોચશે અને શિક્ષણમાં ઉપયોગી થશે તેવી શુભેચ્છાઓ.

**શ્રી દક્ષાબેન પાઠક**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**અમરેલી**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



શ્રી ભરતકુમાર બી. ડેર

## પ્રસ્તાવના

વર્ગખંડમાં દરેક બાળકો અલગ અલગ હોય છે. દરેક બાળકોની શીખવાની પ્રક્રિયા અને ગતિ અલગ અલગ હોય છે, આવી પરિસ્થિતિમાં ઘણી વખત વર્ગખંડમાં શીખવવામાં શિક્ષકો મુશ્કેલી અને સમસ્યાઓ અનુભવે છે. આ સમસ્યાના નિવારણ માટે પ્રાથમિક શિક્ષણમાં ઘણા શિક્ષકો કોઈ ને કોઈ ઈનોવેશન કાર્ય કરી પ્રાથમિક શાળાની અને તેના વર્ગની ગુણવત્તા ઊંચી આવે તે માટે પ્રયત્ન કરતા હોય છે. પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમ્યાન ધ્યાનમાં આવેલ છે કે કેટલાક શિક્ષકો વર્ગશિક્ષણ કાર્ય રેગ્યુલર પધ્ધતિ ઉપરાંત અભ્યાસક્રમને સહાયક હોય તેવી પધ્ધતિ કે પ્રયુક્તિ મારફત વર્ગશિક્ષણ કાર્યને ઉત્તમ કક્ષાએ લઈ જાય છે.

પ્રાથમિક શાળા કક્ષાએ થઈ રહેલા કામોને વેગ આપવા માટે રાજય કક્ષાએ જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લા કક્ષાએ ઈનોવેશન સેલની રચના કરવામાં આવેલ છે, જે અંતર્ગત જિલ્લા કક્ષાએ થઈ રહેલા ઈનોવેટીવ કાર્યને વેગ આપવામાં આવે છે. શિક્ષક પોતાની શાળામાં કે વર્ગખંડમાં ઈનોવેટીવ કાર્ય કરેલ હોય તેની વિગતો અપલોડ કરે છે. અમરેલી જીલ્લાના વધુમાં વધુ શિક્ષકો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં શિક્ષકો ભાગ લે એ હેતુથી ત્રણ તબક્કામાં ગુગલ ફોર્મમાં રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. જેના કારણે ૮૨ ઈનોવેટિવ શિક્ષકોએ રજીસ્ટ્રેશ કર્યું. અમરેલી જિલ્લામાં આવા અપલોડ થયેલ ઈનોવેશનમાંથી શ્રેષ્ઠ ઈનોવેશન પસંદ કરવા માટે જિલ્લા કક્ષાએ ઈનોવેશન શેરીંગ અને રાઈટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, આ વર્કશોપમાં દરેક ઈનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ તેમજ ૫૦ ગુણમાંથી માર્કિંગ પણ કરેલ તેના આધારે પ્રાથમિક શાળાના ૪૯ શિક્ષકો જેમાં બીઆરસી, બીઆરપી અને સીઆરસીઓએ પણ લીધેલ છે. અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ૨ શિક્ષકો અને ૭ બીએડ્ના તાલીમાર્થીઓ કુલ ૫૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ.

આ ૫૮ શિક્ષકોના ઈનોવેશનની માહિતી અને ઈનોવેશનના ફોટોગ્રાફ સાથેની શિક્ષણની નવી ક્ષિતિજો - બુકમાં સ્ટોરી સ્વરૂપે મુકવામાં આવેલ છે. જે આગામી સમયમાં શિક્ષણ સાથે સંકળાયેલ લોકોને ખુબ જ ઉપયોગી થશે.

**શ્રી ભરતકુમાર બી. ડેર**

**જિલ્લા ઈનોવેશન કો-ઓર્ડીનેટર**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## અનુક્રમણિકા


| સ્ટોલ | ઈનોવેટરનું નામ | ઈનોવેશનનું શીર્ષક |
|---|---|---|
| 1 | શ્રી કનાલા ધર્મેન્દ્ર અરજણભાઇ | આખુંયે વિશ્વ આપણા સાથમાં |
| 2 | શ્રી સલીમઅલ્તાફ સાબીરહુસેન કુરેશી | મારો અભ્યાસક્રમ હું નક્કી કરું |
| 3 | શ્રી કટકિયા રાઘવભાઇ ધનજીભાઇ | શિક્ષણનો મધપૂડો |
| 4 | શ્રી પરમાર અરવિંદભાઇ હરિભાઇ | ચાલો,ચાલો,આપણે પણ ઓનલાઈન-ઓફલાઈન શિક્ષણ મેળવીએ |
| 5 | શ્રી કોકીલાબેન ગિરજાશંકર જોષી | ઝોળી પુસ્તકાલય |
| 6 | શ્રી જીજ્ઞેશકુમાર નવનીતરાય ઉપાધ્યાય | માસ્કમેકીંગના અલગ નજરીયાથી |
| 7 | શ્રી દીક્ષિત કેતનકુમાર લલિતભાઇ | પ્રજ્ઞા ધોરણ-૧ અને ૨ના એકમનું નિર્માણ |
| 8 | શ્રી લાલજીભાઇ એખાત્રોજા. | શિક્ષક બાળકના આંગણે |
| 9 | શ્રી વેકરિયા જગદીશભાઇ ભીમજીભાઇ | યુટ્યુબ મારફત પ્રજ્ઞા એકમ વિડીઓ સીરીઝ નિર્માણ |
| 10 | શ્રી ગેવરિયા સોનલબેન કાનજીભાઇ | અંક કાર્ડ |
| 11 | શ્રી મકવાણા સંજયભાઇ મેરૂભાઇ | આત્મનિર્ભર શાળા |
| 12 | શ્રી સોલંકી શૈલેષકુમાર ધીરૂભાઇ | સહ શૈક્ષણિક પ્રવુતિ પ્રાર્થના વિભાગ. |
| 13 | શ્રી દેવ મુરારી ઇલાબેન જયંતિભાઇ | ગણિત એકમોનું સંગીત મય કાવ્ય ગાન |
| 14 | શ્રી જીકાદરા જયસુખભાઇ લાલજીભાઇ | ઓનલાઇન શિક્ષણ |
| 15 | શ્રી ત્રિવેદી કૃતિકા ધીરુભાઇ | Coding Decoding interactive game |
| 16 | શ્રી બોરીસાગર ચંદ્રેશકુમાર ભોળાશંકરભાઇ | Easy English |
| 17 | શ્રી રાઠોડ પારૂલબેન ગોકુળભાઇ | ઉચ્ચારથી અંક શીખીએ કરી માપન ગણિત ગણીએ |
| 18 | શ્રી રાઠોડ ભારતીબેન બાવભાઇ | મારી લાડકી રે |
| 19 | શ્રી મેવાળા મનસુખલાલ પુંજાભાઇ | હરતી ફરતી શાળા |
| 20 | શ્રી મકવાણા જીજ્ઞેશભાઇ ચંદ્રકાન્તભાઇ | મારુ પુસ્તક, ડિજિટલ પુસ્તક |
| 21 | શ્રી રાજ્યગુરુ જાગૃતિબેન જનકરાય | સ્વરચિત જોડકણાં દ્વારા અર્થગ્રહણ અને ભાષાશુદ્ધિ |
| 22 | શ્રી સોંડાગર મનિષકુમાર નાથાભાઇ | અક્ષર સુધારણા |
| 23 | શ્રી સતાસીયા પૂર્ણિબેન વસંતભાઇ | ડિજિટલ માધ્યમ દ્વારા લોકજાગૃતિ |
| 24 | શ્રી સોલંકી પ્રકાશકુમાર દુદાભાઇ | Joy of Learning |
| 25 | આદ્રોજા હીનાબેન ડાહ્યાભાઈ | Eco friendly best school |
| 26 | રૂડાણી પ્રતિકકુમાર અરવિંદભાઈ | સ્માર્ટ લર્નિંગ |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## અનુક્રમણિકા


| સ્ટોલ | ઈનોવેટરનું નામ | ઈનોવેશનનું શીર્ષક |
|---|---|---|
| 27 | શ્રી ચાવડા ભાવેશકુમાર દેવરાજભાઇ | PINK |
| 28 | શ્રી મહિડા દિનેશ દાનાભાઇ | મેથ જી |
| 29 | શ્રી ત્રિવેદી મેહુલ કુમાર દિલીપભાઇ | Computer Teaching for all |
| 30 | શ્રી લાખાણી મનિષા ફિરોઝભાઇ | TREND SETTER |
| 31 | શ્રી કોડિયાં સુનિલભાઇ ખુશાલદાસ | વિજ્ઞાન મોડલ |
| 32 | શ્રી નિમાવત રામેશ્વરી બેન મણિલાલ | TEACHER IS MY REAL SUPER HERO |
| 33 | શ્રી જોષી પૂજાબેન હર્ષદ કુમાર | લોક સહયોગ દ્વારા શાળા વિકાસ |
| 34 | શ્રી દેસાઇ શિલ્પાબેન મહેશભાઇ | આંગણે જ અભ્યાસ |
| 35 | શ્રી રવિયા તેજલબેન રમેશભાઇ | Pre- activities for learning outcomes |
| 36 | શ્રી ચાવડા મનુબેન ડાહ્યાભાઇ | સુવિચાર દ્વારા ચારિત્ર્ય ઘડતર |
| 37 | શ્રી પારઘી સંજય વાલજીભાઇ | Educational android application |
| 38 | શ્રી પ્રજાપતિ રાજેશકુમાર ગોરધનભાઇ | The Virtual dictionary |
| 39 | શ્રી ચાવડા પરેશકુમાર મોહનભાઇ | Know your currancy |
| 40 | શ્રી નિમ્બાર્ક ધર્મેંદ્રભાઇ રમેશભાઇ | વેસ્ટ માંથી બેસ્ટ શૈક્ષણિક સંશાધનો |
| 41 | શ્રી ધાંધિયા દિવ્યાબેન ગૌરીશંકરભાઇ | મેરી પ્રાર્થના મેરી આરાધના |
| 42 | શ્રી ધડુક સંદિપભાઈ ધીરુભાઈ | Smart Science |
| 43 | શ્રી દવે વરુણકુમાર અતુલભાઈ | Varundave android puzzle game |
| 44 | શ્રી પંડિત સવિતાબેન બી. | ppt matiriyal |
| 45 | શ્રી ટાંક સુરેશભાઇ ચુનીલાલ | હરતી ફરતી શાળા |
| 46 | શ્રી ગજેરા ભાવનાબેન જયંતીલાલ | ન્યૂઝ - સર્જનાત્મક લેખન અભિગમ |
| 47 | શ્રી જોષી ચિરાગ નવિનચંદ્ર | હું જ મારો માર્ગદર્શક |
| 48 | શ્રી જોષી દર્શનાબેન ડોલર ભાઇ | પ્રારંભિક શિક્ષણમાં ધ્વનિ દ્વારા વાંચન ની શરૂઆત |
| 49 | શ્રી હડિયા હિમતભાઈ જાદવભાઈ | ઓનલાઈન ટેસ્ટ |
| 50 | શ્રી બારૈયા સંજયકુમાર બાલુભાઈ | Digital Data Saver |
| 51 | શ્રી લુહાર પૂર્વીબેન અરજણભાઈ | ગર્ભશિક્ષણ |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


## અનુક્રમણિકા

| સ્ટોલ | ઈનોવેટરનું નામ | ઈનોવેશનનું શીર્ષક |
|---|---|---|
| 52 | શ્રી ઠાકર શ્રુતિ પ્રફુલકુમાર | Spelling Game zone |
| 53 | શ્રી ભટ્ટ પ્રિયંક સુરેશભાઈ | SENTENCE STICKS |
| 54 | શ્રી જોષી ભવદીપકુમાર કિશોરભાઈ | ચાલો ભૂમિતિને નવી રીતે સમજીએ |
| 55 | શ્રી દવે કૃષ્ણાબેન શરદકુમાર | રમતા રમતા કાંઈક શિખીએ |
| 56 | શ્રી પરમાર શિવાલી રાજેશભાઈ | આત્મવિશ્વાસનો ડંકો |
| 57 | શ્રી દવે મૈત્રિકકુમાર સંજયભાઈ | હું પણ બનાવી શકું |
| 58 | શ્રી નકુમ દિશાંત જમનભાઈ | સરવાળો એક રમત |

## તાલુકા પ્રમાણે રજુ ઇનોવેશન




## ધોરણ પ્રમાણે રજુ થયેલ ઇનોવેશન



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :કનાલા ધર્મેન્દ્રભાઈ અરજણભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો :શ્રી જનતા વિદ્યાલય, તાતણિયા તા.ખાંભા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9998320045

## ॥ આખુંયે વિશ્વ આપણા સાથમાં ॥

"આમ તો રોજ-બરોજનાં શિક્ષણકાર્યની અંદર સહજ રીતે મસ્તિષ્કમાં આવતા ક્રિયાત્મક સંશોધનનો શ્રેષ્ઠ ઉપચાર એટલે ઈનોવેશન." ઈનોવેશન થકી વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાઓ, વાલીઓ અને સમાજનાં કેટલાય પ્રશ્નો આ સાત વર્ષમાં ઉકેલાયાં હશે, કેટલાય બાળકો શિક્ષણથી અને સમાજથી વિમુખ થતાં અટક્યાં હશે, કેટલાય બાળકોએ પોતાનાં સોનેરી સપનાઓને સાકાર કરવા એક દિશા પ્રાપ્ત થઈ હશે. કોરોનાની કસોટી બાદ વિદ્યાર્થીઓને ફરી શાળાએ આવતાં કરવા અને શિક્ષણ સાથે તેનું અનુસંધાન કરવું મુશ્કેલતો હતું જ. આ માટે લગભગ દરેક શિક્ષકે કોઈને કોઈ ઈનોવેશન કર્યા જ હશે. વળી કોરોના જેટલી જ ચિંતા ગુજરાતની શાળાઓમાં અંગ્રેજી વિષય માટે પણ રહ્યાં કરેછે. આ બંને સમન્વિત પ્રશ્નોનો સુંદર ઉકેલ એટલે અમારું આ ઈનોવેશન- "આખુંવિશ્વઆપણાસાથમાં."

આમ તો પાંચમા ધોરણથી લઈ બારમાં ધોરણ સુધી આપણાં પાઠ્યપુસ્તકોમાં અંગ્રેજી ત્રણ મુખ્ય તબક્કામાં વહેચાયેલુંછે. જેમાં સ્પેલિંગ, પાઠ , તેના દ્વારા શીખવવામાં આવતા વ્યાકરણના મુદ્દાઓ અને તેની સાથે જોડાયેલા લર્નિંગ આઉટકમ્સ અને અંતે મૂલ્યાંકન અને મહાવરો. આ ત્રણે તબક્કાઓમાં બાળકોની કંઈકને કંઈક મુશ્કેલી હતી.જેમ કે સ્પેલિંગની સૌથી મોટી ત્રણ મુશ્કેલીઓ તેની જોડણી યાદ નથી રહેતી, તેનો અર્થ યાદ નથી આવતો અને સ્પેલિંગનું ચિત્ર તે વસ્તુ કે વ્યક્તિ સામે આવે તો તેની સાથે જોડાણ થઈ શકતું નથી. રસપ્રદ નથી લાગતું એ પણ એક સમસ્યાતો ખરીજ.બીજા તબક્કાના ઘણાં બધાં પ્રશ્નોમાંનાં કેટલાક પ્રશ્નો એવા હતા કે બાળકોને આપેલ પાઠ વાંચતા ન આવડેતો તેની સાથે તે કેવી રીતે કનેક્ટ થઈ શકે? વળી, ઉચ્ચારો લખીને આપ્યાં હોય એવી કોઈ ગાઈડ કે કોઈ મટીરીયલ માર્કેટમાં ઉપલબ્ધ પણ નથી. શિક્ષક કદાચ પાઠ વચાવે તો પણ કેટલાકને વચાવે? એ રીતે પણ આ પ્રશ્ન ઉકેલ પામે એવી શક્યતા ન હોતી.બીજું મોટા ભાગના શિક્ષકો પાઠ પર એટલું બધું ધ્યાન આપેછે કે તેની સાથે જોડાયેલ વ્યાકરણના મુદ્દાઓ, સેન્ટેન્સ પેટર્ન અને લર્નિંગ આઉટકમ્સને ક્યાંકને ક્યાંક ભૂલી બેસેછે. વિદ્યાર્થીઓને તો આ બધી ક્યાંથી ખબર હોય? ત્રીજી અને સૌથી મહત્વની બાબત એ મૂલ્યાંકન અને મહાવરામાં પડતી તકલીફો પણ ઘણી હતી. જેમકે, આ બધીજ એક્સરસાઈઝ રસપ્રદ રીતે અને જાતે કેમ કરવી. વળી, આ બધાની સૂચના અંગ્રેજીમાં હોવાના કારણે વિદ્યાર્થીઓ શું કરવાનું એ સમજી શકતાં નહોતાં.આ બધા પ્રશ્નોનો ઉકેલ ક્યાંક અમે આ ઈનોવેશન દ્વારા મેળવવાની કોશિશ કરી.જેનો પહેલો તબક્કો બાળકોને અંગ્રેજીની જોડણી એટલે કે સ્પેલિંગ તૈયાર કરાવવાનો હતો. આ અંતર્ગત સૌપ્રથમ ધોરણ૯થી૧૨નાપાઠ્યપુસ્તક અને સપ્લીમેન્ટરી રીડર્સના તમામ કઠીન શબ્દોની યાદી બનાવવામાં આવી. આ સ્પેલિંગને લગતા નજીકમાં નજીકના ચિત્રો ગૂગલ અને અન્ય સર્ચ એન્જિન્સ પરથી મેળવવામાં આવ્યાં અને વિદ્યાર્થીઓનાં વોટ્સએપ ગ્રુપમાં તેમને પ્રોવાઈડ કરવામાં આવ્યાં. અને એજ તેમનાં પ્રિ-ટાસ્કસ બન્યાં. ત્યાર બાદ ક્યારેક બોર્ડ ઉપર તેમને લખી મોબાઈલમાં તેનાં જ ચિત્રો બતાવી બંનેનું પરસ્પર જોડાણ કરવાનો મહાવરો પણ કરાવ્યો. સ્પેલિંગ યાદ રાખવા માટે એક ફનીટેકનિકનો સહારો લીધો. જેમકે લખાય છે પ્રથમ એમજ બોલવું. જેના કારણે

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

વિદ્યાર્થીઓમાં હસતાં-હસતાં સ્પેલિંગ યાદ રાખવાની કળા વિકસી. ટૂકડા પદ્ધતિની આ ટેકનિક વિદ્યાર્થીઓને ખૂબ જ માફક આવી. તત્પશ્ચાત વર્ડલ્સ એપની મદદથી બાળકોના અઘરા સ્પેલિંગના તમામ જંબલ્સ બનાવી ચિત્રો સાથે તેમનું જોડાણ કરતાં બાળકોનું સ્પેલિંગનું જ્ઞાન વધુ સમૃદ્ધ અને રસપ્રદ બન્યું. આ ક્રિયા આટલેથી ન અટકાવતાં બાળકો સ્વયં શીખતાં થાય એ માટે આ બધાંજ શબ્દોની યાદી તેમને "કિડલમાં" સર્ચ કરવા માટે તેમજ વોટ્સએપ ટોકએન્ડરાઈટમાં લખવા આપી. જેથી કરીને સ્પેલિંગ પ્રત્યે તેમનો પ્રેમ વધે અને પોઝિટિવ સર્ચિંગ કરતાં થાય. આમ પ્રથમત બક્કો Spellings are easy and interesting મહદઅંશે સફળ થયો. જો બાળકો વાચતાં થાયતો જ અંગ્રેજી સાથે એમનો પ્રેમ વધે તે અનુસંધાને બીજો તબક્કો Lessons are lovely to learn શરૂ થયો. જેના અંતર્ગત આખા પાઠનાં ઉચ્ચારો એક પેજમાં લખીને બાળકોનાં વર્ગખંડમાં ચોંટાડવામાં આવ્યાં. તેમજ તેમના ગ્રુપમાં મુકવામાં આવ્યાં. બાળક પોતાનાં અથવા પોતાના મિત્રના અવાજમાં કંઈ સાંભળેતો વધુ સારી રીતે ગ્રહણ કરી શકે એ ન્યાયે જે બાળકોને વાંચતા આવડતું હતું તેમની પાસે અલગ-અલગ પાઠનાં ઉચ્ચારનું ઓડિયો રેકોર્ડિંગ કરાવ્યું. ત્યાર બાદ પાંચ બાળકો કે જેમાં 1 વાંચી શકે તેવો, 2 મધ્યમ અને બે નબળાં બાળકો પસંદ કરવામાં આવ્યા. જે ઘરે જઈને પણ એક જણ પાઠ વાંચે અને બાકીના જીલે એવી ટુકડીની રચના કરી આપી. ત્યાર બાદ પાઠનું ભાષાંતરણ કરતા વિડિયો ફિલ્મ, શોર્ટફિલ્મ, ચિત્રો, કાર્ટુન વગેરેનો સહારો લઈ ઓછામાં ઓછુ ભાષાંતર કરી અને વધુમાં વધુ અર્થગ્રહણ કરવાની કોશિશ કરી. ઘરે પણ બાળકો અભ્યાસ કરી શકે તે માટે શાળા-મિત્ર, ઈ-પાઠશાળા અને જી.સી.આર.ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા વિડીયોનાં ક્યુ.આર. કોડ બાળકોને આપવામાં આવ્યાં. આ ઉપરાંત સમગ્ર એક ધોરણમાં કેટલી સેન્ટેન્સ પેટર્ન વપરાયછે તેનું સંશોધન કરી તેની એક સુંદર એક્ટિવિટી " ચેન્જધવર્ડ" બનાવી. અને બાળકોને પીરસવામાં આવી જેના કારણે ગ્રામરમાં પડ્યા વગર બાળકો સેન્ટેન્સ પેટર્ન શીખે.આ ઉપરાંત પાઠ સાથે જોડાયેલાં ગ્રામરનાં ટોપિક્સ અને લર્નિંગ આઉટકમ્સ પાઠની સાથો સાથ કરાવવામાં આવ્યાં. જેથી બાળકોને પાઠની સાથે પાઠની પાછળજે હેતુ રહેલો હોય તે પણ સિદ્ધ કરવામાં સરળતાથી સફળતા મળે.

ત્રીજા તબક્કામાં એક્સરસાઈઝ અને મૂલ્યાંકનની વાત હતી. તેમાં બાળકોને મોટા ભાગે પેરેગ્રાફમાંથી સીધા જવાબ લખવાના હોયછે. આ પ્રક્રિયામાં બાળકો તેને કાળ મુજબ ફેરવતાં નહોતાં અને ઘણીવખત "wh word" પણ જવાબમાં રીપીટ કરતાં હતા. આ પ્રશ્ન નિવારવા માટે તેમને "wh word"ની સમજણ આપી. તેમના લેવલ મુજબ કાળની સમજણ આપી. જેના કારણે તેઓ આ ભૂલ નિવારી શક્યાં. પાઠ્યપુસ્તકની બધીજ એક્ટિવિટી ઓનલાઈન કરાવી. આ પ્રયોગમાં અમારી સાથે શ્રીનીલકંઠ વિદ્યાપીઠ, તળાજા અને આર.કે.સાયન્સ સ્કૂલ, રાજુલા પણ જોડાયાં.

આ પ્રયોગની ઘણીબધી ફલશ્રુતિઓ મળી અને જ્યાં સ્પેલિંગમાં ૨૦૦ જેટલા બાળકોને તકલીફ હતી એમાંથી૭૧.૫૯ટકા બાળકોને ખૂબજ ફાયદો થયો અને સીધી રીતે તેઓ અંગ્રેજીને આત્મસાત કરી શક્યાં. બાળકોનું શિક્ષણ સાથે પુનઃજોડાણ થયું, અંગ્રેજીનો હાઉ દૂરથયો, જૂથ ભાવના વધી નબળા વિદ્યાર્થીને સાથે લઈને ચાલવાની ભાવના જાગૃત થઈ, જ્ઞાન વહેંચવાથી વધેછે તેવો તેમને ખ્યાલ આવ્યો, ઓનલાઈન એજ્યુકેશન પ્રત્યે જિજ્ઞાસા અને કુતૂહલ વધ્યાં, પોતાની મેળે કેમ શીખવું એ શીખ્યાં, અંગ્રેજીનું વ્યાકરણ ,વ્યવહારિક રીતે શીખ્યાં, શિક્ષકો અને વિદ્યાર્થીઓના સંબંધ સુંદર થયાં.

...... ઓર ક્યા ચાહિયે ?

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરું નામ :સલીમઅલ્તાફ સાબીરહુસેન કુરેશી
- ઈનોવેટરની શાળા અને તાલુકો :દિપક હાઈસ્કુલ - અમરેલી
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – **9904145446**


# ॥ મારો અભ્યાસક્રમ હું નક્કી કરું ॥


સામાન્ય રીતે વિદ્યાર્થીને શું ભણવું એનો નિર્ણય ક્યારેય વિદ્યાર્થી નથી કરતો. અભ્યાસક્રમ સમિતિ અને એન.સી.ઇ.આર.ટીના તજજ્ઞો દ્વારા જે અભ્યાસક્રમ નક્કી થાય તે વિદ્યાર્થીને ભણવાનું રહે છે. આ અભ્યાસક્રમ ઉપરાંત જિજ્ઞાસાવૃત્તિ અને કુતુહલવૃત્તિ સાથે મેળ ખાતો નથી અને બાળકના મનમાં કેટલાક પ્રશ્નો જન્મે છે. તે ઘરે પ્રશ્ન કરે તો "તારા સાહેબને પૂછજે" અને તે શાળામાં પ્રશ્ન કરે તો "આ અભ્યાસક્રમમાં નથી",તેમ કહી મોટાભાગે તેના પ્રશ્નોના જવાબ મળતા નથી.અને તે પ્રશ્નોનું, બાળકના કુતૂહલ ભર્યા વિચારોનું બાળકના માનસમાં બાળમરણ થઈ જાય છે.બાળકે શું ભણવું કે તેને શું સમજવું છે તે બાળક નક્કી ન કરી શકે? દરેક બાળકનો વ્યક્તિગત અભ્યાસક્રમ હોય છે. શું આપણે અભ્યાસક્રમને જાણવાનો અને આ અભ્યાસક્રમના મુદ્દાને સમજવાનો કે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે?

આવી જ સમસ્યામાંથી આજથી આઠ વર્ષ પહેલા મને આ પ્રોજેક્ટ કરવાનો વિચાર આવ્યો. ૨૦૧૩ થી ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને તમને શું ભણવું છે? કેવો અભ્યાસક્રમ ભણવો છે ? તે પ્રશ્ન પૂછયા. આ માટે દરેક બાળકો પોતાના અભ્યાસક્રમ (ભણવાના મુદ્દા/પ્રશ્નો) બોર્ડ પર લખે અને તેના આધારે વિદ્યાર્થીઓને ભણવાના મુદ્દા / પ્રશ્નો નક્કી કર્યા. આ પ્રશ્નો, આ મુદ્દાઓને આયોજન કરી અભ્યાસક્રમનું સ્વરૂપ અપાયું. તેમાંજે પ્રશ્નોના જવાબ વિદ્યાર્થી સમજાવવા માંગે તે પ્રશ્નોની સામે તે વિદ્યાર્થીનું નામ લખાયું.પ્રશ્નોના જવાબ ક્યાંથી મળી શકે તે માટે તેમને પુરતું માર્ગદર્શન અપાયું, google પરની વિવિધ સાઈટ, વિવિધ ડિક્ષનરી, પુસ્તકો અંગે ચોક્કસ માર્ગદર્શન આપવામાં આવ્યું. જે પ્રશ્નોના જવાબ બાળકને ન મળે તે શિક્ષક સમજાવે તેમ નક્કી થયું. આ અભ્યાસક્રમ ક્યારે ચલાવવો તે પ્રશ્ન ઉપસ્થિત થયો. શૈક્ષણિક અભ્યાસક્રમના ભોગે તો તે ચલાવી ન શકાય એટલે જ્યારે શૈક્ષણિક અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ફેબ્રુઆરી – માર્ચ આ અભ્યાસક્રમ ચલાવવાનું નક્કી થયું. ત્યાર પછીના વર્ષોમાં પ્રોક્ષી તાસમાં આ અભ્યાસક્રમ ચલાવવામાં આવતો. વિદ્યાર્થી જે વિષયને વધુ સમજવા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

માંગે તે વિષય – મુદ્દાને સમજાવવા પ્રોજેક્ટ બનાવવાનું નક્કી થયું અને આ રીતે 2014માં 'કલરવ -પક્ષીઓની દુનિયા', 2015માં 'ભૂગોળની ડિક્ષનરી', 'કિલ્લા અને મહેલોનો ઈતિહાસ' વગેરે પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા છે. આમ વિદ્યાર્થીઓના વિષય પ્રત્યેની ભૂખને રચનાત્મક સ્વરૂપ અપાયું. મારો અભ્યાસક્રમ હું જાતે નક્કી કરું આ પ્રોજેક્ટ 2013 થી 2018 સુધી સળંગ શાળામાં ચાલ્યો. હાલમાં 2021માં પણ આ પ્રોજેક્ટ કાર્યરત છે.(2019માં કોવિડની અસરના કારણે આ વિચારને થોડો સમય બંધ રાખેલ.)

બાળકના પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓ પોતે અને શિક્ષક સંયુક્ત રીતે આપી શકયા. બાળકને જે વિષયવસ્તુ ખરેખર ભણવી હતી તે ભણાવી શક્યા.અહીં માત્ર પુસ્તકલક્ષી  અભ્યાસ ક્રમ નહોતો બલ્કે બાળકના મનમાં જાગતા કોઈ પણ પ્રશ્ન તેનો અભ્યાસક્રમ હતો અને સાચા અર્થમાં શિક્ષણ વિદ્યાર્થી  કેન્દ્રી બન્યું.જેના પરિણામ સ્વરૂપે બાળકની કુતૂહલવૃતિ અને જિજ્ઞાસાવૃત્તિને બળ મળ્યું .તેને પ્રશ્નોના નિરાકરણની દ્રષ્ટિ મળી, સમસ્યા ઉકેલ કરતા થયા.તે હવે જાતે પ્રશ્ન કરતો અનેસાથે તેના જવાબ પણ શોધી શકતો. પ્રોક્ષી તાસનો રચનાત્મક ઉકેલ મળી ગયો.



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :કટકિયા રાઘવભાઈ ડી.
- ઈનોવેટરની શાળા અને તાલુકો :શ્રી મિતિયાળા પ્રા. શાળા, તા. જાફરાબાદ
- ઈનોવેટરનો મોબાઈલ નંબર -૯૯૨૫૮ ૦૬૫૪૬

## ॥ શિક્ષણનો મધપૂડો ॥

શિક્ષક ખરો ને બાલદોસ્ત એ ઝાઝેરો,

બાળકો સંગાથેનું ગમતીલું એનું કામ.

ભણાવે રમતા – રમતા સહું બાળદેવોને,

વર્ગખંડ એનો મોજીલું વિશ્રામ ધામ.

જાતજાતની પ્રવૃત્તિઓ કરાવતો છબીલો

ઓળખે એને રાજ્ય, જીલ્લો, તાલુકો ગામ ....

પશ્ચિમી દરિયા કિનારાને કાંઠે વસેલું નાનકડું ખોબા જેવડું મિતિયાળા ગામ, ઘુઘવતા દરિયા કિનારે મત્સ્ય ઉદ્યોગ અને મીઠાના અગરમાં કાર્ય કરતો મજુર વર્ગ, મહેનતનો રોટલો કમાવાની વૃતિ ધરાવનાર, માણસોનો સમુદાય, ટંકનું લઈને ટકનું ખાનાર, આસપાસ ધમધોકાર ચાલતા ઉદ્યોગોનો ભંડાર, જેવા કે અલ્ટ્રાટેક સિમેન્ટ, રિલાયન્સ, સિન્ટેક્ષ મીઠા ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ જેવા સાથે સંકળાયેલ ગામ એટલે મિતિયાળા.....

આશરે ૩૫૦૦ ગામની વસ્તીના વર્ગમાંથી આવતા નાનકડા ભૂલકાઓને આવવું ગમે રમવું ગમે અને સાથે ભણવું ગમે તેવી શાળા કક્ષાએ અનેક પ્રવૃતિઓ કટકિયા રાઘવભાઈની મહેનતનું પરિણામ છે.વિદ્યાર્થીઓના મનગમતા વિષયોને પ્રવૃતિઓ સાથે જોડીને કઠીનથી સરળ તરફ લઈ જતા મુદાઓનું રમતા રમતા આનંદમય શિક્ષણ આપવાનો ઉત્તમ ઉદાહરણ એટલે શાળાકીય પ્રવૃતિઓ.

વિદ્યાર્થીઓનાં મૌલિક વિચાર,સર્જનકરવામાંની વિવિધ શક્તિઓનેબહાર લાવવા માટે તત્પર ન હોય.વિદ્યાર્થીઓમાં અનિયમિતતાનો અભાવ જોવા મળતો ત્યારે આપણી આસપાસની વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરીને તેમાંથી બેસ્ટ પ્રવૃત્તિ કઈ રીતે કરી શકાય અને તેનો ઉપયોગ શિક્ષણ સાથે સમન્વય કરવા માટે કટકિયા રાઘવભાઈ એ વેસ્ટ નાળિયેરની કાચલીના ઉપયોગ તરીકે ઈકોફ્રેન્ડલી સાયકલ કપ,મુખવાસદાની,મનુષ્યના ચહેરાઓ, વાટકા, બાકડો, કમંડળ, ડોલતી ઢીંગલી, બિલાડી, હોડી,પક્ષી માટેનું કુંડુ,નગારા જેવી ચીજવસ્તુઓ બનાવે છે. તેમજ કેરીના ગોટલાના ઉપયોગ તરીકે પતંગિયા,બગલો,ફ્લેમિંગો,ચકલી,મનુષ્યના ચહેરા,કાચબો,છત્રી,માછલી,વૃક્ષ,ઘુવડ,ટકટકિયું,ગામનું દ્રશ્ય વગેરે વસ્તુઓ બનાવીછે.બદામના ઠળિયા અને બાવળના સૂળના ઉપયોગ કરી હરણ બનાવ્યુ છે.તો ખાલી બોલપેનનો ઉપયોગ કરીને ખાટલો નિસરણી રપટીયુ, હિચકો વગેરે વસ્તુઓ બનાવી છે. કાપડનો ટુકડો અને દોરાનો ઉપયોગ કરીને સરસ મજાની ઢીંગલી બનાવી છે.દિવાસળીનો ઉપયોગ કરી સુંદર ઘર ટેબલ, ખુરશી આકારોનું સર્જન કરેલ છે.

પક્ષીઓના પીંછા પર પક્ષીઓના ચિત્રો પણ બનાવ્યા છે.પેન્સિલના સોલનો ઉપયોગ તરીકે ઢીંગલી, મોર, પતંગિયા ફુલ જેવા વગેરે ચિત્રોનો સરસ નિર્માણ કરેલું છે.ન્યૂઝપેપરના કટીંગ પર રીક્ષા જેવા ચિત્રો, લાકડાના ટુકડા પર પ્રાણી, પક્ષી, વૃક્ષોના ચિત્રો કંડાર્યા છે. વેસ્ટ સીડીનો ઉપયોગ કરી મોર તેમજ ગણિત ગમ્મતની પ્રવૃત્તિ બનાવી છે.પિસ્તા અને અખરોટના ફોતરાનો ઉપયોગ કરી કાચબાનું સર્જન કરેલું છે તેમજ ગણીત ઉપયોગી અંકોનુ લેખન કરેલ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

II Shree Swaminarayano Vijayte II

## ચાલો આદર્શ બનીએ

એક ડગલું ભારતના ઉજ્જવળ ભવિષ્ય તરફ
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત બાળઉત્કર્ષ અભિયાન

### પ્રસંગમ્ - ૪

### દીકરી બની પિતાના હૃદયનો ટુકડો



જાફરાબાદ તાલુકાનું મિતિયાણા ગામ કે જ્યાં પ્રાથમિક શાળામાં ભણતી શીતલ સાંખટ અને એના ભાઈ-બહેન (૫-૬-૭-૯ વર્ષની ઉંમરના) રહેતા હતા. એ શીતલના પિતાને ખેતી હોવા છતાં પણ ખેતી કરતાં ન હતા, ઉપરાંત એમની ધર્મપત્ની જે રોજબરોજ મજૂરી કરીને રૂપિયા લાવતા એ પણ રોજની ટેવ મુજબ દારૂમાં જ વેડફી નાંખતાં. અરે!!! ઘરમાં એના પિતાને રૂપિયા ૧૦ પણ જોવા મળે તો એ પણ દારૂ પાછળ જ ખર્ચી નાંખતા. શીતલ,

Email: cab.baps@gmail.com Contact: +91-706-906-5507

II Shree Swaminarayano Vijayte II

ચાલો આદર્શ બનીએ

એક ડગલું ભારતના ઉજ્જવળ ભવિષ્ય તરફ
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત બાળઉત્કર્ષ અભિયાન

ાઈ-બહેન અને તેની માતાને રોજ ઘરમાં શું જમવું તે પણ એક મોટો ્તો. અરે!!! તે પિતા તેમના સંતાનોને બહુ મારતાં અને ક્યારેક તો રાત્રે ઘરની બહાર કાઢી મૂકતા. આખી રાત શીતલ, તેના ભાઈ-બહેન અને ઓઢ્યા-પાથર્યા વિના રાત પસાર કરતાં. એવામાં જ BAPS સંસ્થા દ્વારા આદર્શ બનીએ' પ્રોજેક્ટ ની DVD અમારી શાળામાં આવતી હતી એ ાંથી પ્રેરણા લઈને અને શાળાના શિક્ષક રાઘવભાઈ દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત શીતલ અને તેના માતાએ પિતા સમક્ષ એક જીદ કરી કે 'જો તમે દારૂ બંધ નહી કરો તો અમે ઘરમાં અન્નનો સદાય માટે ત્યાગ કરીશું.' કોણ ા પરિવારની જીદ અને ભગવાનની કૃપાથી એ પિતાએ દારૂ પીવાનું છોડી ાત વર્ષે જ એમના ખેતરમાં સરગવાની ખેતી કરી રૂપિયા બે લાખ આવક અને એ આવક બચત માટે બેંકમાં મૂકી દીધી. આજે એ પિતા નજીકની ં ખેતી ઉપરાંત કામે જવા લાગ્યા છે અને પરિવાર સાથે વ્યસનમુક્ત જીવવા લાગ્યા છે. આમ, ચાલો આદર્શ બનીએ પ્રોજેક્ટથી વ્યસનથી થયેલ કુંટુંબ એક આદર્શ કુંટુંબ બની શક્યું. ખરેખર, આ 'ચાલો આદર્શ ' પ્રોજેક્ટ અને એક શિક્ષકે શીતલના પરિવારમાં દિન-દિન દિવાળી કરી

મિતિયાણા પ્રાથમિક શાળા,
તા.જાફરાબાદ, જિ.અમરેલી







# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :પરમાર અરવિંદભાઈ હરિભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો :બ્લોક રિસોર્સ સેન્ટર રાજુલા, તા. રાજુલા
- ઈનોવેટરનો મોબાઇલ નંબર –**9408453885**

## ॥ ચાલો,ચાલો,આપણે પણ ઓનલાઇન-ઓફલાઇન શિક્ષણ મેળવીએ ॥


રાજુલા તાલુકામાં કોરોના મહામારીના કારણે શાળા બંધ છે પણ શિક્ષણ શરૂ છે તેને સાર્થક કરવા, ધોરણ ૩ થી ૮ માં વર્ચ્યુઅલ શિક્ષણ કાર્યની શરૂઆત કરવામાં આવેલ. જેમાં શિક્ષક અને વિદ્યાર્થી પાઠ્યપુસ્તકના માધ્યમથી શિક્ષણ મેળવી રહ્યા હતા. આથી ધોરણ 1 અને 2 ના વર્ગ શિક્ષક પણ ઈચ્છતા હતા કે અમે પણ ઓનલાઇન શિક્ષણથી બાળકોને ભણાવીએ, પરંતુ શેરિંગ કરવા માટે અભ્યાસકાર્ડ અને સ્વ અધ્યયનપોથી અલગ હોવાથી બાળકોને ક્રમિક રીતે શિક્ષણ કાર્ય કરવું મુશ્કેલ હતું. આ મુશ્કેલીને નિવારવા માટે આ નાનકડો નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો.

જેમાં સૌપ્રથમ સમગ્ર શિક્ષા ગુજરાત રાજ્યની વેબસાઈટ ઉપરથી ધોરણ ૧ અને ૨ના ગુજરાતી અને ગણિતના અભ્યાસકાર્ડ અને  સ્વ અધ્યયનપોથી ડાઉનલોડ કરવામાં આવી ,ત્યારબાદ block mis હિતેશભાઈ કામળિયાના ટેકનીકલ સપોર્ટથી બંને વિષયની એકમ વાઈઝ અધ્યયન નિષ્પતિ સાથે અભ્યાસકાર્ડ અને સ્વ અધ્યયનપોથીના લેડર ક્રમ મુજબ તૈયાર કરીને સારી રીતે શેરિંગ કરીને શિક્ષણ મેળવી શકાય એ માટે એકમ વાઈઝ  પીડીએફ તૈયાર કરવામાં આવી. ત્યારબાદ માસ મુજબ સંભવિત એકમોની યાદી તૈયાર કરીને તાલુકાના અને રાજ્યના ધોરણ 1 અને 2 ના પ્રજ્ઞા શિક્ષકોના whatsapp ગ્રુપમાં મુકવામાં આવેલ. જે શિક્ષકો તેમના ધોરણના બાળકોને ઓનલાઇન શિક્ષણ આપી રહ્યા હતા તેમના માટે ખૂબ જ ઉપયોગી નીવડ્યું હતું. સાથે સાથ સ્વ અધ્યયન પોથી ઉપલબ્ધ ન હોવાના કારણે બાળકો ઘરે રહીને ફળિયા શિક્ષણમાં એકમ વાઈઝ શીખી  શકે એ હેતુથી જે શાળામાં ધોરણ એક અને બે ના બાળકોની સંખ્યા ઓછી હોય તેવી શાળાના બાળકોને પ્રિન્ટ કાઢીને આપી શકાય તેવા પણ પ્રયાસો કરવામાં આવ્યા. ત્યારે તાલુકાના અને રાજ્યના પ્રજ્ઞા ગ્રુપના શિક્ષકો અને બાળકોને આ સાહિત્ય ખૂબ જ ઉપયોગી જોવા મળ્યું ,જે શાળા ધોરણ એક અને બે ગુજરાતી અને ગણિતની એકમ વાઈઝ પુસ્તિકાના વર્ચ્યુઅલ અને જ્યાં ધોરણ-૧૨ના બાળકોની સંખ્યા ઓછી હોય ત્યાં પ્રિન્ટ કાઢીને આપી હતી. જે whatsapp ગ્રુપના માધ્યમથી જાણ થઈ તેના આધારે વર્ગના શિક્ષકોના હોમલર્નિંગનાં નીભાવેલ પત્રકો તથા અભિપ્રાયના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યુ.

કોરોના મહામારીમાં જેવી રીતે ધોરણ ૩ થી ૮ માં ઓનલાઈન અને ફળિયા શિક્ષણથી શીખી રહ્યા હતા તેવી જ રીતે, ધોરણ 1 અને 2 ના બાળકો પણ ગુજરાતી અને ગણિત વિષયમાં સંભવિત એકમ અંતર્ગત શિક્ષણ મેળવી રહ્યા હતા જેનો અમને ખૂબ જ આનંદ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી














# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :શ્રી કોકીલાબેન ગિરજાશંકર જોષી
- ઈનોવેટરની શાળા અને તાલુકો :વડનગર એક પ્રાથમિક શાળા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર –73595 11373

# ॥ ઝોળી પુસ્તકાલય ॥

શિક્ષક તો અર્કવાળો, તર્કવાળો, મધુપર્કવાળો અને વિદ્યાર્થીઓના સતત સંપર્કવાળો હોય. પૂ. મોરારીબાપુના શબ્દો સાકારીત કરવાની નેમ અને જ્ઞાનાત્મક, કૌશલ્યાત્મક, ભાવાત્મક, ચરિત્રાત્મક, અને સર્જનાત્મક, એમ પંચકૌશલ્યનો વિકાસ સાથેનો આ નવતર પ્રયોગ. પુસ્તકાલય ખરેખર પુસ્તક + આલય એ બે શબ્દો મળીને બને છે. પુસ્તકાલય એટલે સરસ્વતી માતાનું મંદિર દિવાથી દીવો પ્રગટાવીને હજારો દીપકની જ્યોતનો અજવાસ ઉર્ધ્વગામી સંકલ્પોની સાથે આગળ વધવાનું ઈજન આપે છે. નવતર જોશ અને હોશ સાથે બાળકોના જીવનનાં દ્વાર ખખડાવવા ઝોળી લઈને કોરોના જેવી વૈશ્વિક મહામારીના કપરા સમયમાં એક શિક્ષિકાબેન નીકળી પડ્યા છે. જમને ખંભે ઝોળી છે, સાથે બાળકોની ટોળી છે. એરિયાના એક એક ઘરે જઈને ભીક્ષા દેહી કહેવાને, બદલે આવો જ્ઞાન લઇ જાવ આવો પ્રેમ લઈ જાવ, આવો સમજણની સુવાસ લઈ જાવ, આવો હોશે હોશે ભણતરનું ભાથુ બાંધો એમ બોલીને પોતાની ઝોળીમાં રહેલા પુસ્તકો કે જે વાર્તાની ચોપડીઓ છે તે બાળકોને અને મોટેરા વાલીઓને આપેછે. આવી રીતે દર શનિવારે એરિયામાં ઝોળી ફરે છે, બાળકો શનિવારની રાહ જોવે છે. મનગમતા પુસ્તકો વાંચવામાંનો ઘરે બેઠા લહાવો મળતા ખુશી અનુભવે છે. વાંચેલા પુસ્તકો વિશે પાંચ છ વાક્યોમાં બોલી પણ શકે છે. આવી રીતે ઝોળી પુસ્તકાલય દ્વારા બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય છે. વાર્તાઓ દ્વારા બોધ મળે છે જીવન ઘડતર થાય છે કોરોના જેવા કપરા સમયમાં બાળકો પોતાના ઘરે જ બેસી રહેતા વાલીઓને પણ આ નવતર પ્રયોગ ખૂબ ગમ્યો છે. વાલીઓ પણ આ નવતર પ્રયોગથી વાંચન તરફ વળ્યા છે.

કહેવાય છે ને કે એક ચિત્રમાં હજાર શબ્દોનું મૂલ્ય હોય છે આ શબ્દો કોઇ સામાન્ય ન હોતા આ શબ્દો લાગણીઓ અને વિચારોને પ્રતિબિંબિત કરે છે. એટલે નાના બાળકો માટે અઢળક ચિત્રવાર્તાઓ પણ ઝોળીમાં સમાવેશ કરેલ છે. બાળકો ચિત્ર વાર્તાઓ દ્વારા ઘણું બધું શીખી શક્યા છે.





# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી












# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :જીજ્ઞેશકુમાર નવનીતરાય ઉપાધ્યાય
- ઈનોવેટરની શાળા અને તાલુકો :શ્રી છતડીયા પ્રા અમરેલી. જિ, રાજુલા. તા, શાળા.
- ઈનોવેટરનો મોબાઈલ નંબર -૯૪૨૯૦ ૭૮૫૫૬

## ॥ માસ્કમેકીંગના અલગ નજરીયાથી ॥

**કોયલ કૂંજે કુંજમાં,ને રેલે પંચમ સૂર,વાગે વન વન વાંસળી ,કોયલ કુંજે કુંજમાં,ને રેલે પંચમ સૂર.**
**વાગે વન વન વાંસળી ,મારું પલ પલ વીંધે ઉર.**

આ નવતર પ્રયોગ જયારે મારી શાળામાં ધોરણ-૪ કુહુનું નવું પાઠ્યપુસ્તક આવ્યું ત્યારથી કૈક અલગ રીતે આ પાઠ્યપુસ્તકને ભણાવવું એવું વિચારેલું, મોટેભાગે નવા પાઠ્યપુસ્તકને લઈને દરેક શિક્ષકશ્રીના મનમાં જિજ્ઞાશાવૃતિ, રોમાંચ,નવી-નવી પ્રવૃતિઓને જાણવાની અને માણવાની તાલાવેલી જોડાયેલી હોય છે.આ નવા પાઠ્યપુસ્તકને જોતાજ ખૂબજ ગમી જાય એવું બનાવવમાં આવેલું છે.પાઠ્યપુસ્તાકના પ્રથમ પેઈજ ઉપર નર કોયલનું સુંદર ચિત્ર મુકવામાં આવ્યું છે.અને પાછળના પેઈજ ઉપર કોયલ વિશેની રસપ્રદ્ર માહિતી આપવામાં આવેલી છે.નામ પણ કેટલું સાર્થક કે નર કોયલનો મીઠો અવાજ એટલે –"કુહુ" ત્યારેજ આ પાઠ્યપુસ્તાકને કાઈક નવીનતમ રીતે બાળકોની સામે રજુ કરવું એવો વિચાર જન્મેલો જે માસ્કમેકીંગના અલગ નજરીયાથી એક નવતર પ્રયોગ તરીકે આપની સમક્ષ મૂકી રહ્યો છું.

આ નવતર પ્રયોગ દ્વારા ધોરણ ૪ કુહુ પાઠ્યપુસ્તકના પ્રથમ સત્રના બધાજ એકમો જેવા કે ,૧ .ખિસ્સામાં પહેલવાન, તેને તે ઉગશે ?,શંખલાની બહેન છીપલી,સિંહ ઘૂઘવે બકરો ભાગે,પવન ખીજાય તો ગોળ ઝાપટો વગેરે એક્મોના દરેક પાત્રોના માસ્ક બનાવવામાં આવ્યા.એકમ એક ના પાત્રો જોઈએ તો, ખિસ્સું ,સુરજદાદા, દરજીભાઈ, ધોબીભાઈ અને નીરજભાઈના ચિત્રો મુજબ કાર્ડપેપેરની મદદથી માસ્ક બનાવવમાં આવ્યા.આ માસ્ક પેહરીને ધોરણ ૪ના બાળકોની સામે એક એક પાત્રના સવાંદો અભિનય સાથે રજુ કરવામાં આવ્યા.બાળકોને તો મજા પડી ગઈ.પાઠના સવાંદો તથા વાર્તા બાળકોને સહજતાથી યાદ રેહવા લાગ્યા.પશ્નોતારી કરતી વખતે પણ બાળકો ખૂબ ઉત્સાહપૂર્વક માસ્કમેકીંગથી શીખેલી બધીજ વિગતોના સચોટ જવાબ આપતા જોવા મળ્યા.

આ પ્રયોગથી બાળકોના સર્વાંગીણ વિકાસ નાં ધ્યેય સિદ્ધ થયા.તેમની શીખવાની ક્ષમતા અને આત્મવિશ્વાસમાં વધારો થયેલ જણાયો.તેમનું જ્ઞાન વધારે ચોક્કસ અને સચોટ બન્યું.બાળકોમાં સર્જનશક્તિનો વિકાસ શરમ, સંકોચ, ડરને દૂર કરી વર્ગમાં મુક્ત વાતાવરણ ઉભું કરી શકાયુ.અને કસોટીમાં બાળકો પાઠ આધારિત પ્રશ્નોના જવાબ ખૂબજ સહેલાઈથી આપી શકતા જોવા મળ્યા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી













# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :દીક્ષિત કેતનકુમાર લલિતભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો :બી.આર.પી.પ્રજ્ઞા ,બી.આર.સી.ભવન, બગસરા
- ઈનોવેટરનો મોબાઇલ નંબર -૯૪૨૮૬૧૬૩૨૬

# ॥ પ્રજ્ઞા ધોરણ - ૧ અને ૨ ના એકમનું નિર્માણ ॥

## (મોબાઈલ પોકેટ બુક)

કોરોના મહામારીના કારણે સરકારશ્રી દ્વારા ધોરણ ૧ અને ૨ માં ઓનલાઈન અને શેરી શિક્ષણ દ્વારા પ્રજ્ઞા શિક્ષકો દ્વારા પ્રજ્ઞા વર્ગના બાળકો સાથે શૈક્ષણિક કાર્ય થઇ રહેલ હતું, આ સમયગાળામાં પ્રજ્ઞા વર્ગ માટેની સ્વઅધ્યયન પોથીની રાજયકક્ષાએથી ફાળવણી કરાયેલ ન હતી, તેમજ શેરી-શિક્ષણ તથા ઓનલાઈન શૈક્ષણિક કાર્યમાં પ્રજ્ઞાવર્ગના અભ્યાસકાર્ડની જરૂરીયાત ઉભી થવાથી શિક્ષકોને શૈક્ષણિક કાર્યમાં ખુબ મુશ્કેલી પડી રહેલ,

આ સમયગાળામાં બ્લોક કક્ષાએથી ધોરણ ૧ અને ૨ નાં ગુજરાતી અને ગણિત વિષયના એકમ આધારિત જરૂરી એવા તમામ અભ્યાસ-કાર્ડ તથા સ્વઅધ્યયનપોથીના કાર્ડને ક્રમશઃ ગોઠવી એકમ આધારિત મોબાઈલ પોકેટ બુક તૈયાર કરી સમગ્ર તાલુકાના પ્રજ્ઞા શિક્ષકો માટે કાર્યરત વોટ્સએપ ગ્રુપમાં મોકલી આપેલ.

આ પોકેટ બુકનો ઉપયોગ પ્રજ્ઞા વર્ગના શિક્ષકોએ ઓનલાઈન તથા શેરી શિક્ષણમાં, આ ઉપરાંત શાળા કક્ષાએ કાર્યરત વિદ્યાર્થીઓના વોટ્સેપ ગ્રુપમાં મુકીને ગૃહકાર્યમાં તથા ઘેરે બેઠા શિક્ષણમાં ઉપયોગ કરેલ.

હાલ ઓફલાઈન શિક્ષણમાં સ્વાધ્યાયપોથી મોડી પ્રાપ્ત થવાથી સ્વા.પોથીના કાર્ડ પ્રિન્ટ સ્વરૂપે તાલુકાની મોટાભાગની શાળાઓએ બાળકોને શિક્ષણ માટે આપેલ, તથા અભ્યાસકાર્ડ કોઈ શાળામાં ફાટી-તૂટી કે ખોવાઈ ગયેલ હોય તેવી શાળાઓમાં આ પોકેટ બુકની મદદથી અભ્યાસકાર્ડની પ્રિન્ટ કાઢીને ઓફલાઈન શિક્ષણકાર્યમાં વર્ગખંડમાં ઉપયોગમાં લેવાઈ રહેલ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



## શ્રી બી.આર.સી. ભવન–બગસરા

ધોરણ–૧ (પ્રજ્ઞા વર્ગ)

વિષય :– ગુજરાતી

એકમ–૧ કાગડો અને શિયાળ

સંભવિત દિવસ–૧૩

**:: માર્ગદર્શક ::**

શ્રી પ્રકાશભાઈ બી.ભટ્ટી(સ્ટેટ રીસોર્સ પર્સન–ગાંધીનગર)

શ્રી કનુભાઈ એમ.જાદવ( જિલ્લા ઓ.આઈ.સી.P&M–અમરેલી)

**:: તૈયાર કરનાર ::**

જગદિશભાઈ બી. વેકરીયા – બી.આર.સી. કો. ઓ. બગસરા


કેતનકુમાર એલ. દિક્ષીત – બી.આર.પી. પ્રજ્ઞા

નિકુંજભાઈ બી. જાદવ – ડી.આર.જી. પ્રજ્ઞા


પ્રફુલભાઈ કે. સાવલીયા – શાળા નં–૩

BRC BHAVAN –BAGASARA,AMRELI

આ અભ્યાસકાર્ડમાં ચિત્ર અને તે ચિત્રનું નામ તથા તે ચિત્રનો પ્રથમ મૂળાક્ષરનો બાળકને વારંવાર બતાવી ગ,મ,ન,જ નો મહાવરો કરાવવો.




- 'આરબ અને ઉંટ'ની વાર્તા દ્વારા અંદર અને બહારની સમજ આપવી.





## શ્રી બી.આર.સી. ભવન–બગસરા

ધોરણ–૧ (પ્રજ્ઞા વર્ગ)

વિષય :– ગણિત

એકમ–૧ આકૃતિ અને સ્થાન

સંભવિત દિવસ–૧૦

**:: માર્ગદર્શક ::**

શ્રી પ્રકાશભાઈ બી.ભટ્ટી(સ્ટેટ રીસોર્સ પર્સન–ગાંધીનગર)

શ્રી કનુભાઈ એમ.જાદવ (જિલ્લા ઓ.આઈ.સી.P&M–અમરેલી)

**:: તૈયાર કરનાર ::**

કેતનકુમાર એલ. દિક્ષીત – બી.આર.પી. પ્રજ્ઞા

નિકુંજભાઈ બી. જાદવ – ડી.આર.જી. પ્રજ્ઞા

પ્રફુલભાઈ કે. સાવલીયા–શાળા નં–૩ બગસરા

રજનીકાંત જી.ઉનડકટ–હામાપુર પે.શાળા

B.R.C. BHAVAN – BAGASARA . AMRELI

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ :ખાત્રોજા લાલજીભાઈ અમરશીભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો :દામનગર પે સેન્ટર શાળા નં. 1 તા.- લાઠી
- ઈનોવેટરનો મોબાઈલ નંબર : – 9429686525

## ॥ શિક્ષક બાળકના આંગણે ॥

અમારી શાળા શ્રી દામનગર પગાર કેન્દ્ર શાળા નં.1માં માર્ચ 2020 માં કુલ ૩૫૪ બાળકો અભ્યાસ કરતા હતા.લોકડાઉનઅને કોરોના કાળની સમસ્યા વખતે આ બધા જ બાળકો સુધી પહોંચવું લગભગ અશક્ય હતું.અંદાજે ૨૦ હજારથી વધુ વસ્તી ધરાવતા આ ગામમાંઅને જુદા જુદા ૩૬ વિસ્તારોમાંથી આવતા આ બાળકો સુધી કોઈપણ વાત પહોંચાડવી,સાહિત્ય પહોંચાડવું કે અભ્યાસ સાથે જોડાયેલ રાખવામાં દરેક શિક્ષકને ખૂબ જ મુશ્કેલી અને સમય માંગી લે તેવું કાર્ય બની રહેલ. ૩૫૪ બાળક સુધી ફક્ત એકજ વાર પહોંચવામાં ૧૧શિક્ષકોને ૪ દિવસ જેવો સમય લાગ્યો, દરેક વિસ્તારમાંથી શાળાના બાળકો આવતા હોવાથી દરેક શિક્ષકને લગભગ સમગ્ર ગામમાં ફરવાનું થયું અને છતાં પણ કોઈ ઘર બંધ હોય,કોઈ ઉપકરણ ન ધરાવતા હોય એવા બાળકોને મળવાનું શક્ય ન બન્યું.આ પરિસ્થિતિ નિવારવા માટે દામનગરના જુદા જુદા ૩૬ વિસ્તારો કે જેમાંથી અમારી શાળામાંજે બાળકો ભણવા આવતા હતા તે વિસ્તાર પ્રમાણે બાળકોન યાદી તૈયાર કરવામાં આવી.૩૫થી ૪૦ બાળકોનું જૂથ બને તે રીતે ૧૧ ગ્રુપ બનાવવામાં આવ્યા.આવી રીતે ૩ થી ૫ વિસ્તારનું જૂથ બનાવ્યું કે જેમાં ૩૫ જેટલા આજુબાજુ રહેતા બાળકોનો સમાવેશ થતો.૧૧ જેટલા સ્થળોએ આ બાળકો એકઠા થતા.

આ પદ્ધતિથી પરીક્ષાના પ્રશ્નપત્રો, ઘરેશીખીએ બૂક, શેરીશિક્ષણમાં આવવાનુંછે એવા મેસેજ,અનાજ વિતરણ અંગેની સુચના, દિક્ષાએપ ઈન્સ્ટોલેશન, માઈક્રોસોફ્ટટીમ્સ ઈન્સ્ટોલેશન,વિજ્ઞાન મેળા અને સ્વાતંત્ર્ય પર્વ જેવા તહેવારોની વર્ચુઅલ ઉજવણી, વિશ્વ સિંહ દિવસની ઉજવણી, N.M.M.S. તથા નવોદયપરીક્ષાની સમજ,એકમ કસોટીના પેપર વિતરણ તથા એકમ કસોટી પરત મેળવવી, જ્ઞાનસેતુ પુસ્તક વિતરણ, પુસ્તકાલયના પુસ્તકોની લેવડ-દેવડ,ડીજીટલ ઉપકરણ બાબત, વેક્સીનેશનની વાલીઓને સમજ આપી જાગૃત કરવા, કોવીડ-19ની સરકારની S.O.P. બાબત બાળકોની સુરક્ષા અંગે બાળકો તથા વાલીઓને સમજ વગેરે જેવી માહિતી પહોંચાડવા એક ગ્રુપ દીઠ માત્ર એક જ બાળક/વ્યક્તિને મેસેજ આપવાનો રહેતો, જેથી એ બાળક પછીના બે બાળકના ઘરે જઈ તે મેસેજની વિગતવાર બીજા બાળકને વાત કરતો તથા જરુરી સમજ આપતો જેથી આ લોકડાઉન તથા શાળા બંધ રહેવાના સમયમાં “શાળા બંધ છે ,શિક્ષણ નહિ” સુત્રને સાર્થક કરવામાં મહત્વની સફળતા મેળવવા ખૂબજ સમયનો બચાવ રહ્યો અને દરેક બાળક સુધી પહોંચવામાં બાળકની મુશ્કેલી સમજવામાં સરળતા રહી.

કોરોના મહામારીમાં અભ્યાસ ન અટક્યો, ધોરણ ૧ થી ૮ના તમામ બાળકોને અભ્યાસ પ્રત્યે રૂચિ જળવાઇ રહી,વર્ગખંડમાં ભણતા હોય તેવા જ અનુભવો પુરા પાડવામાં આવ્યા, છેવાડાના ઉપકરણ વગરના બાળક પણ શિક્ષણથી વંચિત ન રહ્યા તથા કોઈપણ પ્રકારના ઉપકરણન ધરાવતું બાળક પણ શિક્ષણ મેળવતું થયું,વર્ચુઅલ વિજ્ઞાન મેળો,સ્વતંત્રતા દિવસની ઉજવણી જેવા કાર્યક્રમો થયા.શેરી શિક્ષણ દ્વારા બાળકો વાંચન ગણન લેખન કરતા થયા,પ્રાઈવેટ શાળાઓમાંથી આજ સુધી **૧૨૩** બાળકો આ પ્રવૃત્તિ જોઈને અમારી સરકારી શાળામાં દાખલ થયા,પુસ્તકાલયના પુસ્તકો બાળકના ઘર સુધી પહોંચાડ્યા અને બાળકને વાંચતા કર્યા,અનાજ વિતરણ જેવી કામગીરી ખૂબ જ ઓછા સમયમાં પૂર્ણ કરી.આજના સમયે પણ વર્ગખંડ કાર્યમાં દરેક ધોરણમાં આ પદ્ધતિથી કાર્ય પ્રવૃત્ત છે જેથી એકમ કસોટી,નિપુણ ભારત કાર્યક્રમ,ગૃહકાર્ય કે અન્ય કોઈ પણ કાર્ય ખૂબ જ ઓછા સમયમાં અને સરળતાથી કરી શકીએ છીએ.

અમારા આ કાર્યની નોંધ વર્તમાનપત્રો તથા સ્થાનિક ન્યુઝચેનલો દ્વારા પણ લેવામાં આવી.જે આપ નીચેના Q.R.Code દ્વારા નિહાળીશકશો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી





# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી





## દામનગરના વિવિધ વિસ્તારોમાં બાળકોને અપાતું શેરી શિક્ષણ



**અબતક, નટવરલાલ ભાતીયા,દામનગર**

દામનગર શહેર ની મોર્ડન ગ્રીન તાલુકા શાળા નં ૧ ના શિક્ષકો નો નવતર પ્રયોગ મહર્ષિ પદ્ધતિ ની પ્રતીતિ કરાવતું શેરી શિક્ષણ (માં) જેટલું સ્તર ધરાવતા માસ્તરો દ્વારા શહેર ના વિવિધ વિસ્તારો સીતારામનગર જે.ડી પાર્ક વેજનાથનગર સહિત ના બાળકો ને પ્રકૃતિ ના ખોળે વૃક્ષો નીચે શેરી શિક્ષણ આપવા નું શરૂ કર્યું

મહર્ષિ પદ્ધતિ ની પ્રતીતિ કરાવતા શેરી શિક્ષણ થી બાળકો અને વાલી ઓમાં ખુશી ની લાગણી વ્યાપી છે

કોવિડ ની મહામારી ના લાંબા સમય થી બંધ રહેલ પ્રાથમિક શાળા થી બાળકો ના ભવિષ્ય ની ચિંતા વાલી ઓને સતાવી રહી હતી પણ પ્રાથમિક શાળા ના (માં) જેટલું સ્તર ધરાવતા માસ્તરો ની મમતા સાથે આવતા ભવિષ્ય નું સુંદર ઘડતર કરતા રાષ્ટ્ર ના ખરા ઘડવૈયા એ સોશ્યલ ડિસ્ટન્ટ સાથે શેરી શિક્ષણ થી ખૂબ ખુશી [illegible]

## દામનગર ના વિવિધ વિસ્તારોમાં મહર્ષિ પદ્ધતિ ની પ્રતીતિ કરાવતું શેરી શિક્ષણ શરૂ (માં) જેટલું સ્તર ધરાવતા માસ્તરો નો નવતર પ્રયોગ



**સીટી સમાચાર**
**નટવરલાલ જે ભાતિયા**

દામનગર શહેર ની મોર્ડન ગ્રીન તાલુકા શાળા નં ૧ ના શિક્ષકો નો નવતર પ્રયોગ મહર્ષિ પદ્ધતિ ની પ્રતીતિ કરાવતું શેરી શિક્ષણ (માં) જેટલું સ્તર ધરાવતા માસ્તરો દ્વારા શહેર ના વિવિધ વિસ્તારો સીતારામનગર જે.ડી પાર્ક વેજનાથનગર સહિત ના બાળકો ને પ્રકૃતિ ના ખોળે વૃક્ષો નીચે શેરી શિક્ષણ આપવા નું શરૂ કર્યું

મહર્ષિ પદ્ધતિ ની પ્રતીતિ કરાવતા શેરી શિક્ષણ થી બાળકો અને વાલી ઓમાં ખુશી ની લાગણી વ્યાપી છે કોવિડ ની મહામારી ના લાંબા સમય થી બંધ રહેલ પ્રાથમિક શાળા થી બાળકો ના ભવિષ્ય ની ચિંતા વાલી ઓને સતાવી રહી હતી પણ પ્રાથમિક શાળા ના (માં) જેટલું સ્તર ધરાવતા માસ્તરો ની મમતા સાથે આવતા ભવિષ્ય નું સુંદર ઘડતર કરતા રાષ્ટ્ર ના ખરા ઘડવૈયા એ સોશ્યલ ડિસ્ટન્ટ સાથે શેરી શિક્ષણ થી ખૂબ ખુશી વ્યાપી જવા પામી છે

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : વેકરીયા જગદીશભાઈ બી.
- ઈનોવેટરની શાળા અને તાલુકો : બી.આર.સી.ભવન, બગસરા
- ઈનોવેટરનો મોબાઇલ નંબર – ૯૪૨૭૭ ૪૫૩૯૦

## ॥ પ્રજ્ઞા ધોરણ -૧ અને ૨ ના એકમનું નિર્માણ ॥
## (યુટ્યુબના માધ્યમથી વિડીયો સીરીઝ)

કોરોના મહામારીના સમયગાળામાં ધોરણ ૩ થી ૮ માં બાળકો સાથે ટીમ્સના માધ્યમથી ઓનલાઈન શિક્ષણ કાર્ય સંતોષકારક રીતે થઇ રહેલ જોવા મળેલ પરંતુ ધોરણ ૧ અને ૨ માં બાળકોની વયકક્ષાના આધારે ટીમ્સમાં જોડવા બાળકો અને શિક્ષકો માટે મુશ્કેલ બની રહેલ હતું,

દુરદર્શનના માધ્યમથી, દીક્ષા એપ્લીકેશનની શૈક્ષણિક લિંક, હોમ વિઝીટ દ્વારા પ્રજ્ઞા શિક્ષકો દ્વારા કાર્ય થઇ રહેલ હતું, આમ છતાં પણ ઘણા-બધા બાળકોને ટીવી. તથા મોબાઈલની સુવિધા ન હોય, એવા બાળકોને પોતાની નવરાશ અને અનુકુળતા મુજબ ઘેરબેઠા એકમ આધારિત પ્રજ્ઞા શિક્ષણકાર્ય મળી રહે એ હેતુથી બગસરા તાલુકાના ઉત્સાહી પ્રજ્ઞા શિક્ષકો પાસેથી બ્લોક કક્ષાએથી આરંભના પાંચથી છ એકમોની વિડીયો સીરીઝ બનાવી વોટ્સએપના માધ્યમથી પ્રજ્ઞા શિક્ષકો તથા પ્રજ્ઞા વર્ગના બાળકો માટે શિક્ષણમાં મદદરૂપ બની રહે તે હેતુસર વિડીયો સીરીઝનું નિર્માણ કરેલ, જેનો લાભ તાલુકાની તમામ શાળાના વિદ્યાર્થીએ મેળવેલ અને અન્ય લોકોએ પણ યુટ્યુબના માધ્યમથી બાળકોને અભ્યાસમાં જોડેલ.



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : શ્રી ગેવરિયા સોનલબેન કાનજીભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : ઈંગોરાળા પગાર કેન્દ્ર શાળા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9638695458

# ॥ અંક કાર્ડ ॥

ગીર કાઠાનું ગામ, દાનવીરોની ભૂમિ એવું મોટા સમઢીયાળા ગામ, આ ગામમાં આવેલી અત્યાધુનિક શાળા એવી માતુશ્રી વાલુબેન મેઘજીભાઈ નાથુભાઈ પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી ગેવરિયા સોનલબેન કાનજીભાઈ દ્વારા નાના બાળકોના પાયાના જ્ઞાનને વધુ સુદ્રઢ કરવા માટે એક નવતર પ્રયોગ રૂપે અંક કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો જેની માહિતી આપ સૌને જણાવતા ખુબ આનંદ થશે.

જ્યારે બાળકો અંકજ્ઞાન વ્યવસ્થિત ધરાવતા ન હતા, જયારે પણ તેમને અંક પૂછવામાં આવે ત્યારે તેઓ એકડે બગડે બાર, બે તગડા તેત્રીસ, આવી રીતે જવાબ આપતા અને ગોખણપટ્ટી કરતા.

મોટા સમઢીયાળા પ્રાથમિક શાળા દ્વારા બાળકોને પાયાનું અંક જ્ઞાન દ્રઢ બને અને ગોખણ પટ્ટીથી દૂર રહે અને આધુનિક રીતે (પ્રજ્ઞા અભિગમ મુજબ ) ૨૦ ને ૨ બાવીસ, ચાલીસને ૧ એકતાલીસ .... આવી રીતે અંકો યાદ રાખે તે માટે સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ૧ થી ૯ અંકો અને સાથે ૧૦,૨૦,૩૦,૪૦,૫૦,૬૦,૭૦,૮૦ અને ૯૦ના અંકોની પણ પ્રિન્ટ કાઢી પરંતુ આ પ્રિન્ટ એક કાગળમાં એક અંક આવે એ રીતે કાઢી તેમનું લેમીનેશન કરવામાં આવ્યું હવે ૧૦,૨૦,૩૦.....અંકોના કાગળમાંથી ૦ને વર્તુળમાં કાપી લીધા. હવે આ કાર્ડ અંકજ્ઞાનના શિક્ષણ માટે તૈયાર છે.

બાળકોને ૧ થી ૯ અંકનું અંકજ્ઞાન શીખી ગયા બાદ આં કાર્ડનો ઉપયોગ કરવો જેમાં બાળકો ૧૦,૨૦,૩૦...ના અંકો જેમાંથી ૦ને કાપી લીધોછે એવા અંક કાર્ડને ૧થી ૯ અંકના કાર્ડ પર રાખતા જશે જેનાથી ૨૨, ૨૪, ૩૬, ૮૮, ૮૬, જેવા અંકો બનશે અને સાથે સાથે બોલતા પણ જશે કે વીસને બે બાવીસ, વીસને ચાર ચોવીસ વગેરે .......

આ અંક કાર્ડના ઉપયોગ પહેલા બાળકો ગોખણપટ્ટી કરતા અને જયારે તેને પલાખા પૂછવામાં આવતા ત્યારે તે આખી લાઈન બોલે ત્યાર બાદ જે તે પલાખાના જવાબ આપી શકતા. આ કાર્ડના ઉપયોગથી ગોખણ પટ્ટી દૂર થઈ અને પલાખાનો જવાબ સીધો આપી શકતા થયા છે અને અંક જ્ઞાન આધુનિક પદ્ધતિથી શીખવામાં સરળતા રહી છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

૦ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯

| | | |
|---|---|---|
| ૧૦ | ૨૦ | ૩૦ |
| ૪૦ | ૫૦ | ૬૦ |
| ૭૦ | ૮૦ | ૯૦ |
| ૧૫ | ૮૩ | ૯૯ |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : શ્રી મકવાણા સંજયભાઇ મેરૂભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : શ્રી ચારોડિયા પ્રાથમિક શાળા તારાજુલા.
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9824818280


# ॥ આત્મનિર્ભર શાળા ॥

રાજુલા તાલુકા મથકેથી ૮ કિલો મીટર દુર આવેલું ચારોડિયા ગામ. આ ગામની પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ ના ૧૧૫ જેટલા બાળકો અભ્યાસ કરે છે. શાળાના બાળકોની શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરવા પાયાના પથ્થર બની શાળા પરીવાર અથાગ પ્રયત્નો કરે રહ્યા છે.વાત કરીએ તો છેલ્લા ૨૦ મહીનાથી કોરાના મહામારીમાંથી લોકો પસાર થઇ રહ્યા છે. ગામથી લઈ શહેર અને દેશમાં ધંધા રોજગાર, લોકોનું જીવન અસ્ત વ્યસ્ત થયું છે. આર્થિક રીતે ભાંગી પડેલ પરીવારને આપના દેશના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના નેતૃત્વમાં આત્મનિર્ભર ભારત અંતર્ગત આ નવતર પ્રયોગ કરવાની પ્રેરણા મળી. શાળામાં આવતા ૭૦ ટકા જેટલા બાળકોના માતા પિતાનો પરિવાર મજૂરી કરીને રોજગાર મેળવે છે.

છેલ્લા છ મહિનાથી ધોરણ ૬ થી ૮નું શિક્ષણકાર્ય શરૂ થયું છે ત્યારે મે પોતાના સ્વખર્ચે પેન બનાવવાનું મશીન રૂપિયા ૧૫,૫૦૦માં ખરીદેલ જેનું મેન્યુફેક્ચર પશ્ચિમ બંગાળ રાજ્યનું છે. આ મશીનની સાથે ૧૦૦૦ નંગ પેન બનાવવાનું રો-મટિરિયલ્સ સાથે આવે છે. સૌ પ્રથમ ધોરણ ૬થી૮ના બાળકો પોતે સ્વનિર્ભર બને તે હેતુથી બાળકોના પાંચ–પાંચના જૂથમાં રિશેષના સમયમાં મશીન દ્વારા પેન બનાવે છે. દરેક બાળક ૧૦૦ પેન બનાવે તેને રૂપિયા ૧૦ રોકડ રકમ તેમજ બે પેન આપવામાં આવે છે. જ્યારે રોકડ મળેલ રકમ શાળામાં બચત ખાતામાં જમા કરવામાં આવે છે. જ્યારે બાળકને નોટબુક, પેન તેમજ જરૂરિયાત મુજબની સ્ટેશનરીની ખરીદી પોતાના બચત ખાતામાંથી રકમ ઉપાડી રામહટમાંથી કરે છે. શિક્ષણની સાથે સાથે આત્મનિર્ભર પણ બને છે. અમારી શાળામાં છેલ્લા ત્રણ વર્ષથી બચત ગલ્લા બેન્કનો નવતર પ્રયોગ હાલ શરૂ છે. પ્રથમ વર્ષે રૂપિયા ૩૪૦૮૨ જેટલી માતબર રકમ બચત કરેલ હતી, જેમાં થોડી ઘણી રકમ ઉમેરીને રૂપિયા ૪૮૨૨૦ જેટલી રકમ દરેક બાળકે પોતાના બેન્ક ખાતામાં જમા કરાવેલ છે. કોરોનાના કારણે શાળા બંધ હોય, આ વર્ષે બચત ગલ્લા બેન્કમાંથી ૩૪૩૯૫ જેટલી રકમ બાળકોએ બચત કરેલ છે. આ આત્મનિર્ભર નવતર પ્રયોગ પેન બનાવવાની સાથે આજુ બાજુની શાળાઓ આ કાર્યને જોઈને પોતાની શાળાના બાળકો પણ આત્મનિર્ભર બનવા પ્રેરાયા છે. બીજી શાળાઓ પેનની ખરીદવા ઓર્ડર આપે છે. લગભગ ૧૦૦૦ જેટલી પેનનું વેચાણ કરેલ છે. અને રૂપિયા ૧૫૦૦નો નફો થયેલ છે.નફાની મળેલ રકમ શાળામાં રામહાટ માટે જરૂરી સ્ટેશનરી તેમજ પેનનું રો-મટિરિયલ ખરીદવામાંટે કરેલ છે. સાથે સાથે પેન બનાવવાના કાર્યના મહેનતાણાનાં રૂપિયા ૧૦ લેખે બાળકો શાળાના બચત ખાતામાં જમા કરાવ્યા છે. ચારોડિયા તેમજ મોટી ખેરાળી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮નાં ૭૫ જેટલા બાળકોએ આ પેન બનાવવામાં ભાગ લીધેલ છે. તાલુકાની અન્ય શાળામાંથી આ પેન ખરીદવા માટે ઓર્ડર પણ મળેલ છે. આ નવતર પ્રયોગથી શિક્ષણની સાથે આત્મનિર્ભર બની તેમના જીવન કૌશલ્યનો વિકાસ થાય છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી











# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી













# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : સોલંકી શૈલેશકુમાર ધીરુભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : શ્રી મોટા બારમણ પ્રાથમિક શાળા તાલુકો - ખાંભા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9725536500

## ॥ સહ શૈક્ષણિક પ્રવ્રતિ પ્રાર્થના વિભાગ ॥

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાની શ્રી મોટા બારમણ પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૦૭થી ફરજ બજાવતા શ્રી શૈલેષકુમાર ધીરુભાઈ સોલંકીને સહ શૈક્ષણિક પ્રવૃતિમાં જેમાં પ્રાર્થના વિભાગમાં તમામ પ્રવૃતિ જેવી કે યોગ ,પ્રાર્થના, ધૂન, બાલગીત, જોડકણા, કાવ્યગાન, ઘડીયાગાન, વકૃતત્વ સ્પર્ધા, લગ્નગીત અને ભજન વિગેરે.. ગુણોત્સવમાં ૨.૦ મૂલ્યાંકન સમયે જ્યારે એસ.આઇ. આવે ત્યારે સહ શૈક્ષણિક પ્રવૃતિમાં પ્રાર્થના વિભાગની ચકાસણી થાય છે જેમાં શાળાએ ૫ ગુણ મેળવવાના હોય છે.ત્યારે આપણી શાળાના અયોગ્ય આયોજનના અભાવે આપણે તે માર્ક્સ મેળવી શક્તા નથી. જેથી મને એવો વિચાર આવ્યો કે સહ શૈક્ષણિક પ્રવ્રુતિમાં ૫ માર્ક્સ પ્રાર્થના વિભાગમાં કેવી રીતે મેળવવા તે માટે આયોજન કરવામા આવ્યુ.

સૌ પ્રથમ પહેલા ધોરણ ૩ થી ૮ મા દરેક ધોરણમાં બાળકોની ક્ષમતા હોય તે પ્રમાણે ૬૦ જેટલી પ્રાર્થના, ૭૦-ધુન, ૪૦ -ભજનો, ૧૦૦-બાલગીતોનું ક્લેક્શન કરી ધોરણ – ૩ થી ૮ની અલગ ફાઈલ બનાવવામાં આવી. એજ રીતે ધોરણ વાઇઝ હાર્ડકોપી તેમજ ટેપમાં વગાડી શકાય તેવી રીતે સોફ્ટકોપી પણ બનાવવામાં આવી. જેથી બાળકોને બન્ને રીતે આવડી શકે. ત્યાર બાદ ધોરણ ૩ થી ૮ના બાળકોની રોલ નંબર વાઈજ ટીમ બનાવવામાં આવી. જેમા ટીમના ક્રમ આપી દેવામા આવ્યા. જેથી ધોરણ ૩ થી ૮ના બધા બાળકો સમાવેશ થઈ શકે. પછી સોમ થી શનિ રોજ એક નાનું ધોરણ અને એક મોટું ધોરણ સયુંકત રીતે પ્રાર્થના કાર્યક્રમનાં વારા આપી દેવામાં આવ્યા. અને આવી રીતે દરેક ધોરણ અને દરેક બાળકને પ્રાર્થના કરાવવાનો લાભ પણ મળી શકે.

ધોરણ ૧ થી ૮ ના બાળકોમાં બીજી ઈતર પ્રવૃત્તિઓ જેવી કે વકૃત્ત્વ સ્પર્ધા ,લગ્ન ગીત, એકડા, એકા થી એકત્રીસા તેમજ કાવ્ગાન, વિષય વાઇઝ - હિંન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં પ્રતિજ્ઞા પણ બાળકોને આવડી શકે. શાળામાં વાજિંત્રોમાં પણ બધા બાળકોનો સમાવેશ થઇ જાય એ પ્રમાણે સમિતિ બનાવવામાં આવી છે. હવે અમારી શાળાનો પ્રાર્થના કાર્યક્રમ ખૂબજ સરસ રીતે થાય એનો ગર્વ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરું નામ : **ઈલાબેન જયંતીભાઈ દેવમુરારી**
- ઈનોવેટરની શાળા અને તાલુકો : **શ્રી વાપાળિયા પ્રા જાફરાબાદ . શાળા તા .**
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – **7990383155**


# ॥ ગણિત એકમોનું સંગીતમય કાવ્યગાન ॥

જાફરાબાદ એટલે અમરેલી જિલ્લાનું છેવાડાનું પણ ખૂબજ રળિયામણો તાલુકો. જેની ધરા પર લુનસાપુરીયાદાદા ની મહેર વરાહ ભગવાનની પવિત્ર ભૂમિ, તપસીબાપુની ટેકરી, દરીયાકાંઠે ભોળાનાથ બિરાજમાન એવા જાફારાબાદથી ૨ કી.મી દૂર વાપાળીયા નામે ગામ તેમાં મોરના નૃત્યથી થનગનતી અમારી શાળા.

દરિયાના મોજા હિલ્લોળા ખાતા હોય, લહેરાતા હોય તેમ અમારી શાળાના નાના નાના ભુલકાઓ ડોલતા હોય.આ શાળામા આવ્યે મારે ૧૭/૧૨/૨૧ના ...વર્ષ પૂર્ણ થશે. બાળકોના ચેહરાના જોયેલા કે તેમની સાથે કોઈ પરિચય COVID-19 ના લીધે શાળા નવી, બાળકો નવા વાલીઓને પણ જાણતી ન હતી. અચાનક મનમાં એવો વિચાર આવ્યો ઓફ્લાઇન શિક્ષણ બંધ હતુ. ઓનલાઈન શિક્ષણ ધોરણ-૩ ના બાળકો કોરી પાટી જ હ્તા કોરોના મહામારીને કારણે ધોરણ ૧-૨ કુદરતી આફતના કારણ શાળામાં અભ્યાસથી વંચિત રહ્યા. ગણિત વિષય તેમના માટે અઘરો લાગે વર્ગ અને બ્લેકબોર્ડ વગર બાળકોને શીખવવા માટે ગણિતને કાવ્યની જેમ ગાઈને વોટ્સએપના માધ્યમ દ્વારા નોટબૂકમાં લખીને ફોટો પાડીને મોકલવાનું શરુ કર્યું. મોબાઈલ ન હોય તેવા બાળકોને ઘરે પ્રિન્ટ આપી. બાળકોને કાવ્ય કંઠસ્થ કરાવ્યા શેરીશિક્ષણ ચાલુ જોઈને ધોરણ –૩ થી ૫ ગણિતનાં એકમોનુ સંગીતમય કાવ્યગાન થયુ. દરેક બાળકોના ઘરે કાવ્યગાન જાણે ગુજરાતી વિષય ભણી રહ્યા હોય તેમ અભિનય સાથે સુંદર રીતે એકમને સમજતા થયા. YOU TUBE પર વિડિયો બનાવી ધોરણ વાર પ્રસારિત કર્યા . આજે બાળકો વર્ગમા બાળગીત જેમ શાળા ખુલતા વર્ગમાં રજુ કરે છે.

**ધોરણ -૩, એકમ - ૧ ક્યાંથી જોવું !**

ક્યાંથી જોવું મારે ,ચાલો , મીનુ ચાલો રીનુ .........

એકમ - ૨ સંખ્યાની ગમ્મ્ત .

હારે પેલી રાધિકા ગૌરી .. વીકી આવો સાથી આંમલી ક્ચૂકા લઇ આવો ......

**ધોરણ - ૪ એકમ -૧ ઈંટોની ઈમારત**

એક એક ઈંતો મૂકીને શાળા રુડી કરીએ , ભોંયતળીયાની પેટર્ન મને સૌથી વધુ ગમતી ......

એકમ - ૨ લાંબુ અને ટૂંકુ

હું! તો! પુછુ મમ્મીને વાંસ , તાડ ,ખજુરી કેમ ,લાંબા. ગુલાબ, બારમાસી, મોગરો, તુલસી છોડ ,કેમ ! ટુંકાનાના

**ધોરણ - ૫ એકમ - ૧ રાષ્ટ્રીય ફળ કેરી**

આંબાડાળે ,કોયલ ટહુકી હોહો....હોહો ...હો..કાંજી સૂણે કોયલ કેરી ,કૂંજ બગીચે હો..હોહો...હો.. એકમ - ૨ આકાર અને ખૂણા,

એક એક દિવાસળીના ખોખા માંથી, ચાલો રુડી રમત રમીએ. દિવાસળીના ટ્પકા જોડી આકારો કરી, ખૂણા ઉભા ચાલો શોધીએ....

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ –૨૦૨૧–૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : જીકાદરા જયસુખભાઇ લાલજીભાઇ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : **શ્રી કન્યાશાળા - શાખપુર, તા. લાઠી,**
- ઈનોવેટરનો મોબાઇલ નંબર – 8200454521


## ॥ E – પ્રેરણા સ્ત્રોત ॥

કોરોનાની મહામારી માર્ચ-2019માં સર્જાઇ. આ કપરા સમયમાં બાળકોને શાળાએ બોલાવી પ્રત્યક્ષ શિક્ષણ આપવું અશક્ય બન્યું. ત્યારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા સ્માર્ટ ફોનમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ ડાઉનલોડ – કાર્યરત કરી બાળકોને ઓનલાઇન શિક્ષણ આપવાની સૂચના આપવામાં આવી.

હું ધોરણ 3 થી 5ના ગણિત વિષયના શિક્ષક તરીકે સપ્ટે – ઓક્ટો 2019થી પ્રારંભિક ઓનલાઇન શૈક્ષણિક કાર્ય શરૂ કર્યું. ક્લાસ દરમિયાન બાળકોની સંખ્યા નહિવત હોય તો ક્યારેક કોઇ જ વિદ્યાર્થી ન જોડાય.આ મારા માટે એક ગંભીર સમસ્યારૂપ બન્યું. શિક્ષણના આદાન-પ્રદાન માટે આ એક કપરો સવાલ બન્યો. એ માટે રૂબરૂ વાલીસંપર્ક કર્યો. શેરી શિક્ષણ દરમિયાન બાળકોને ઓનલાઇન ક્લાસમાં જોડાવા સમજાવેલ, એસ.એમ.સી.નો આશરો લીધો પણ પરીણામ શૂન્ય. આખરે વિચાર આવ્યો કે ઓનલાઇન ક્લાસમાં માર્ગદર્શક તરીકે માત્ર હું જ રહું છું, કોઈ નવીનતા નથી એટલે કદાચ બાળકો નહિં જોડાતાં હોય. તેથી આ સમસ્યાનાં સોલ્યૂશન માટે અવનવા આમંત્રિતો જેવા કે વિદ્વાનો, નિષ્ણાંતો, તજજ્ઞો, લેખકો, સમાજશાસ્ત્રીઓ, શિક્ષણવિદ્દો અને કલાકારોને આ ઓનલાઇન ક્લાસ દરમિયાન માઇક્રોસોફ્ટ ટીમ્સ એપના માધ્યમથી આમંત્રણ આપીને બોલાવવાનું શરૂ કર્યું. આમંત્રિત મહેમાનોમાં સ્થાનિક કક્ષાથી શરૂ કરી છેક રાજ્ય કક્ષા સુધીના અનેક મહાનુભાવોને આમંત્રિત કર્યા. જેનાથી બાળકોને જિજ્ઞાશા જાગી. અવનવા વ્યક્તિઓનો પરિચય થવા લાગ્યો, નવું-નવું જાણવા મળવા લાગ્યું. શિક્ષણની ભૂખ જાગી. તાલાવેલી લાગી અને બાળકોનો ઉત્સાહ વધ્યો.

આ પ્રયોગના પરિણામે ધીમે-ધીમે બાળકોની સંખ્યામાં ખૂબ સારો એવો વધારો થવા લાગ્યો. જે-તે ધોરણની માઇક્રોસોફ્ટ ટીમ્સ ધરાવતા બાળકોની સંખ્યા 80 થી 90 % સુધી જોડાવા લાગી. બાળકો આ ઓનલાઇન ક્લાસ નિયમિત થવા લાગ્યાં. તેઓ વોટ્સએપના માધ્યમથી લેશન મોકલતાં થયાં. "આજે કોણ ગેસ્ટ છે ? સાહેબ" આવા પ્રશ્નો પૂછવા લાગ્યા. કોઇ ગેસ્ટનું વ્યક્તિત્વ સારું લાગ્યું હોય તો એની ફરી વખત હિમાયત કરતાં. ઓનલાઇન ક્લાસ દરમિયાન ગેસ્ટને હાથ ઊંચા કરી માન-સન્માન આપતાં થયાં. આ ઇનોવેટિવ પ્રવૃત્તિના કારણે શાળાને રૂ. 35000/- (પાંત્રીસ હજાર)ની કિંમતનો ચબૂતરો પ્રાપ્ત થયેલ છે. ધો. 3 થી 5 ની ૬૩ બાળકોને કંપાસ પેટીનું દાન , ધો. ૪ ની બાળાઓને સ્મૃર્તિભેટ તથા આખી શાળાને ચોકલેટનું દાન મળેલ છે. આથી 32 જેટલા મહાનુભાવોએ પ્રમાણપત્રોથી પ્રોત્સાહિત કરેલછે. રાજ્યકક્ષાના મહાનુભાવોથી શાળા, બાળકો, શિક્ષક સ્ટાફ પરિવાર, સી.આર.સી.સી., બી.આર.સી.સી., એસ.આઇ.શ્રી., કે.નિ.શિ.શ્રી, ટી.પી.ઇ.ઓ.શ્રી અને ડી.પી.ઇ.ઓ.શ્રી તરફથી અભિનંદન પ્રાપ્ત થયેલ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



























# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**ડૉ. જીવરાજ મહેતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી**

ચિતલ રોડ, બી.આર.સી. ભવનની બાજુમાં, અમરેલી

## પ્રમાણપત્ર

જાવક નં. - /2020/'21 તારીખ - 16 -12-2021

સૌ પ્રથમ તો શિક્ષક શ્રી જયસુખભાઇ એલ. જીકાદરા, શાખપુર કન્યાશાળા, તા. લાઠી, જિ. અમરેલી - તેમણે તાલુકા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ - 2021 મેળવેલ તે બદલ અભિનંદન....

આપ શાળા કક્ષાએ ખૂબ જ પ્રશંસનિય કામગીરી કરો છો, એ બાબતથી હું સુવિદિત છું, આપ આ કોરોના મહામારી દરમિયાન બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ આપવું અશક્ય હોઇ, છતાં પણ આપ સ્માર્ટ ફોનમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા નિયમિત તાસ લઇને તથા આ ક્લાસમાં આપ નિત્ય વિવિધ અધિકારીશ્રી અને પદાધિકારીશ્રીઓને આમંત્રિત કરી બાળકોને તેનાથી પરિચિત કરાવેલ છે અને તેના જ્ઞાનનો લાભ અપાવેલ છે. અત્યાર સુધીમાં આપે 81 ( એંકાશી ) જેટલા મહાનુભાવોનો લાભ બાળકોને અપાવેલ છે. શેરી શિક્ષણ દરમિયાન ટી.એલ. એમ. / લેપટોપ જેવા શૈક્ષણિક ઉપકરણો દ્વારા શિક્ષણ પૂરૂ પાડેલ છે. એ અતિ પ્રશંસનિય બાબત છે.

આપ આપના જીવનકાળ દરમિયાન સતત પ્રગતિ કરતાં રહો, ઇશ્વર આપને વધુને વધુ શક્તિ આપે એવી ઇશને પ્રાર્થના સહ..... શુભેચ્છા

આપ ઉત્તરોત્તર આવી પ્રશંસનિય કામગીરી કરતાં રહેશો, એવી અભિલાષા સેવી આપ જેવાં ખંતિલા શિક્ષક માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી ગૌરવ અને માનની લાગણી અનુભવે છે....

પ્રિન્સીપાલ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી.

**જિલ્લા પંચાયત કચેરી, અમરેલી**

**શ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, અમરેલી**

## પ્રમાણપત્ર

જાવક નં. - /2020/'21 તારીખ - 17 -12-2021

સૌ પ્રથમ તો શિક્ષક શ્રી જયસુખભાઇ એલ. જીકાદરા, શાખપુર કન્યાશાળા, તા. લાઠી, જિ. અમરેલી - તેમને તાલુકા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ - 2021 મેળવેલ તે બદલ અભિનંદન....

આપ શાળા કક્ષાએ ખૂબ જ પ્રશંસનિય કામગીરી કરો છો, એ બાબતથી હું સુવિદિત છું, આપ આ કોરોના મહામારી દરમિયાન બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ આપવું અશક્ય હોઇ, છતાં પણ આપ સ્માર્ટ ફોનમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા નિયમિત તાસ લઇને તથા આ ક્લાસમાં આપ નિત્ય વિવિધ અધિકારીશ્રી અને પદાધિકારીશ્રીઓને આમંત્રિત કરી બાળકોને તેનાથી પરિચિત કરાવેલ છે અને તેના જ્ઞાનનો લાભ અપાવેલ છે. અત્યાર સુધીમાં આપે 81 ( એંકાશી ) જેટલા મહાનુભાવોનો લાભ બાળકોને અપાવેલ છે. શેરી શિક્ષણ દરમિયાન ટી.એલ. એમ. / લેપટોપ જેવા શૈક્ષણિક ઉપકરણો દ્વારા શિક્ષણ પૂરૂ પાડેલ છે. એ અતિ પ્રશંસનિય બાબત છે.

ભવિષ્યમાં આવી મહામારીના કપરા સમયમાં આપ જ્યાં ફરજ બજાવતાં હો ત્યાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે અને વિદ્યાર્થીના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો કરતાં રહો, શિક્ષણની આ મહા જ્યોતને જ્વલંત બનાવો એવી શુભેચ્છા ...

આપ ઉત્તરોત્તર આવી પ્રશંસનિય કામગીરી કરતાં રહેશો, એવી અભિલાષા સેવી ટીમ એજ્યુકેશન જિલા શિક્ષણ સમિતિ - અમરેલી આપ જેવાં ખંતિલા શિક્ષક માટે ગૌરવ અને માનની લાગણી અનુભવે છે....

આપને ફરી .... ફરી. ... શુભેચ્છા ....

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિ.શિ.સમિતિ – અમરેલી

---

અભિપ્રાય

લાલજીભાઈ સવજીભાઈ સોલંકી
શાખપુર, તા. લાઠી, જિ. અમરેલી
તા. 29-10-2021

મારી દિકરી શાખપુર કન્યાશાળામાં ધોરણ-5 માં ભણે છે શાળાના શિક્ષકશ્રી જયસુખભાઈ ગણિતનો પિરિયડ લે છે પિરિયડ પહેલા રોજ સાત વાગે પાઠમાં જોડાવા મને ફોન કરે છે. પાઠમાં નવા-નવા ગેસ્ટને આમંત્રિત કરી બોલાવે અને તેના જ્ઞાનનો લાભ બાળકોને અપાવે છે. મારી દિકરી રોજ પાઠમાં જોડાય છે, લેશન પણ ફોનમાં મોકલે છે. ભણવાની મજા આવે છે.

સહી = લાલજીભાઈ સવજીભાઈ
સોલંકી

---

અભિપ્રાય

શ્રી દયાબેન બીપીનભાઈ પરમાર
શાખપુર, તા. લાઠી, જિ. અમરેલી
તા. 28-10-2021

મારી પુત્રી અત્યારે ધોરણ-૪ (ચોથામાં) શ્રી કન્યાશાળામાં શાખપુર, ભણે છે. પહેલા નિશાળનાં ગણિતના સાહેબ જયસુખભાઈ સાંજે ઓનલાઈન પાઠ શરૂ કરતાં રોજ ફોનમાં પાઠમાં જોડાવા ફોન કરી, સાડા સાતથી સાડા આઠ સુધી ભણાવે. રોજ મહેમાનને બોલાવી, મહેમાન પ્રેરક પ્રવચન આપે છે. તેનાથી મારી પુત્રી રોજ ફોનથી પાઠ ભણે છે, અને લેશન પણ મોકલે છે, શેરી શિક્ષણમાં પણ જોડાય છે.

દયા. બી. પરમાર

---

અભિપ્રાય

મકવાણા ખુશીબેન ભૂપતભાઈ
શાખપુર, તા-લાઠી જિ-અમરેલી
ધો ૪ તા-૨૭/૧૦/૨૦૨૧

મને ગણિત વિષયના ઓનક્લાસમાં ભણવાનું ખૂબ જ ગમે છે. તેમા રોજ નવા-નવા ગેસ્ટ આવે છે અમને વાર્તા-ગીત ઉખાણા-જોકસ કહે. અમને સાંભળવાની મજા પડે જયસુખ સાહેબ પાઠ શરૂ કરતાં પેલા મને ફોન પણ કરે. હું બધા રંગ ભવ ત્યારે ત્યાંથી પણ જોડાઉ છું. અને મેમાનુ ઉપયોગ કરીને વાત પણ કરી નવરાત્રી વિશે ... પાઠમા નિયમિત જોડાતી અને ફોનથી ભણવાની પણ ખૂબ મજા આવે છે.

લી
ખુશીના વંદન

---

અભિપ્રાય

મકવાણા માન્સી ભાવેશભાઈ
ધોરણ-3
તા-૨૮/૧૦-૨૦૨૧

હું માન્સી, ધો-3 માં શાખપુર-કન્યાશાળા (પ્રાથમિક) તા-લાઠીમાં અભ્યાસ કરૂ છું. જયસુખ સાહેબ અમને ટાઈમ ટેબલ મુજબ ફોનમાં સાંજે ભણાવે છે. પાઠમાં રોજ મહેમાન આવે છે. મહેમાન અમને ખુબ જ સારૂ સમજાવે છે અમને લેશન વિશે પુરૂ સમજાવે છે. અમને ફોનમાં પાઠ ભણવો ખુબ જ ગમે છે, મહેમાનને સાંભળવાની મજા પડે છે.

— માન્સીના વંદન

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : ત્રિવેદી કૃતિકા ધીરુભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : **શ્રી** સી.આર.સી.સાવરકુંડલા -૧ તા.સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર **9978467615** –

## ॥ કોડીંગ ડીકોડીંગ -ઇન્ટરેકટીવ રમત ॥

કોરોનાની મહામારી બાદ શાળાઓ શરુ થઇ અને બાળકો બે વર્ષના ઓનલાઈન શિક્ષણ દ્વારા ભણ્યા છતાં તેમનામાં પાયાના જ્ઞાન અને કૌશલ્યમાં ક્ષતિ જોવા મળી. શાળાઓ પુનઃ શરુ થવાની સાથે જ નામ. સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા 'NIPUN BHARAT' કાર્યક્રમ અંતર્ગત FLNની પ્રવૃત્તિઓ શાળાઓમાં શરુ કરવામાં આવી.

આ FLN અંતર્ગત બાળકોમાં સામાન્ય સંજ્ઞાજ્ઞાન અને કટુ વાચન ( કોડીંગ-ડીકોડીંગ)ની પ્રક્રિયા દરમિયાન રેખાકૃતિ ,ધ્વનિ-જાગૃતિ, અક્ષરો અને અંતમાં શબ્દોની સમજ કેળવે છે. આ આખી પ્રક્રિયા દ્વારા બાળકો જે કઈ શીખે છે તેની એક કાયમી છાપ બાળકોના મનો-મસ્તિષ્કમાં કાયમ માટે સંગ્રહ થઇ જાય છે.

હું સી.આર.સી. હોવાના કારણે વર્ગખંડ અને શાળાઓને પડતી મુશ્કેલીઓ સાથે સીધા સંપર્કમાં હોવ છું. શાળા અને વર્ગખંડ મોનીટરીંગ દરમિયાન ઘણી શાળાઓમાં એવું જોવા મળ્યું કે બાળકો કોડીંગ – ડીકોડીંગની પ્રક્રિયા તેમજ અંગ્રેજી ભાષાના સામાન્ય અને પાયાના શિક્ષણમાં કચાશ ધરાવે છે; જેને કારણે શિક્ષકો પણ શિક્ષણકાર્યમાં મુંજવણ અનુભવતા જણાયા. બાળકોનું સિદ્ધિ સ્તર નીચું જણાયું.


શરૂઆતમાં બાળકોના કચાશના ક્ષેત્રોની ચકાસણી કરવામાં આવી, જેના દ્વારા જે પરિણામ મળ્યું તે ભયજનક રીતે નીચું જોવા મળ્યું.આખરે મને એક ઉપાય સૂઝયો કે – એક એવી રમતનું આયોજન અને નિર્માણ કરવામાં આવે કે જેનાથી બાળકો FLNની શરુવાતની સામાન્ય પ્રક્રીયા સંજ્ઞાજ્ઞાન (કોડીંગ)–કટુ વાચન (ડીકોડીંગ)ની મદદથી અંગ્રેજી ભાષાનું સામાન્ય અને પાયાનું શિક્ષણ મેળવી શકે. તેમની અંગ્રેજી ભાષાના અભ્યાસ પ્રત્યેની અરુચિ અને તેમને પડતી મુશ્કેલીઓને સરળતાથી રમતા-રમતા દુર કરી શકાય. વિષય અનુસાર તેમના જણાતા કઠીનબિંદુઓને સરલીકરણ આ રમતના માધ્યમથી કરી શકાયું. બાળકો જાતે પોતાનું મૂલ્યાંકન કરતા થયા અને તેમની સિદ્ધિઓમાં વધારો થતો જણાયો. આ રમતને થોડા દિવસ રમવાથી જ બાળકોમાં એક નવો ઉત્સાહ અને અભ્યાસ પ્રત્યેની ધગશ જોવા મળી. બાળકોને નવિનતા લાગી. અવનવી રીતો અને પ્રવૃતિઓ દ્વારા બાળકો જાતે રમતમાં નવીનતા લાવવા લાગ્યા,નવું-નવું જાણવા મળવા લાગ્યું. શિક્ષણની ભૂખ જાગી. તાલાવેલી લાગી.બાળકોની જિજ્ઞાસાવૃતિ સંતોષાઇ.


આ પ્રયોગના પરિણામે ધીમે-ધીમે બાળકોની સંખ્યામાં ખૂબ સારો એવો વધારો થવા લાગ્યો. આ રમત શરુવાતમાં માત્ર ધોરણ ૫ માં કરવામાં આવી, પરંતુ ધીરે ધીરે અન્ય ધોરણ અને વર્ગના બાળકો અને શિક્ષકો પણ આ રમત અને પ્રવૃતિમાં જોડતા ગયા અને ધીરે ધીરે ધોરણ ૧ થી લઈને ધોરણ ૫ સુધીના બાળકો FLNને પ્રવૃતિઓમાં સતત આશ્ચર્યજનક અને સંતોષકારક પરિણામ મેળવતા થયા. બાળકો જાતે અનેક સામાન્ય પણ ઉપયોગી એવી પાયાની સક્ષારતા અને જ્ઞાનવર્ધક પ્રવૃતિઓને આ રમત માં ઢળતા થયા અને જાતે જ શિક્ષણ પ્રાપ્ત કરતા થયા.

આ પ્રયોગના કારણે માત્ર આ એક શાળા નહિ પરંતુ અન્ય શાળાના શિક્ષકો પણ આ રમતનો ઉત્સાહપૂર્વક ઉપયોગ કરતા થયા અને તેમને ઈચ્છિત પરિણામો મળતા થયા અને બાળકોનું શૈક્ષણિક સ્તર પણ સુધર્યું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : બોરીસાગર ચંદ્રેશકુમાર ભોળાશંકરભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : **શ્રી બાઢડા પરા પ્રાથમિક શાળા** ,તા.સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર 9427742077 –


## ॥ Easy English(3to5) ॥


ધોરણ 3 થી 5માં અંગ્રેજી ભાષા એક નવી ભાષા તરીકે વિદ્યાર્થીઓનો ડર દૂર થાય તેમજ અંગ્રેજી ભાષા શીખવા માટે બાળકોમાં રસ કેળવાય તે ઉપરાંત વિદ્યાર્થીઓ સાહજિકતાથી અંગ્રેજી ભાષાને વિદ્યાર્થીઓ શીખતા થાય તેવું વાતાવરણ પ્રાપ્ત થાય, અંગ્રેજી ભાષાના મૂળભૂત કૌશલ્ય (LSRW)વિકસે અને વર્ગખંડમાં તથા વર્ગખંડની બહાર ઇંગ્લિશ લેંગ્વેજ લર્નિંગ રિસોર્સિસ પ્રાપ્ત થાય તેવા હેતુથી ધોરણ 3 થી 5માં અંગ્રેજી ભાષાનો મહાવરો અને વાતાવરણનો અભાવ દૂર કરવા આ ઈનોવેશન કરવામાં આવ્યું છે.

વારસો અને વાતાવરણ બાળકના અધ્યયન પર અસર કરતા મુખ્ય પરિબળો છે ત્યારે ઇંગ્લિશ લેંગ્વેજ લર્નિંગના મુખ્ય ચાર કૌશલ્ય તથા અધ્યેતાકેન્દ્રી વર્ગખંડ બને તે માટે દરેક સ્કીલના ડેવલપમેન્ટ માટે વિવિધ ઇનોવેશન કરવામાં આવ્યા. સૌપ્રથમ લિસનીંગ/સ્પીકીંગ વિકાસ માટે શાળા પરિસરમાં અલગ અલગ જગ્યાએ ઓડિયો સિસ્ટમ અને સ્પીકર ફીટ કરવામાં આવ્યા જેમાં લર્નિંગ ઓડિયો રિસોર્સિસ તરીકે બાળકોનું શાળામાં આગમન થતું હોય તે સમયે,રીસેષમા નાસ્તો કરતા હોય કે પછી ઘરે જતા હોય ત્યારે એમાં rhymes પ્લે કરવામાં આવે છે. જેથી બાળકોના કાને સતત સંભળાતા આ સંગીતમય અંગ્રેજી શબ્દો ગાવા અને ગણગણવા પ્રેરે છે, વર્ગખંડ વ્યવહારમાં પણ મહત્તમ listening ઈનપુટ મળે તેવી એક્ટિવિટી કરાવવામાં આવે છે. સ્પીકિંગ સ્કીલ ડેવલપમેન્ટ પહેલા શબ્દ ભંડોળ માટે કેરમ બોર્ડની બધી જ કુકરીઓ ઉપર આલ્ફાબેટ ચિપ કરવામાં આવ્યા છે. જેને ચોક્કસ ક્રમમાં રમત રમી અંગ્રેજી શબ્દો બનાવવામાં આવે છે. વર્ગખંડની દિવાલ બારી-બારણા ઘડિયાળ વગેરે ચીજવસ્તુઓ પર અંગ્રેજી શબ્દો લખવામાં આવ્યા છે. સાથે રીડિંગ રાઈટીંગ સ્કીલ ડેવલપમેન્ટ માટે શાળાના પરિસરમાં રહેલા મોટા વડલાના વૃક્ષ પર અંગ્રેજી ભાષાના મૂળાક્ષરોના આકાર અને એ મૂળાક્ષરો પરથી બનતા શબ્દોના ફ્લેશ કાર્ડ હેંગિંગ આલ્ફાબેટ તરીકે લગાડવામાં આવ્યા જે સતત બાળકોની નજર સામેથી પસાર થયા કરે અને એમના આકરો સાહજિક રીતે જ બાળકના મનમાં અંકાઈ જાય છે. તે ઉપરાંત વર્ગખંડની અંદર અંગ્રેજી લેંગ્વેજ કોર્નર બનાવવામાં આવ્યો છે.જેમાં અંગ્રેજી શીખવા માટેના વિવિધ રિસોર્સિસ મૂકવામાં આવ્યા.વર્ગખંડ શિક્ષણ દરમિયાન TTT-ટીચર્સ talktime કરતા, LTTlearners talktime વધે તેવી રીતે સ્પીકિંગ activities કરાવવામાં આવે છે. તે ઉપરાંત સ્પેલ બી,રીંગ નંબર ,સ્ટેપ ગેમ, ફ્રુટ, ફ્લાવર, વેજીટેબલ વગેરે જેવી લેંગ્વેજ ગેમ્સ રમાડવામાં આવી. અને રાઈટીંગ માટે બાળકોને ફોરલાઈન બુકમાં એક એક લેટરને શરૂઆતથી અંત સુધી સારા અક્ષરે લખવાની સમજ સાથે મહાવરો કરાવવામાં આવે છે. ખાસ હોમવર્કમાં માત્ર કશુક લખવા કે વાંચવાના બદલે લીસનિંગ અને સ્પીકિંગના હોમવર્ક આપવામાં આવ્યા.. ઉદાહરણ તરીકે વાલીના whatsapp પર મોકલેલ ઓડિયો કે વિડિયો સ્વરૂપે rhyme શોર્ટ સ્ટોરી બે થી ત્રણ વખત સાંભળવી.(2)it, isના ઉપયોગથી ઘરની ચીજવસ્તુઓના દસ-દસ વાક્યો દરેક સભ્ય સામે બોલવા. આમ, અંગ્રેજી ભાષા શિક્ષણને એકદમ સહજતાપૂર્વક બાળકો શિખતા થયા. શાળા મેદાનમાં અને વર્ગખંડની અંદર તેમજ ઘરે પણ બાળકો અંગ્રેજી બોલતા થયા બાળકોના પહેલાની સ્થિતિમાં જે બાળકો અંગ્રેજી એક નવી ભાષા શીખવાના આત્મવિશ્વાસની કમી અનુભવતા. શબ્દ ભંડોળ ન જાણવાના કારણે તેમજ યોગ્ય વાતાવરણના અભાવના કારણે ધોરણ-૬ માં પહોંચતા બાળકોના અંગ્રેજી ભાષા શિક્ષણના સ્તર કરતાં આ ઇનોવેશન બાદ બાળકોમાં ખૂબ જ રસ અને ઉત્સાહ સાથે નવી ભાષાના ડર વગર આત્મવિશ્વાસથી અંગ્રેજી ભાષાને ચોક્કસ ક્રમમાં આનંદ સાથે હસતા રમતા સાંભળતા ગાતા બોલતા વાંચતા અને સુંદર અક્ષરે લખતા થયા છે. જેને આંકડામાં જોઈએ તો ૭૦ ટકા જેટલો સુધારો જોવા મળ્યો છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી








# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરું નામ : **રાઠોડ પારૂલબેન ગોકુળભાઈ**
- ઈનોવેટરની શાળા અને તાલુકો : **શ્રી હિંડોરણા પ્રાથમિક શાળા તાલુકો :-રાજુલા**
- ઈનોવેટરનો મોબાઈલ નંબર **9 – 898302723**


## ॥ ઉચ્ચારથી અંક શીખીએ, કરી માપન ગણિત ગણીએ ॥

અઘરો વિષય એટલે "ગણિત"એવું ઘણા માને છે. પરંતુ એવું નથી જો તેને યોગ્ય પધ્ધતિથી સમજવામાં આવે તો તે સરળતાથી યાદ રાખી શકે છે. ઘણા બાળકોને અંક બોલવામાં અને શબ્દોમાં લખવામાં ઘણી ભૂલો પડે છે. બાળકોને ૧ થી ૧૦૦ એકડા સળંગ બોલતા અને લખતા આવડે છે. પણ આપણે પલાખાં પૂછીએ તો ઘણી ભૂલ પડે અને તે અટવાય છે. તેમને અંકો શબ્દમાં લખવામાં ભૂલ પડે છે. સ,ચ,છ ક્યાં વાપરવો તેમાં ભૂલ કરતાં હોય આ ભૂલોને નિવારવા માટે મેં જાન્યુઆરી -૨૦૨૦થી આ નવતર પ્રયોગ શરૂ કર્યો છે.આ નવતર પ્રયોગમાં મે એકડા વાંચન અને એકડાની વિગતવાર સમજ આપતો એક ચાર્ટ બનાવ્યો છે. તેમાં બાળકોએ કઈ વસ્તુ યાદ રાખવી તેને અંડર લાઈન કરીને અને અને અલગ બતાવીને ચાર્ટમાં રજુ કર્યું છે.આ ચાર્ટ વર્ગખંડમાં લગાવી સમજ આપું છું.બાળકોની નોટબુકમાં પણ તે લખીને સમજ આપું છું.આ ચાર્ટની સમજ આપતો વિડીયો બનાવ્યો છે. અને મારી યૂ-ટ્યુબ ચેનલમાં અપલોડ કર્યો છે. અને દરેક બાળકોના વ્હાટ્સએપ સંપર્કમાં લિન્ક દ્વારા મોકલેલછે. જેથી બાળકો ઘરે પણ તેનો મહાવરો કરી શકે.


એકમ, દશક, સો, હજાર.... જેટલા કાર્ડ હોય તે પ્રમાણે સંખ્યાનું વાંચન કરી શકે છે. તથા દરેક અંકની સ્થાનકિંમત પણ કહી શકે છે. આ તોરણ ધોરણ 3 થી ૫ નાં વિદ્યાર્થીઓને તેમની ગણિતની નોટમાં પણ દોરાવેલ છે. જેથી બાળકો તેનો મહાવરો પણ કરતા થયા છે. અને સરળતાથી સંખ્યા વાંચન કરતા થયા અને સ્થાનકિંમત પણ શીખ્યા છે.આ તોરણમાં જુદા જુદા આકારના ચિત્રો પણ મુક્યા છે. જેથી બાળકો સંખ્યા વાંચનની સાથે સાથે આકારોની ઓળખ પણ કરતા થયા છે.


ધોરણ ૪ અને ૫ નાં બાળકો વજન, લંબાઈ, ગુંજાશ અને સમય સમજી શકે છે પરંતુ જ્યારે પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે આ બધા એકમો ભેગા કરી નાખે છે. કયો એકમ ક્યારે વાપરવો તેમાં તેઓ ભૂલ પડેછે. તેમને શું બોલવાનું છે તેમાં મુશ્કેલી અનુભવે છે. આ એકમોનું 1(એક) ,¼(પા) ,½(અડધું), અને ¾(પોણું)ભાગ પડતાં શું આવે તેમને સરળતાથી યાદ રહી જાય તે માટે એક ચાર્ટ તૈયાર કર્યો છે. આ ચાર્ટમાં લંબાઈ, વજન, ગુંજાશ, અને સમય માપવા માટે ક્યાં સાધનનો ઉપયોગ થાય છે. તે ચિત્રો પણ લગાવ્યા છે. જેથી બાળકોને ખબર પડી જાય કે મારે કયા એકમનો ઉપયોગ કરવો બાળકો તેનો સતત મહાવરો કરતાં તેના એકમો અને તેના ભાગોનું માપ સરળતાથી યાદ રાખી શકે છે. આ ચાર્ટ બાળકોની નોટબુકમાં પણ લખાવ્યો છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી








# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : રાઠોડ ભારતીબેન બી.
- ઈનોવેટરની શાળા અને તાલુકો : શ્રી બ્રાંચ શાળા નંબર 2 તા .સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઇલ નંબર – 9327498527

## ॥ મારી લાડકી રે.......॥

સુરતના ડાયમંડ કિંગ સવજીભાઈ ધોળકિયા કે જેને સમાજસેવાના સમૃદ્ધ કાર્યો કર્યા છે અને કરે છે તેઓ સુરતમાં જેટલા સમૂહ લગ્ન કરે છે તે દરેક કન્યાઓના હાથની છાપ યાદી તેમની સંસ્થા રાખે છે. મારી લાડકી રે ...આ પ્રેરણા તેમાંથી જ મળી છે. આમારી કન્યા શાળામાં ધોરણ પહેલામાં પ્રવેશ મેળવતી કન્યા સળંગ ધોરણ-૮ સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે અને ત્યારબાદ આગળ વધી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે આચાર્ય તરીકે મને આ નવતર વિચાર આવ્યો કે ધોરણ આઠ પાસ કરીને માધ્યમિકમાં જતી અમારી કન્યાઓના ફોટા સાથેના તેમના પંજાની છાપ વાળા ' મારી લાડકી રે..' એક ગ્રંથ રૂપ અમારી સંસ્થામાં યાદી રૂપે સચવાય તો કેવું સારું ! તેથી આ વિચાર જન્મ લેતાની સાથે જ આ વર્ષથી જ તેની અમલવારી શરૂ કરી વર્ષ ૨૦૨૧માં ધોરણ પહેલા માં ૩૭ કન્યા અને ધોરણ આઠ માં ૮૨ કન્યાઓની યાદી કરી શુભ શરૂઆત કરેલ છે એ-4 સાઈઝની ડ્રોઈંગ શીટ તૈયાર કરી તેમાં કન્યા નો ફોટો સાથે Udise, સરનામું, મોબાઇલ નંબર, profile તેની પ્રગતિનું ટૂંકમાં વર્ણન કરવામાં આવેલછે, આના કારણે આચાર્ય તરીકે આગળ અભ્યાસ કરીને ગયેલ બાળકોની જો માહિતી તેની પાસે હોય તો આર.ટી.આઈ કોર્ટ મેટર ડુપ્લીકેટ સર્ટી કોને આપવું એવા સંજોગોમાં જો બાળાઓનું સરનામું મોબાઈલ નંબર હાથવગું હોય તો તેનો સંપર્ક કરી પ્રશ્નો થતા અટકાવી શકાય છે. અને લાડકી દીકરીના વાલીઓને પણ જાગૃત કરી શકાય છે. તેથી સ્તો આ નવતર પ્રયોગનું નામ મારી લાડકી રે .રાખવામાં આવ્યું છે .જે આ બાબતથી ચરિતાર્થ થયું.

આ ઈનોવેશનની અસરકારકતા ચકાસવા માટે બાળકોને મૌખિક પ્રશ્નોતરી કરવામાં આવે છે. જુદા જુદા સામાજિક વિજ્ઞાનના શિક્ષક મિત્રો પોતાના પ્રતિભાવો વોટ્સએપ અને ફોન કરી જણાવે છે. વર્ષ ૨૦૨૧ માં પ્રવેશ મેળવેલ ધોરણ એકની બાળા ધોરણ આઠ પાસ કરી વર્ષ ૨૦૨૮ માં પોતાના ધોરણ એકના ફોટો હાથના પંજાની છાપ અને પ્રોગ્રેસ રિપોર્ટ તેના ધોરણ આઠના ફોટો હાથના પંજાની છાપ અને પ્રોગ્રેસ જોઈ હર્ષની લાગણી અનુભવશે. આચાર્યને આગળના વર્ષની ધોરણ આઠ પાસ કરીને ગયેલ બાળાઓના RTI,કોર્ટ મેટર કે ડુપ્લીકેટ સર્ટી વખતે તેમના સરનામું કે મોબાઈલ નંબર હોવાથી ક્રોસ ચેકિંગ કરવામાં સગવડતા રહેછે. દીકરીની સલામ દેશને નામ જેવા રાષ્ટ્રીય કાર્યક્રમમાં બાળકોની ભાગીદારી નોંધાવી શકાય. શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન ગોઠવી શકાય.ભૂતકાળની વિદ્યાર્થિનીના ઉચ્ચ અભ્યાસ પ્રોગ્રેસનો વર્તમાન વિદ્યાર્થીનીઓને લાભ અપાવી શકાય.આગળ અભ્યાસ પૂર્ણ કરી ગયેલ દીકરીઓ તમામને એકબીજા સાથે જોડી યુથ ક્લબ કરી શકાય અને બેરોજગારીનો પ્રશ્ન હલ કરાવી શકાય.ધોરણ 8 પૂર્ણ કર્યા પછી બાળાઓનું પોતાની પ્રાથમિક શાળા સાથેનું જોડાણ તૂટી જતું હોય છે અહીં દરેક વિદ્યાર્થીનીઓને જોડતી કડીરૂપ શાળા બની શકે છે.શાળામાં યોજાતા અવનવા કાર્યક્રમો જેવા કે યોગ શિબિર, ધ્યાન શિબિર, કાનુની શિબિર, લાયન્સ ક્લબ, યુથ ક્લબ અને બ્લડ ડોનેશન કેમ્પ જેવા કાર્યક્રમોમાં ભૂતકાળની બાળાઓનું યોગદાન લઈ શકાય. વાલીઓ પણ પોતાના બાળકોએ શિક્ષણમાં કરેલ પ્રોગ્રેસ જાણી રાજી થાય છે. આમ મારી લાડલી રે એક " શક્તિગ્રંથ" બની રહેશે એકંદરે બાળાનું દર્પણ જ આ શાળા પાસે સચવાઈને રહેશે જે આવનારા વર્ષોમાં ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનકાળની લાડકી દીકરી એક જૂથ રાખવા માળા બનાવવાનું કાર્ય આ શાળા કરશે.બાળ મેળા દરમિયાન ધોરણ એકની નાની નાની દીકરીએ પોતાના હાથના પંજાની છાપ પાડી તેનાઉપર મોર બનાવ્યો ત્યારે એ પોતાના પંજાની છાપ જોઈને તેના ચહેરા પરનું હાસ્ય જોઈ. અસ્તુ આભાર.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરું નામ : મેવાડા મનસુખલાલ પુંજાભાઇ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : શ્રી વાઘણિયા પ્રાથમિક શાળા , તા. લીલીયા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9913938611


## ॥ હરતી ફરતી શાળા ॥

કુદરતી વૈશ્વિક મહામારી કોરોનાના કપરાં સમયમાં શાળાઓમાં ઓફ લાઈન શૈક્ષણિક કાર્ય બંધ હતું ત્યારે સરકારશ્રીના આદેશાનુસાર માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી ઓનલાઈન શિક્ષણ આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ સમયે મારી ઓ.પી.ફેરફારથી શ્રી વાઘણિયા પ્રાથમિક શાળામાં બદલી કરવામાં આવી.મારી ફરજના ભાગરૂપે મારે પણ ઓનલાઇન શિક્ષણ શરૂ કરવા માટે વિધાર્થીઓના સંપર્કમાં આવવાનું થયું. મોટાભાગના વિધાર્થીઓ અને વાલીઓ મારાથી અજાણ હતા.મારા ગામમાં રહેતા મોટાભાગના વિધાર્થીઓના વાલીઓ આર્થિક રીતે ખુબ જ નબળા હતા તેમજ મજુરી કામ સાથે સંકળાયેલા હતા.આવા સમયમાં વિધાર્થીઓ પાસે પોતાનો વ્યક્તિગત મોબાઈલ ક્યાંથી ? વાલીઓ પણ સાદા મોબાઈલ ફોન કે એક જ ફોનનો ઘરના તમામ સભ્યો ઉપયોગ કરતા હતાં. તેમજ તે ફોન દિવસ દરમિયાન પોતાની સાથે જ રાખતા હતા.આવા સમયે માઈક્રોસોફ્ટ ટીમ્સ કે અન્ય એપ્લિકેશનો ડાઉનલોડ કેમ અને કેવી રીતે કરવી એવો યક્ષ પ્રશ્ન મારી સામે ઉપસ્થિત થયો. યેનકેન પ્રકારે અમુક વાલીઓના ફોનમાં માઈક્રોસોફ્ટ ટીમ્સ ઈન્સ્ટોલ કરાવી પણ ઓનલાઇન શિક્ષણ સમયે અનેક પ્રકારના પ્રશ્નો ઉદભવતા હતાં, આવા સમયે મારા મનની અંદર એક વિચાર આવ્યો કે આમેય હું શાળામાં મોટરસાયકલ લઈને તો આવું જ છુ તો તેમના સ્થાને મોટર લઈને આવું અને તેમને જ હરતી ફરતી શાળા બનાવું તો ? આ વિચારને અમલમાં મૂકી મેં મોટરમા લગાવી શકાય તેવું અને વિધાર્થીઓને ગમે તેવું " હરતી ફરતી શાળા "નું બેનર બનાવી મોટરમા લગાવી દીધું. આ મોટરમાં તમામ પ્રકારના શૈક્ષણિક સાધનો, પાઠ્યપુસ્તકો,અને બ્લેક બોર્ડ સાથે શિક્ષણ આપવાની શરૂઆત કરી. ગામ બે ભાગમાં વહેંચાયેલું છે (૧) ગામ વિસ્તાર અને (૨) પ્લોટ વિસ્તાર બન્ને વચ્ચે અંદાજે દોઢેક કી.મીનું અંતર છે.આ બંને વિસ્તારમાં નિયત કરેલા સ્થળોએ અને નિયત કરેલા સમયે શૈક્ષણિક કાર્ય કરાવવાની શુભ શરૂઆત કરવામાં આવી. શરૂઆતમા વિધાર્થીઓને બોલાવવા જવું પડતું હતું તે થોડા સમયમાં જાતે જ મોટરનો અવાજ કે હોર્નના અવાજનાં આધારે શૈક્ષણિક કાર્યના સ્થળે આવવા લાગ્યા .

પરિણામે જે વિધાર્થીઓ શિક્ષણ કાર્યમાં જોડાઈ શકતા નહોતા તે વિધાર્થીઓમાંથી ૯૦% વિધાર્થીઓ હરતી ફરતી શાળાનો લાભ લઈને શિક્ષણ કાર્યમાં રસપૂર્વક જોડાવા લાગ્યા. વાલીઓમાં પણ મારા ઘણોજ હકારાત્મક અભિગમ મળવા લાગ્યો. રજાના સમયમાં જે વાલીઓ ઘરે રહેતાં હતા તે પણ મારી આ હરતી ફરતી શાળાની મુલાકાતે આવતા. મારા આ કાર્યની ખૂબ જ સુંદર અસર જોવા મળી ..

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી







સાવરકુંડલામાં બની રહેલ ઘટનાઓની ઝડપી સમાચાર આપતુ
સત્ય અને તથ્ય સાથેના ન્યૂઝ
Aapdu Kundla
83201 86947
aapnukundla@gmail.com
સોશ્યલ મીડીયા પોસ્ટ જોતા રહો..
તા. ૦૮/૦૮/૨૦૨૧, રવિવાર (અષાઢ વદ – અમાસ)



DWARKESH MOBILE
મોબાઇલ ખરીદી કરવા માટેનું એકમાત્ર સ્થળ
દ્વારકેશ મોબાઇલ
4B - મહાવ દર્શન કોમ્પ્લેક્ષ, SBI ATM ની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, સાવરકુંડલા. મો. 70411 70870

22 CT
હોલમાર્કનો ભાવ
43650
તા. ૮/૮/૨૦૨૧
સોનિક
HOUSE OF JEWELLERY
હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦




## ધાતરવડી -૧ ડેમનું પાણી છોડવામાં આવતા ૧૩ ગામના કિસાનોના મુરજાતા પાકને જીવતદાન મળ્યું. સાંસદ નારણભાઈ કાછડીયાની સફળ રજુઆત.

વરસાદ ખેંચાતા અને વાવાઝોડા પછી ખેતીવાડી નો પાવર પૂર્વવત થયેલ ન હોય રાજુલા તાલુકાના ગામડાઓમાં પાકની હાલત ખરાબ થતાં,આ વિસ્તારના ખેડૂતોએ સાંસદ નારણભાઇ કાછડીયા ને રજુઆત કરતા,સિંચાઇ વિભાગ તરફથી ધાતરવડી ડેમ -૧ નું પાણી કેનાલ મારફત આજરોજ શનિવારે છોડવામાં આવતા વાવેરા,ધારેશ્વર,દિપડિયા, જુની માંડરડી, વડલી, ચારોડીયા,રાજુલા, જા જરાડા, કુંડલિ ચાળા, બર્બર ટાણા ના કિસાનોની મુરઝાતી મોલાત કપાસ,મગફળી,સોયાબીન સહિત અન્ય પાકોને ખુબજ સારો ફાયદો થશે.કિસાનોના હિત માં આ નિર્ણય લેવાતાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે.
(અતુલ શુકલ દ્વારા)



## શાળાઓ બંધ છે વાઘણીયા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી મનસુખલાલ મેવાડા દ્વારા શેરી શિક્ષણ અપાય રહ્યું છે.

કોરોના મહામારી ને કારણે શાળાઓ છેલ્લા દોઢ વર્ષ થી બંધ છે. આવા કપરા સમયમાં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ અને શિક્ષણ થી વંચિત ન રહે તે માટે લીલીયા તાલુકાના વાઘણીયા પ્રાથમિક શાળાના આદરણીય શિશક મનસુખભાઈ મેવાડા પોતાની ફોરવ્હીલ ગાડીમાં અભ્યાસના તમામ પ્રકારના શેક્ષણિક સાધનો લઈને વાઘણીયા ગામના તમામ વિસ્તારોમાં જઈને શેરી શિક્ષણ આપી રહ્યા છે.વાલીઓ પાતાના બાળકોને શેરી શિક્ષણ માટે રાજી ખુશીથી મોકલી રહ્યા છે. શાળાના શિક્ષક વિપુલભાઈ કોટડીયા પણ આ કાર્યમાં ખુબજ રસ લઈને સહયોગ આપી રહ્યા હોય,હરતી ફરતી આ શાળાના આ નવતર અને સુંદર પ્રયોગને સી.આર.સી. હેતલબેન જોષી એ રૂબરૂ મુલાકાત લઇને અત્યંત ખુશ થઈને બિરદાવી અભિનંદન આપેલ છે.તેમજ બી.આર.સી. ભાવેશભાઈ જાદવ અને સરપંચ બાલાભાઈ પડસારિયા એ અને શાળાના આચાર્ય એ આ વિદ્યાર્થીઓના હિતને દ્યાનમાં રાખી અપાતા શેરી શિક્ષણના અદભુત કાર્યને બિરદાવી અભિનંદન આપ્યા છે.
(અતુલ શુકલ દ્વારા)






અમરેલી જીલ્લા સહકારી સંઘ ધ્વારા | ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયાનાં વાઘણીયાનાં શિક્ષક દ્વારા શેરી શિક્ષણ અપાઈ રહ્યું છે



દામનગર, તા.૧૦

કોરોના મહામારીને કારણે શાળાઓ છેલ્લા દોઢ વર્ષથી બંધ છે. પણ શિક્ષણ કાર્ય શરૂ. આવા કપરા સમયમાં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ અને શિક્ષણથી વંચિત ન રહે તે માટે લીલીયા તાલુકાના વાઘણીયા પ્રાથમિક શાળાના શિક્ષક મનસુખભાઈ મેવાડા પોતાની ફોરવ્હીલ ગાડીમાં અભ્યાસના તમામ પ્રકારના શૈક્ષણિક સાધનો લઈને વાઘણીયા ગામના તમામ વિસ્તારોમાં જઈને શેરી શિક્ષણ આપી રહયા છે. વાલીઓ પોતાના બાળકોને શેરી શિક્ષણ માટે રાજીખુશીથી મોકલી રહયા છે. શાળાના શિક્ષક વિપુલભાઈ કોટડીયા પણ આ કાર્યમાં ખૂબ જ રસ લઈને સહયોગ આપી રહયા હોય, હરતી ફરતી આ શાળાના નવતર અને સુંદર પ્રયોગને સી.આર.સી. હેતલબેન જોષીએ રૂબરૂ મુલાકાત લઈને અત્યંત ખુશ થઈને બિરદાવી અભિનંદન આપેલ છે. તેમજ બી.આર.સી. ભાવેશભાઈ જાદવ અને સરપંચ બાલાભાઈ પડસારીયાએ અને શાળાના આચાર્યએ અને તમામ ગામજનોએ આ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી અપાતા શેરી શિક્ષણના અદભૂત કાર્યને બિરદાવી અભિનંદન આપ્યા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : મકવાણા જીજ્ઞેશભાઈ ચંદ્રકાંતભાઈ
- ઈનોવેટરની શાળા અને તાલુકો : શ્રી ખાંભલીયા પ્રાથમિક શાળા તા : રાજુલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9723835004

# ॥ મારી ટેક્ષ્ટબુક -ડીઝીટલ ટેક્ષ્ટબુક ॥

દરેક એકમ કોઈ નિષ્પત્તિ આધારિત બનેલો હોય છે અને સત્રના અંતે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન પણ નિષ્પત્તિ આધારિત જ કરવાનું હોય છે.વળી,દર અઠવાડિયે લેવાતી કસોટીમાં પણ નિષ્પત્તિ આધારિત જ આવતી હોય છે. બનતું એવું કે દરેક સત્રની શરૂઆતમાં મારે બીજા પાસે અધ્યયન નિષ્પત્તિઓ મેળવવી પડતી અને તે બધી જ અધુરી મળતી. તેથી દર અઠવાડિયે લેવામાં આવતી ટેસ્ટમાં પણ ઓછા માર્ક આવતા અને ઓછી તૈયારી કરાવી શકતો અને ટેસ્ટની નિષ્પત્તિ પણ જુદી પડતી.તેના નિવારણ રૂપે મેં GCERTની વેબસાઈટ પરથી ગણિત વિષયની નિષ્પત્તિઓ ડાઉનલોડ કરી,તેને પ્રકરણ પ્રમાણે વિભાજીત કરી અને તેની PDF ફાઈલ બનાવી અને તેનો QR CODE જનરેટ કરીને દરેક પ્રકરણની શરૂઆતમાં જ લગાડી દીધો.જેથી દરેક પ્રકરણ શરુ કરતી વખતે QR CODE સ્કેન કરીને જાણી શકીએ કે આ એકમમાં કઈ કઈ નિષ્પત્તિ આવે છે અને તેના આધારે આપણે બાળકોને મહાવરો કરાવી શકીએ અને નિષ્પત્તિ સરળતાથી સિધ્ધ કરાવી શકીએ.

પત્રક A માટે જે – તે એકમની નિષ્પત્તિને આધારે એકમ કસોટી લેવાની થતી હોય છે.તો દરેક વખતે નિષ્પત્તિ શોધવી પડતી અને દર વખતે એકમ કસોટી કાઢવી પડતી.હવે તેના નિરાકરણરૂપે દરેક એકમની નિષ્પત્તિને અનુરૂપ એકમ કસોટી તૈયાર કરી તેનો પણ QR CODE જનરેટ કરી એકમના અંતે લગાડી દીધો.જેથી વારંવાર કસોટી તૈયાર કરવી ન પડે અને સરળતાથી QR CODE સ્કેન કરી ડાઉનલોડ કરી અને અધ્યયન નિષ્પત્તિ આધારિત એકમ કસોટી લઇ અને જે તે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરી શકીએ.

અત્યારની ધોરણ ૩ થી ૫ ની ગણિતની ટેક્ષ્ટબુક NCERTનાં અભ્યાસક્રમ મુજબનીછે.વળી તેમાં મહાવરાનું પ્રમાણ પણ ઓછું છે અને એકમને અનુરૂપ સંદર્ભ સાહિત્ય મેળવવામાં પણ મુશ્કેલી અનુભવવી પડતી.જેના નિવારણ માટે પણ મેં તેને અનુરૂપ સંદર્ભ સાહિત્ય નિર્માણ કરી, બીજા શિક્ષકમિત્રો પાસેથી મેળવી,વિવિધ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી તેનો પણ QR CODE જનરેટ કરી જે તે મુદ્દાની બાજુમાં લગાવી દીધો જેથી તે વિષયવસ્તુ વિષે તલસ્પર્શી જ્ઞાનથી બાળકોને વધારે માહિતગાર કરી શકીએ છીએ,અઘરા મુદા માટે વધારે મહાવરો કરાવી શકીએ છીએ અને વિષયવસ્તુ સરળતાથી શીખવી નિષ્પત્તિ સિધ્ધ કરી શકીએ છીએ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

*ગણિત ધોરણ - ૩*
*એકમ વાઈઝ અધ્યયન નિષ્પત્તિ QR CODE*

| | | | |
|---|---|---|---|
| CH - 1 | CH - 2 | CH - 3 | CH - 4 |
| CH - 5 | CH - 6 | CH - 7 | CH - 8 |
| CH - 9 | CH - 10 | CH - 11 | CH - 12 |
| CH - 13 | CH - 14 | | |

*ગણિત ધોરણ - 4*
*એકમ કસોટી* ***QR CODE***

| | | | |
|---|---|---|---|
| CH - 1 | CH - 2 | CH - 3 | CH - 4 |
| CH - 5 | CH - 6 | CH - 7 | CH - 8 |
| CH - 9 | CH - 10 | CH - 11 | CH - 12 |
| CH - 13 | CH - 14 | | |

*ગણિત ધોરણ - 3 to 5*
*સંદર્ભ સાહિત્ય QR CODE*

| | | | |
|---|---|---|---|
| ક્યાંથી જોવું | દર્પણમાં અડધોભાગ | ૧ થી ૧૦૦૦ સંખ્યા | ઇંટોની ડીઝાઈન |
| ઘડિયાળ કાવ્ય | ઘડિયાળ પ્રોજેક્ટ | લંબાઈ હોમવર્ક | કેરીના ચિત્રો |
| કેરીના ભાત ચિત્રો | ઇન્ડીયા ગેટ ppt | અડધું અને પા | કેટલા અંશના ખૂણા જણાવો |
| ખૂણાના પ્રકાર જણાવો | સરવાળા | બાદબાકી | ગુણાકાર |
| સંખ્યાજ્ઞાન ધોરણ ૩ | સંખ્યાજ્ઞાન ધોરણ ૪ | | |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરું નામ : રાજ્યગુરુ જાગૃતિબેન જનકરાય
- ઈનોવેટરની શાળા અને તાલુકો : શ્રી કન્યા શાળા -3 તા : રાજુલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર – 9824994712


## ॥ જોડકણા દ્વારા અર્થગ્રહણ અને ભાષા શુદ્ધિ ॥

ધોરણ ત્રણ થી પાંચના બાળકોને ઉચ્ચારમાં 'ચ'ને બદલે ' સ ' અને 'છ' ને બદલે 'સ' અથવા ચ બોલતા સાંભળ્યા. ઉચ્ચાર દોષને કારણે ઘણીવાર અર્થનો અનર્થ થઈ જાય છે વળે બાળક જેવું બોલે છે તેવું જ લખવા પ્રેરાય છે.

બાળકોના લેખનમાં પણ વારંવાર ' ટ, ' ઠ,' ' ડ અને ' ઢ 'વાળા શબ્દોમાં ભુલ કરતા જોયા છે. મૂળાક્ષરોના આવા અક્ષરો સાચી રીતે બોલવા અને સુધારવા માટે એક જ અક્ષર નો વારંવાર મહાવરો કરાવવા માટે આવા અક્ષરોથી બનતા શબ્દો ને લઈને જોડકણા બનાવીને ગમ્મત સાથે જ્ઞાન મળે અને શબ્દ દોષ અને લેખન દોષ સુધારીને ઉચ્ચાર સુધી માટેના પ્રયત્નો કર્યા છે. વળી આ જોડકણાં એક નાની વાર્તા પણ બને છે દરેક જોડકણાં મૂલ્યનો પણ સમાવેશ થાય છે.. જેથી ગમ્મત સાથે બાળક અર્થગ્રહણ કરી શકે અને મૂલ્ય શિક્ષણ મેળવી શકે છે. આ જોડકણાંથી અર્થગ્રહણ જેવી પાયાની નિષ્પત્તિ સિદ્ધ થઈ શકે છે. અને ટ, ઠ, ડ, અને ઢ ના શબ્દોનું તથા ચ,છ, શ અને સ વાળા શબ્દો સાંભળીને અથવા લખીને તેમનું શબ્દભંડોળ વિકસાવી શકે છે અને નવા શબ્દો શોધવાની જિજ્ઞાસા જાગે છે..

આમ ઉચ્ચાર શુદ્ધિ, લેખન સુધી સાથે અર્થગ્રહણના લક્ષ્ય સુધી પહોંચવા આ જોડકણાંની રચના કરી છે. આ જોડકણા બાળકો લયબદ્ધ રીતે તાલ સાથે ગાય શકે છે. બાળકોની ક્ષમતાને ધ્યાનમાં રાખીને આ જોડકણા ગમ્મત સાથે જ્ઞાન આપે તેવા પ્રયત્નો કર્યા છે. કેટલાક જોડકણાં આ નમૂના મુજબ નીચે આપ્યા છે .


**' ચ '** <u>ચકલી</u>

ચંચળ, ચપળ,ચકોર,ચકલી,
ચીં, ચીં, ચીં, ચીં ચારેકોર કરતી,
ચણ, ચણ, ચણને ચડતી જાય,
ચણને ચાંચમાં ચાવતી જાય,
ચણવા ચકલી ચોરે ચડી,
ચણાક ચણોઠી ચાંચે ચડી,
ચકલીની ચાંચે ચૂંક ઊપડી,
ચૂંકથી ચકલી ચિલ્લાઈ ઊઠી
ચી.. ચી.. ચી.. બોલાતું નથી,
ચુંકથી ચાંચમાં ચવાતું નથી,
ચિંતાથી ચકલી ચેતી ગઇ,
ચૂપચાપ ચબૂતરે બેસી ગઈ,
ચાર - ચાર દિવસે ચાંચ મટી,
ચકલીએ ચિં..ચિંયારી કરી,
ચક ચક ચણને ચણવા લાગી
ચૂરમું ચોળી ખાવા લાગી.

**' ટ '** <u>ટપુ ભાઈ</u>

ટપુભાઈની ટાલ પર,
ટાવર જેવી ચોટી છે,
ટપુભાઈ ચાલે ટપ ટપ,
ચોટી થાય પટ પટ,
ટોપલીમાં ટમેટા મૂકી,
ટપુભાઈ ટૂંકા ડગલા ભરે,
ટીકુ ટપાલી સામા મળે,
ટપુભાઈ ને ટપાલ આપે,
ટપાલ દેખી ટાઢ ચડે,
ટપાલની લીટી ના ઉકલે,
ટીનુંબેન ટપાલને વાંચે,
ટપુભાઈ ટેરવા ગણે,
વન ટુ ટેન ટમેટા છે,
ટમેટા નટખટ ટીખળી છે,
ટમેટા એ ટપાલને ટપલી મારી,
ટપાલને ટાલ પર ઝટ બેસાડી,
ટાલ પરથી ટપાલ સરકી,
ટાવર જેવી ચોટીએ જઈને લટકી.

YouTubevideo



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરશિક્ષકનું નામ : સોંડાગર મનિષભાઈ નાથાભાઇ
- ઈનોવેટરની શાળાનું નામ : શ્રી જુનીબારપટોળી પ્રાથમિક શાળા  તા-રાજુલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર: 9998561572


# ॥ અક્ષર સુધારણા ॥

**"સારા અક્ષર એ હાથનું ઘરેણું છે." તેમજ "ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે."** આપણે આ સુવિચારો તો સાંભળ્યા જ હશે. સામાન્ય રીતે જે વિષયો શીખવાનું માધ્યમ ગુજરાતી ભાષા છે તે વિષયોમાં વિદ્યાર્થીઓના અક્ષરો સારા થતાં હોય છે,પરંતુ અન્ય વિષયો જેવાં કે,સંસ્કૃત,હિન્દી,અંગ્રેજી વિગેરે વિષયોમાં વિદ્યાર્થીઓ લેખનમાં સારા અક્ષરો કરવામાં મુશ્કેલી અનુભવે છે.ધોરણ-3 થી 5 માં જ્યારથી અંગ્રેજી વિષય શીખવવાનું ચાલુ કર્યું, ત્યારથી એક વિચાર સતત આવતો કે બાળકોના અંગ્રેજી વિષયના અક્ષરો કેવી રીતે સુધરી શકે ? કારણ કે અન્ય વિષયો કરતાં અંગ્રેજી વિષયનું લેખન કરવામાં પ્રાથમિક શાળાના આપણાં બાળકો ક્યાંક નીરસતા દાખવે છે, કંટાળો અનુભવે છે કે તેઓને માર્ગદર્શનનો અભાવ હોય તેવું લાગે છે.આ માટે ઝીણવટ પૂર્વક તારણ કાઢી નીચેના મુદ્દાઓતારવ્યા ..જેમ કે,

- શાળાના મોટાભાગના વિદ્યાર્થીઓનું અક્ષર લેખન જેટલું અન્ય વિષયમાં સુંદર હોય છે, તેટલું અંગ્રેજીમાં હોતું નથી.
- સામાન્ય રીતે ધોરણ – 3 થી 8 માં ખાસ કરીને અંગ્રેજી વિષયમાં બાળકોનું લેખન વ્યવસ્થિત જોવા મળતું નહોતું.
- વર્ગ દીઠ ચાર કે પાંચ જ વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં સુંદર અક્ષરે લખી શકતા હતાં.

આ મુશ્કેલી દૂર કરવા શાળાના શિક્ષિકા શ્રી એન.પી.સોલંકી સાથે મળી વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું તેમજ ગુજરાતી વિષયનું લેખન વધુ સુંદર બને તેવા પ્રયત્નો કરવાનું ચાલુ કર્યું. આ માટે સૌ પ્રથમ અંગ્રેજી લેખનમાં રસ હોય તેવા ધોરણ-3 થી 8ના અંદાજીત પચાસ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓને અંગ્રેજીના લેખન બાબતે જરૂરી માર્ગદર્શન આપી, ખાસ પ્રિન્ટ કરેલું ફોર લાઇન વાળું એક પેજ દર સોમવારે આપવામાં આવેછે. વિદ્યાર્થીઓ શનિવાર સુધીમાં સારા અક્ષરે લખીને પરત કરે છે. શક્ય હોય તો તેઓની સામે જ આ પેજની ચકાસણી કરવામાં આવે છે. વધારે સુંદર લેખન વાળા પેજ નોટિસ બોર્ડ ઉપર લગાવવામાં આવે છે. મહિનાને અંતે શ્રેષ્ઠ ત્રણ પેજ પસંદ કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

અંગ્રેજી વિષયમાં અક્ષર સુધારણા માટેના આ પ્રયોગથી શાળાના ઘણાં વિદ્યાર્થીઓ લેખન માટે જરૂરી Shape,Size અને Space વિષે જાણતા થયા છે અને તેની સકારાત્મક અસર અન્ય વિષયના લેખન ઉપર પણ જોવા મળી છે.શાળાના બીજા ઘણા વિદ્યાર્થીઓ પણ સામેથી જ પોતાની બૂકમાં એક પેજ લખીને બતાવતાં થયા છે. પોતાના અક્ષર વધારે સુંદર કઈ રીતે બને તે માટે પ્રયત્નશીલ બન્યા છે.

આ નવતર પ્રયોગથી આશ્ચર્યજનક પરિણામ મળ્યું. જેમ કે શરૂઆતમાં વર્ગ દીઠ એવરેજ ચાર થી પાંચ વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં સારા અક્ષરે લેખન કરી શકતાં હતા. અંદર-અંદરની સ્પર્ધા તેમજ પ્રોત્સાહનને કારણે વિદ્યાર્થીઓમાં અંગ્રેજીમાં સારા અક્ષરે લખવાની ટેવ પડવા લાગી અને આજની તારીખે વર્ગ દીઠ એવરેજ આઠ થી દસ વિદ્યાર્થીઓના અંગ્રેજી અક્ષરો સુંદર કહી શકાય તેવા થવા લાગ્યા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ખાસ તો અંગ્રેજી વિષયનાલેખનમાં Shape, Size અને Space નું મહત્વ સમજતાં થયા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



SHRI JUNI BARPATOLI PRIMARY SCHOOL

TA-RAJULA, DIST-AMRELI

Name- Paramar Jaydip Std- 5th

ACTOR

Date 08-03-20

Who is your favourite actor? He is very handsome, isn't he? Or she is very beautiful isn't she? They are not only good-looking; they work very hard. They do lots of exercise. They practice dance for hours. There are many people who support them: dress-designer, make-up man, dietitian, fight master, speech instructor and many more.

Look, it is a film-shooting here.

The make-up man is doing make up on Priya's face. She is looking very young now.



SHRI JUNI BARPATOLI PRIMARY SCHOOL

TA-RAJULA, DIST-AMRELI

Name- Hadiya Dhruvi Std- 5th

HELP! WOLF!

Date 08-03-2020

Once, a shepherd-boy went to the jungle. He watched his flock of sheep there. He was bored in the afternoon. He had a trick for fun. "Help, Help!" he cried. "Wolf! Wolf! I am in danger."

The people in the village heard his shouts. They came running there. The she shepherd boy laughed and said, "There are no wolves. It was just fun."

The villagers went back to their work. But the shepherd boy cried; "Wolf! Wolf!"

Shri Juni Barpatoli Primary School.Ta-Rajula .Dist-Amreli

A Page Writing

Student Name- Havad Shilpa Batubhai Std.- 5th Date- 17/12/21

Project by M.N.Sondagar

Kartik came from School. He was happy. He had a trophy in has hand. He got it from School. There was a science fair at school. He won the trophy. He was the best speaker at the district level elocution competition based on science theme. He showed his trophy to his parents, they congratulated hime. His grandfather was proud of him because kartik got first prize. kartik's sister was happy because she was sure about celebration party.

cr: dear friends, good afternoon. here is a good news for us, we have an invitation for inter school girl Hockey championship. it will be against bhadi vidyalaya. It will be on 20th march. the venue is motera stadium the final will start at 6:30 a.m our principal and captain have invited all of us.

Shri Juni Barpatoli Primary School.Ta-Rajula .Dist-Amreli

A Page Writing

Student Name- Galathariya Rudra Jentibhai Std.- 5 Date- 21-10-21

Project by M.N.Sondagar

The wheels of the bus go round and round
round and round, round and round
The people on the bus go up and down
up and down, up and down
The doors on the bus go open and shut
open and shut, open and shut
The horn on the bus goes beep, beep, beep
beep, beep, beep, beep, beep, beep.
The baby on the bus says wah, wah, wah
wah, wah, wah, wah, wah, wah
The mummy on the bus says shh, shh, shh
shh, shh, shh, shh, shh, shh

GOOD

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરૂ નામ :સતાસીયા પૂર્ણિબેનવસંતભાઇ
- ઈનોવેટરની શાળાનું નામ :ચલાલા ભુવા પ્રાથમિક કન્યાશાળા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર 8320171739:

# ॥ ડિજીટલ માધ્યમ દ્વારા લોક જાગૃતિ_॥

**"વર્ણન કરતા વાચ ખૂટે, લેખન કરતા શાહી ; ભક્તિ સેવા ને શિક્ષણ કેરી નગરી જે કહેવાય.**
**સેવા,દયા, દાન બોધનીદાનાભગતની ભલાઈ એચલાલાનગરી મારી કર્મભૂમિ કહેવાય."**

દાનાભગત, મૂળીઆઇ જેવા સંતોની ભોમકા, ભીમનાથ મહાદેવની ધજાધુરી વાળી અને પ્રસિધ્ધ વાર્તાકાર કાનજી ભુટ્ટાની કર્મભૂમિ એવી ચલાલાની ભૂમિમાં ભુવા પ્રાથમિક કન્યાશાળામાં શિક્ષણ સેવાનો મને અવસર મળ્યો.**'ઉત્સવ:પ્રિય જના:' લો**કો ઉત્સવ પ્રિય હોય છે પરંતુ કોરોનાની મહામારી એ તમામ પ્રકારના રૂબરૂ સંપર્કને જોખમી બનાવી દીધા. આ રોગચાળાએ સર્વને સ્વચ્છતાના મૂલ્યનું મૂલ્ય સમજાવી દીધું. કોરોના મહામારીની પ્રથમ લહેર બાદ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૧ થી તમામ સાવચેતીના નિયમો સાથે શાળાઓ શરૂ કરવામાં આવી. આ સમય દરમિયાન બાળકોને બીમારીના ભયથી દૂર રાખી શાળામાં સાવચેતી પૂર્ણ અને ઉત્સાહી ભાવાવરણમાં શિક્ષણ આપવાના ધ્યેય સાથે તેમજ સરકાર દ્વારા સૂચિત તેમના વાલીઓમાં રસીકરણ અને કોરોના રોગ પ્રતિ જાગૃતિ અભિયાન ચલાવવા આ નવતર માર્ગ અપનાવવામાં આવ્યો જે ધીમે ધીમે તમામ પ્રકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગતની જાગૃતિનો ભાગ બન્યો.

**'જેવો દેશ તેવો વેશ' , 'અભાવ મુજબ સ્વભાવ'** એન્યાયેકોરોના મહામારીએ દરેક પ્રકારના ક્ષેત્રની કાર્ય પધ્ધતિમાં પરિવર્તન લાવ્યું છે ત્યારે શિક્ષક તો પરિવર્તનનો પરિવ્રાજક છે. પ્રત્યક્ષ શિક્ષણબંધી અને જોખમી રૂબરૂ સંપર્કના વિકલ્પરૂપ દરેક શાળાએ ઓનલાઈન શિક્ષણનો માર્ગ અપનાવ્યો. તેમ આ રોગચાળાની સામે રક્ષણ મેળવવા, રોગને અટકાવવા અને પુનઃ જનજીવનને પૂર્વવત કરવા લોકજાગૃતિ પણ અતિ આવશ્યક હતી. વળી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત લોક જાગૃતિ લાવવી એ આપણા સર્વની ફરજ પણ હતી. પરંતુ આ જાગૃતિ લોકસંપર્કથી જોખમી અને સરકારી S.O.P. વિરુદ્ધ હતી. તેથી **'ડિજિટલ માધ્યમથી લોકજાગૃતિ'**આ નવતર માર્ગ અપનાવવામાં આવ્યો.

આ મહારોગ સામેની લોકજાગૃતિના લક્ષજૂથમાં નાના બાળકોનો પણ સમાવેશ હોય તેઓ સરળતાથી સ્વરક્ષણ, સ્વચ્છતા અને સ્વસલામતીની જાગૃતિ કેળવે એ માટે પ્લેસ્ટોર પર ઉપલબ્ધ કાર્ટુનવીડિયો નિર્માણ એપ અને ઓડિયો વીડિયો એડીટિંગ એપ દ્વારા કાર્ટૂન વિડીયોનું નિર્માણ કરી આ જાગૃતિ માટેના માર્ગને ખૂબ જ સરળ અને રસપ્રદ બનાવવામાં આવ્યો. આ રીતે બનાવેલ વીડિયો કે તેની લિંક શાળા ગૃપમા શેર કરી લક્ષજૂથમા જાગૃતિ કેળવવામા આવી. સરકાર દ્વારા શાળાઓને સૂચિત **'જનજાગૃતિ અભિયાન'** અને **'રસીકરણ જાગૃતિ અભિયાન'** સંદર્ભે આ પ્રયત્ન ખૂબ જ સફળ રહ્યો.ગુજરાતના સૌરાષ્ટ્ર ઝોનમાં શ્રેષ્ઠ 50 જનજાગૃતિ અભિયાનમાં આ નવતર પ્રયોગ સ્થાન પામ્યો.વળી મહામારીના આ કપરાં સમયે ગુજરાતમાં તાઉતે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિનો સંકટો વધતા પુનઃ એ આપત્તિ સંદર્ભે વિડીયો નિર્માણ કરી લોકોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત સ્વ સલામતીઅને આપત્તિ વ્યવસ્થાપનની જાગૃતિ લાવવામાં આવી.આમ, છેલ્લા દશ માસથી શરૂ આ નવતર પ્રયોગ કોરોના મહામારી લોકજાગૃતિથી આગળ વધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત આવતી અન્ય બધી આપત્તિ વ્યવસ્થાપનનો ભાગ પણ બનતું ગયું. જેમાં ખૂબ ઓછા સમયમાં રૂબરૂ સંપર્ક વિના ઈચ્છિત સફળતા મળતી રહી.

આ નવતર પ્રયોગથી ઘણા બધા ફાયદાઓ થયા .બાળકો વાલીઓ તથા ગ્રામજનો સ્વરક્ષણ માટે જાગૃત થયા તથા સરકારી S.O.P નું પાલન કરતા થયા.શાળાના ધોરણ ૬ થી ૮ના બાળકોના વાલીમા ૭૫.૮૬ ટકા જેટલું રસીકરણ થયું.સ્વચ્છતા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

જાગૃતિ કસોટીનો શાળા તથા અન્ય લોકો એ લાભ લઈ પોતાની સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારી. તાઉતે વાવાઝોડા સામે લોકો સ્વરક્ષણ કરી શક્યા અને તેમને ઓછું નુકશાન થયું. બાળકો તથા લોકો હેન્ડવોશ ની સાચી પદ્ધતિ અને સમયમર્યાદા જાણી શક્યાઅને જળનો બગાડ કરતા અટક્યા .કોરોના જનજાગૃતિ અભિયાનમાં આ નવતર પ્રયોગ  સૌરાષ્ટ્ર ઝોનના શ્રેષ્ઠ  માં50 .પામ્યું સ્થાનગુજરાતના સૌરાષ્ટ્ર ઝોનમાં સૌપ્રથમવાર આ રીતે નૂતન પ્રકારે સમય અને માનવ સંસાધનના બચાવ સાથે ડિજિટલ માર્ગે લોક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આમ સંતોની,,સેવાની ભૂમિ પર લોકજાગૃતિ રૂપીસફળ સેવા કર્મ કરવાની અલભ્ય તક મને મળી.


**લોકજાગૃતિના શાળાની યુટ્યુબ ચેનલપરના વીડિયોનીનાQR CODE: -**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શાળાસલામ તીSOP | જન જાગૃતિ અભિયાન | રસીકરણ પ્રોત્સાહન | રસીકરણ અભિયાન | ડીઝાસ્ટર મેનેજમેંટ | સ્વચ્છ્તા પ્રવૃતિ | જળ જાગૃતિ | સ્વચ્છ્તા જાગૃતિ ક્વિઝ |









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


✍std-8 ભુવાશાળા ગ્રુપ
Ramani Anushree Home, Ba...

**Ramani Anushree Home**

આપણા શાળા ગ્રુપમાં આવેલ વાવાઝોડા સલામતી વીડિયો જોઈ મેં મારા પપ્પાને બતાવ્યો. મારા પપ્પાએ વીડિયોમાં કહ્યા મુજબ અમારી સોલાર પેનલો ઉતારી લીધી અને પાણીની ટાંકી ભરાવી દીધી એટલે અમારે એને નુકસાન ન થયુ.
લિ. રામાણી અનુશ્રી નીતિનભાઈ

7:25 PM

Forwarded









✍std-8 ભુવાશાળા ગ્રુપ
Ramani Anushree Home, Ba...

**મૂળતત્વો**
https://youtu.be/YVrpZTQt00k

📚📚🙏🙏🙏🙏
📚📚

11:13 AM ✓

**Vala Krishna Mom**

જય શ્રી કૃષ્ણ
શિક્ષણ મહોદય ભુવા શાળા ગૃપ માં આવેલા દરેક વીડિયો હું જોવ છું તેમાં કોરોના રસીકરણ ના વીડિયો થી પ્રેરાઇને મેં રસીકરણ કરાવ્યું એ વીડિયો પ્રેરણાદાયક છે good

લી. વાળા રમીલાબેન ( વાળા ક્રિષ્નાના મમ્મી )




Questions   Responses 103   Settings   Total p

ભુવા પ્રા. કન્યાશાળા ચલાલા
Swachhata awareness quiz

Section 1 of 2

સ્વચ્છતા જાગૃતિ ક્વિઝ

Created by 👉 P.V.satasiya

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરૂ નામ :સોલંકી પ્રકાશકુમાર દુદાભાઈ
- ઈનોવેટરની શાળાનું નામ – શ્રી ક્રાંકચ કન્યાશાળા : ક્રાંકચ , તા . લીલીયા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર ; 8460221825

## ॥ જોય ઓફ લર્નિંગ ॥

શૈક્ષણિક વર્ષ -૨૦૨૧ના માર્ચ મહિનામાં અમરેલી જિલાના રાજુલા તાલુકાની શ્રી નીંગાળા ૧ પ્રાથમિક શાળા માંથી એક તરફી તાલુકા ફેર બદલી લઇ લીલીયા તાલુકાની શ્રી ક્રાંકચ કન્યા શાળામાં હાજર થયો. આ પહેલા આ શાળામાં ગણિત-વિજ્ઞાન શિક્ષક ન હતા. ઉપરાંત વર્ષ ૨૦૨૦થી ચાલી રહેલ લોકડાઉનને લીધે ઘણાં બાળકો નિમ્ન પ્રાથમિકમાંથી ઉચ્ચ પ્રાથમિકમાં પ્રવેશ લઇ ચૂક્યા હતા. આ સમયગાળા દરમ્યાન બાળકો ઓનલાઈન શિક્ષણ તો મેળવી રહ્યા હતા પરંતુ આ પ્રક્રિયામાં શિક્ષણ એક તરફી થઇ રહેલું હોય એવું લાગ્યું બાળકોમાં અપેક્ષિત પરિવર્તન લાવવા અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરવાનો હતો પ્રક્રિયાઓમાં અને લાંબા સમયથી ઔપચારિક શિક્ષણ પ્રક્રિયાથી વિમુખ રહેલ બાળકોને શિક્ષણ પ્રત્યે રસ કેળવી વેગવાન કઈ રીતે બનાવવા તથા ગણિત-વિજ્ઞાન જેવા વિષયોની અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કેમ કરાવી એ એક મોટો પ્રશ્ન હતો ઈનોવેશન પૂર્વે જ્યારે અધ્યયન નિષ્પતિઓ આધારિત 25 ગુણની કસોટી લેવામાં આવી ત્યારે ધોરણ 6થી8નાં તમામ બાળકોમાંથી 25% બાળકો પણ 50% ઉપર ગુણ ન મેળવી શક્યા જે ગંભીર પરિણામ હતુ અને તેનાં નિવારણ હેતુ કંઇક નવીન કરવું આવશ્યક જણાયું આથી ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઇ આ ઈનોવેશન માટે નીચે મુજબના હેતુઓ નક્કી થયા.લાંબા ગાળાના અપ્રત્યક્ષ શિક્ષણબાદ શાળાએ આવેલ બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ માટે અભિમુખ કરવા. ગણિત-વિજ્ઞાન વિષયના મહત્વના મુદ્દાઓની આનંદદાયક રીતે સમજ કેળવવી અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પતિઓની સિદ્ધિ હાંસલ કરાવવી.

**"If a child cannot learn in the way we teach,**
**we must teach in a way child can learn."**

જ્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રીય કક્ષાના રમકડા મેળામાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ જેમાં જાતે રમકડા બનાવેલ તથા જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાના રમકડા મેળામાં સહભાગી થઈ વિવધ રમકડાઓનું નિદર્શન કરતા એક વાત સ્પષ્ટ જણાઈ કે રમકડા થકી બાળક સારી રીતે કોઈ પણ બાબતને રસપૂર્વક શીખી તથા સમજી શકે છે. આ વાતને જ ધ્યાને લઇ બાળકોમાં ગણિત-વિજ્ઞાન જેવા વિષયોની અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવા અધ્યયન નિષ્પતિઓ આધારિત બોર્ડ ગેમ તૈયાર કરવામાં આવી, જેમાં બાળક રમતા રમતા અપેક્ષિત અધ્યયન નિષ્પતિઓની સિદ્ધિ કેળવે છે. આ બોર્ડ ગેમ બનાવવા માટે વિવિધ પ્રચલિત બોર્ડ ગેમ રમતો જેવી કે સાપસીડી, નવો વેપાર જેવી રમતોમાં શિક્ષણમાં અપેક્ષિત બાબતોને ધ્યાને લઇ નાવીન્યકરણ દ્વારા તેમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત અન્ય નવી રમતો જાતે નિર્માણ કરવામાં આવી. અહીં તૈયાર કરેલ તમામ બોર્ડ ગેમ્સ પ્રચલિત રમતો હોય બાળકો આસાનીથી સમજી શકે છે તથા પાસાની મદદથી રમી શકે છે. બાળકે પાસો ફેંકી તેના પર આવેલ આંકડાઓ મુજબ રમતના બોર્ડ પર ચાલવાનું રહે છે તથા બોર્ડ પર આવતી રમત અંગેની સૂચનાઓને અનુસરતા રહેવાનું હોય છે. આ બોર્ડ ગેમ્સની રમતોની મદદથી ધોરણ ૬થી૮ના તમામ બાળકોમાંથી જ્યાં 25% બાળકો પણ ઈનોવેશન પૂર્વે 50% ઉપર ગુણ ન મેળવી શક્યા હતાં ત્યાં આ ઈનોવેશન બાદ 80% ઉપર બાળકો 50% ઉપર ગુણ મેળવી શક્યા ઉપરાંત ગણિત-વિજ્ઞાન જેવા વિષયોની રમત માટે ઉપયોગમાં લેવાયેલ અપેક્ષિત અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ થઈ. લાંબા સમયથી ઔપચારિક શિક્ષણ પ્રક્રિયાથી વિમુખ રહેલ બાળકોને શિક્ષણ પ્રક્રિયામાં રસકેળવતા કરી શકાયા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **ઈનોવેટરનું પૂરુંનામ ;-** હીનાબેન ડી.આદ્રોજા .
- **ઈનોવેટરની શાળાનું નામ ;- શ્રી** રાયપર પ્રાથમિક શાળા તા.બાબરા
- **ઈનોવેટરનો મોબાઈલ નંબર** -:9913937788

## || Eco-Friendly best school ||

પાંચાળ પ્રદેશ એવા બાબરા તાલુકાના સાલેમાળ ડુંગરાઓ વચ્ચે વસેલું નાનું એવું રાયપર ગામ જ્યાં બાલાદેવોને આવવું ગમે,રમવું ગમેં, રોકાવું ગમે અને ભણવું ગમે તેવી સુંદર અમારી શાળા

કોરોના મહામારીએ વિશ્વના દેશોમાં આતંક મચાવેલ જેથી સમગ્ર માનવજીવન શિક્ષણ પ્રસંગો,તહેવારો બધુ જ ખોરંભે ચડ્યું હતું .લોકડાઉનની અનુભૂતિ તમામ માટે નવી જ અને વ્યગ્ર હતી તો બાળકો માટે તો વધારે વિકટને બિહામણી હતી, આવી પરિસ્થિતિમાં શિક્ષક તરીકે તો ખૂબ જ પડકારજનક સમય હતો લાંબા સમયના લોકડાઉનને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસથી વિમુખ થયા. તથા શાળાએ આવતા ડરતા હતા . તેથી તે સમસ્યાના ઉકેલ માટે બાળકોને શાળામાં આવવું ગમે,રમવું ગમે ને ભણવું ગમે તેવો માહોલ ઊભો કરવા ને બાળકોને અભ્યાસ તથા શાળા તરફ આકર્ષણ વધે ને ફરી અભ્યાસ તરફ વળે તે માટે એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો. જેનુ નામ **"Eco –friendly best school"** રખાયું .

આ અગાઉના વર્ષના નવતર પ્રયોગમાં શાળાની દીવાલો તો રંગીન ચિત્રોને સૂત્રોથી ભરેલ ... પરંતુ હજુ વધુ શાળા પરિસરને વર્ગખંડોને આકર્ષક બનાવવા લોકડાઉનના સમયનો સદ્ઉપયોગ કર્યોને બાળકોને શાળા અને અભ્યાસ તરફ અભિમુખ કરવા આ નવતર પ્રયોગ આરંભ્યો .જેમાં 25 જેટલા જૂના ટાયરોને ઓઈલ પેઈન્ટથી રંગી ડિઝાઈન કરી વાવેલ ફૂલછોડ પાસે મૂક્યા. 200 જેટલી નકામી ખાલી બોટલોના જુદા જુદા આકારોના ક્યારા બનાવ્યા. સિમેન્ટ માટીના 50 જેટલા કુંડા બનાવી તેના પર funny face ચીતર્યા. તેલના ખાલી ડબ્બા કે પ્લાસ્ટિક કેન કોતરીને ડસ્ટબીન અને પક્ષીઓ માટે પાણી - ચણ માટે વૃક્ષ પર લટકાવ્યા.માતાજીનાં શણગારેલા ગરબાના માળા બનાવી લટકાવ્યા. વધારાની CD, કેન્ડીની સળીઓ, પેપરકપ, પ્લાસ્ટિક ચમચીઓ, પિસ્તાના ફોફા, છાપાઓ, બોટલના ઢાંકણાઓ, બિલ્લાઓ વગેરેના જુદા જુદા નમુનાઓ બનાવ્યા. પ્લાસ્ટિકની થેલીઓ, રેપર્સ, કાગળો, છાપાઓ,શોપિંગ બેગ વગેરેના જુદા જુદા ફૂલોના નમુનાઓ બનાવ્યા. પેપર ડિશના મહોરાઓ બનાવ્યા. જૂના માટલાંને તાવડીઓને રંગી ડિઝાઈન કરી શણગાર્યા. જૂની કંકોત્રીઓને કાર્ડ પરથી જરૂરી TLM કાર્ડ, Birthday card, Diwali card જેવો ઉપયોગ કરતાં શીખવ્યું....આમ ઓછા ખર્ચે કચરામાથી કંચન ઉપજાવી Eco –Friendly best school નું નિર્માણ થયું.

જ્યારે શાળા ખૂલી ત્યારે બાળકોને શાળા નવીન અને આકર્ષક લાગવા માંડી તેઓ હોશે-હોશે શાળાએ આવતા થયા અને શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ૧૫% વધી. ઘરે જઇ બાળકો શાળાની વાતો કરતા વાલીઓને પણ શાળાની મુલાકાત લેવાનું મન થવા લાગ્યું આમ અમારી શાળાએ ગામનો સુંદર અરીસો બની રહી છે મારો આ નવતર પ્રયોગ સફળ નિવડ્યો .

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


























# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **ઈનોવેટરનું** શિક્ષકનું નામ :- રૂડાણી પ્રતિકકુમાર અરવિઁદભાઈ
- **ઈનોવેટરની** શાળાનું નામ :- મોટા સમઢીયાળા પ્રાથમિક શાળા તા.ખાંભા
- **ઈનોવેટરનો** મોબાઈલ નંબર :- ૭૦૬૯૭૫૧૦૦૦

## ॥ સ્માર્ટ લર્નિંગ ॥

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં ભારતમાં સરકારશ્રી તરફથી માર્ચ મહિનામાં જ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરીને આ મહામારીને રોકવાનો એક પ્રયાસ કર્યો હતો, જેના કારણે શાળાઓમાં પણ શૈક્ષણિક કાર્ય બંધ હતું.


જેથી શાળા અને વિદ્યાર્થીઓનો સીધો સંપર્ક તૂટી ગયો હતો. અને બાળકો શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓમાં વધુ ધ્યાન આપતા હતા. એ પણ મોબાઈલમાં વધારે સમય બગડતા હતા જેવી ઘણા વાલીઓની ફરિયાદ પણ રહેતી હતી.

બાળકોને ટેકનોલોજીદ્વારા અને તેનો સદુપયોગ થાય તે માટે મોટા સમઢીયાળા પ્રા. શાળાના શિક્ષક પ્રતિકભાઈ રૂડાણી એ દરેક બાળક મોબાઈલનો સદુપયોગ કરે અને તેને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવું કાર્ય આપવાનું નક્કી કર્યું. જેના માટે online website www.h5p.org ના ઉપયોગથી નીચે મુજબની વિવિધ ગેમ બનાવી whatsappના માધ્યમથી બાળકોના મોબાઈલમાં મોકલવામાં આવતી જે પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- નકશાપૂર્તિ (અમરેલી, ગુજરાત, ભારત, અને વિશ્વ ના નકશા પૂર્તિ)
- સ્પેલિંગ શોધ
- ખાલી જગ્યા
- વર્ગીકરણ
- ચિત્ર જોડ
- ગણિતના દાખલાઓ (સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર)
- ચિત્ર શોધ


જેવી વિવિધ ગેમ પઝલ સ્વરૂપે આપવામાં આવતી હતી. જે દરેક ગેમ ડ્રેગ અને ડ્રોપ આધારિત હતી જેમાં બાળકો ગમ્મત સાથે જ્ઞાન પણ મેળવી શકતા હતા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **ઈનોવેટરનું શિક્ષકનું નામ :** ભાવેશકુમાર ડી. ચાવડા
- **ઈનોવેટરની શાળાનું નામ :** શ્રી ગઢિયા ચાવંડ પ્રાથમિક શાળા, તા. ધારી,
- **ઈનોવેટરનો મોબાઈલ નંબર :** ૯૯૨૫૫૪૪૦૧૧

## ॥ PINK ॥

રાજાશાહી સમયના ગૌરવવંતા અને શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતું ગાયકવાડી સરકારનું નામ ઈતિહાસના પાને અમર રહ્યું છે. વર્તમાન સમયમાં અમરેલી જિલ્લાની ઓળખ ઊભી કરી પોતાની આગવી શૈલીથી આજે પણ કાર્યરત છે. આ પ્રાચીન ભૂમિનું પ્રખ્યાત શહેર સંતો, શૂરાઓ, નીતિવાન અને બહારવટિયાઓથી પણ જગવિખ્યાત રહ્યુછે. અમરેલીથી પશ્ચિમ દક્ષિણ (નૈઋત્ય) દિશામાં કાઠિયાવાડની ધીંગીધરા સમાન શોભતું ધારી આવેલછે. ધારીમા ખોડીયાર ડેમ, ખોડીયાર માતાનો ધરો, વિશ્વ પ્રસિદ્ધ સ્વામિનારાયણ સંત શિરોમણી શ્રી યોગીજી મહારાજ (ઝીણા ભગત)નું જન્મસ્થાન એવી અનેક વિશેષતાઓ ધરાવતો વિસ્તારનો તાલુકો કે જ્યાં ગીર કેસરી સિંહોની ડણક સંભળાય છે. ધારીથી ૪૫ કિલોમીટરના અંતરે આવેલ પ્રસિદ્ધ ભગવાન શ્યામસુંદરજીનું મંદિર એટલે કે તુલસીશ્યામ ધાર્મિક સ્થળ આવેલું છે. ત્યાં જતા રસ્તામા ગીર જંગલની હદ શરૂ થાય આવી અનેક વિશેષતાઓ આ શહેર ધરાવે છે. આ જ ધારી તાલુકાનું એક એવું છેવાડાનું ગામ જે ગઢીયા પથ્થરો અને ડુંગરોથી ઘેરાયેલું અને ગામમાં ચામુંડા માતાજીનું મંદિર આવેલું છે તેથી તેનું નામ ગઢીયાચામુંડ પરથી અપભ્રંશ થઈને ગઢિયા ચાવંડ પડ્યું છે ત્યાની એક નાનકડી શાળાની વાત છે.

હાલનો સમય એ સોશીયલ મીડિયાનો યુગ છે. લોકોને સોશિયલ સાઈટનું ઘેલું લાગ્યું છે તેના ફાયદા પણ છે અને મર્યાદા પણ છે. નાના બાળકો અને કન્યાઓની ચિંતા સરકારશ્રી, શિક્ષણ વિભાગ વાલીઓ કરે જ છે છતાં પણ ઘણા બધા અનિચ્છનીય બનાવો બાળકો સાથે બનતા જ રહે છે. આવા બનાવો ન બને અને બાળકોમાં આ બાબતની જાગૃતિ આવે તેવા હેતુસર આ ઈનોવેશનની શરૂઆત

કરવામાં આવી. કન્યા અને જાતીય શોષણ જાગૃતિ માટે અનુરૂપ રંગ ગુલાબી એટલે તેને લાગતું શિર્ષક રાખવામાં આવ્યું.

જ્યારે સૌ પ્રથમ સી.આર.સી. તરીકે આ ઈનોવેશનની શરૂઆત કરવામાં આવી ત્યારે એક શાળાના એક ધોરણથી શરૂઆત કરવામાં આવી હતી. બાળકોને માર્ગદર્શન મળે તે હેતુથી જે શાળામાં મુલાકાત હોય તે શાળાની પ્રાર્થના સભામાં બધા બાળકો હોય ત્યારે સારો સ્પર્શ અને ગંદો સ્પર્શ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. સાથે સાથે રોઝ અને કોમલ જેવી અનિમેશન ફિલ્મ પણ બાળકોને બતાવવામાં આવે છે. સાથે જે તે શાળાના શિક્ષક મિત્રોનો પણ આ બાબતે સહકાર મળે છે અને ત્યાર પછી એક નાનકડી મૌખિક ક્વિઝ પણ લેવામાં આવે જેમાં સારા સ્પર્શ અને ગંદા સ્પર્શ સબંધિત પ્રશ્નો પણ પૂછવામાં આવે છે. તેમજ ફરીથી શાળા મુલાકાત કરવામાં આવે ત્યારે પણ આ બાબતને લગતા વર્ગમાં મૌખિક પ્રશ્નો પૂછી અને મુલ્યાંકન કરવામાં આવે છે અને ચાઈલ્ડ હેલ્પ લાઈન નંબરથી **(10 9 8)** બાળકોને પરિચિત કરવામાં આવે છે.


જ્યારે મે સી.આર.સી. તરીકે વર્ષ ૨૦૧૭માં એસ.એન.દામાણી ક્લસ્ટર પસંદ કર્યું અને સૌ પ્રથમ શિવડ શાળામાં આ ઈનોવેશનની શરૂઆત કરી ત્યારે એવું લાગતું હતુ કે આ માત્ર ધોરણ 8 ના 23 વિદ્યાર્થી પુરતું સીમિત રહેશે પરંતુ જેમ મારી સી.આર.સી.તરીકે શાળા મુલાકાત વધતી ગઈ એમ ધોરણ એક થી આઠના વિદ્યાર્થીઓને લાભ મળવા લાગ્યો અને અત્યારે આ ઈનોવેશનનો લાભ 28 શાળા અને 2467 બાળકોએ લીધો.હાલમાં એસ.એન.દામાણી ક્લસ્ટરની 10 શાળા, જીરા ક્લસ્ટરની 14 શાળા અને દલખાણીયા ક્લસ્ટરની 4 શાળાએ અત્યાર સુધીમાં એનો લાભ લીધેલો છે. ધોરણ ૩ થી ૮ ના 1181 કુમાર અને 1286 કન્યાઓએ આ માહિતીનો લાભ લીધેલો છે.


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **ઈનોવેટર** શિક્ષકનું નામ : મહીડા દિનેશભાઈ ડી.
- **ઈનોવેટરની** શાળાનું નામ : શ્રી મીઠાપુર નક્કી  પ્રાથમિક શાળા, તા . ધારી
- **ઈનોવેટરનો** મોબાઈલ નં : ૯૯૭૯૩૬૩૬૨૩

## ॥ મેથ જી ॥

કવિઓ અને સાહિત્યકારો એ જેની પ્રાકૃતિક સુંદરતા જોઈ, અમર-વેલી જેવા વિશેષણથી બિરદાવેલો છે. તેવો ગીરના જંગલો, ડુંગરો, અને ખળ ખળ વહેતી નદીઓનો જીલ્લો એટલે અમરેલી. ગીરના સાવજોની ડણકો અને દર્શન તમને ધોળા દિવસે પણ થાય એવા દલખાણીયા પે સેન્ટરના શેત્રુંજી નદીના કાંઠે વસેલા મીઠાપુર નક્કી ગામની પ્રાથમિક શાળામાં બદલી થયાનો મારે ૮ મહિના જેટલો સમય થયો છે. બે વરસથી પણ વધુ સમયથી ગણિત વિજ્ઞાનના શિક્ષકની ગેરહાજરી ઉપરાંત કોરોનાની મહામારીને કારણે શાળાઓમાં શિક્ષણનું બંધ થવું, આ કારણોને લીધે મારી શાળાના વિદ્યાર્થીઓમાં ગણિત વિષયની અધ્યયન નિષ્પતિઓમાં ખૂબ જ કચાશ જોવા મળી. આથી શાળામાં હાજર થયો ત્યારથી જ આ સમસ્યાનું નિરાકરણ શોધવા માટે પ્રયત્નશીલ હતો. ઘણા બધા પ્રયત્નો કરવા છતાં જોઈએ તેવી સફળતા પ્રાપ્ત ન થઈ. આ પ્રક્રિયાના ભાગ રૂપે ગયા દિવાળી વેકેશનમાં બાળકોને ગણિતનું હોમવર્ક આપેલ. પરંતુ દિવાળી બાદ સ્કૂલ ચાલુ થતા હોમ વર્ક તપાસવા માંગ્યો તો લગભગ મોટાભાગના બાળકો એ હોમવર્ક કરેલન હતું. કારણ હું જાણતો હતો એટલે મેં બાળકોને તેમણે તેમનું વેકેશન કેવી રીતે પસાર કર્યુ તે પૂછ્યું. લગભગ મોટાભાગના બાળકો એ દિવાળીના તહેવારને બાદ કરતા મોબાઈલમાં ગેમ રમી ને તેમનો સમય પસાર કર્યો હતો. અને એમાં બાળકોની પ્રિય ગેમ ફ્રી ફાયર અને પબજી હતી. આ પરથી મને ખ્યાલ આવ્યો કે પરંપરાગત રીતે બાળકોને ગણિત શિક્ષણ આપવાથી તેઓ ક્યારે પણ અભ્યાસમાં રસ દાખવશે નહીં. આથી બાળકોને જેમાં મજા આવે છે તેવી પ્રવૃત્તિ દ્વારા જો ગણિત શીખવવામાં આવે તો તેઓ રસ દાખવતા થાય. આથી મેં વિચાર્યું કે ગણિત શિક્ષણને રમતની જેમ બાળકોને પીરસવામાં આવે તો બાળકોને મજા પડશે. આથી બાળકોની આગલા ધોરણની અધ્યયન નિષ્પતિઓને તારવી તેને નાના ટુકડાઓમાં વિભાજીત કરી.જેમકે ચતુષ્કોણ ભણાવતી વખતે બાળકોને ખૂણાનું પૂર્વજ્ઞાન હોવું જરૂરી છે. પરંતુ ચતુષ્કોણ ભણાવતી વખતે બાળકોમાં આ પૂર્વજ્ઞાનનો અભાવ જોવા મળ્યો. આથી ખૂણાની રચના માપન અને પ્રકાર અને સમજાવવા, આ અધ્યયન નિષ્પતિને ત્રણ નાના ટુકડામાં વહેંચી. જેમાં પ્રથમ ખૂણાનું માપન કરવું, ત્યારબાદ ખૂણાને નામ આપવું, અને ત્યારબાદ ખૂણાને દોરવો. આ અધ્યયન નિષ્પતિઓ આધારે પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેને google લિંક દ્વારા બાળકોને મોકલવામાં આવ્યા. પ્રશ્નોના ઉત્તરમાં બાળકોને પ્રવૃત્તિ કરવાની હોય એવા પ્રશ્નોની રચના કરી. જેથી કરીને બાળકોને પ્રેક્ટીકલ નોલેજ દ્વારા શિક્ષણ મળી શકે. અને ગણિતની સંકલ્પનાઓ દૃઢ બને. અહીં ગણિત શિક્ષણ પૂર્ણ હોવાથી અને બાળકો જાતે કરતા હોવાથી બાળકોને વધુ રસ જાગ્યો. આ અધ્યયન નિષ્પતિના નાના ટુકડાને ચાર પાંચ મિનિટ સમજાવી ત્યારબાદ તેને લગતા 10 પ્રશ્નોની રચના કરી. આવી રીતે એક અધ્યયન નિષ્પતિના પાંચ ટુકડા કરી અને તેને લગતા 10 પ્રશ્નો તૈયાર કરી આ પ્રશ્નોત્તરીમાં મોટાભાગે પ્રવૃત્તિ કરવાની હોય એવા પ્રશ્નો બનાવ્યા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

પ્રથમ મુદ્દો બાળકો રજા પડવાની હોય તેના 10 મિનિટ પહેલા ટૂંકમાં સમજાવી દેવામાં આવે. ત્યારબાદ 10 પ્રશ્નોના જવાબો ઘરેથી લખી લાવવાનું કહેવામાં આવ્યું. પ્રશ્નોના જવાબમાં પ્રવૃત્તિ કરવાની હોય બાળકો રસપૂર્વક કરવા લાગ્યા. પ્રથમ 10 પ્રશ્નોના જવાબ સાચા આપે એટલે પ્રથમ લેવલ પસાર થયું. આમાં સાત સાચા જવાબ આપનારને એક સ્ટાર, 8 જવાબ બે સ્ટાર અને ૯ અથવા ૧૦ સાચા જવાબ આપનારને ત્રણ સ્ટાર આપવાનુ નક્કી કર્યુ. અને જે બાળક પાંચે પાંચ લેવલ પુરા કરી જાય, તેને લેવલના અંતે મેડલ આપવાનું નક્કી કર્યું. આ બાળકોની પ્રિય રમત અને એના ઉપરથી જ આ વિચાર આવ્યો એટલે આ રમતનુ નામ મેથજી બાળકોએ સજેસ્ટ કર્યુ. હજુ આની શરૂઆત કર્યા ના બે અઠવાડિયા જેટલો સમય થયો છે જેથી થોડું કામ થઈ શક્યું છે. હાલ આ ત્રણ અધ્યયન નિષ્પતિઓ માટે આ રમત તૈયાર કરી લીધી છે. આ અધ્યયન નિષ્પતિઓની બાળકોની કચાશ દૂર થઈ છે અને આ અધ્યયન નિષ્પતિઓ આધારિત નવી સંકલ્પનાઓ સરળતાથી શીખતા અને સમજતા થયા છે આગામી સમયમાં વધુ અત્યંત નિષ્પતિઓ ને આવરી લઇ આ રમત દ્વારા બાળકોનું પૂર્વજ્ઞાન દ્રઢ કરવાનો પ્રયત્ન કરીશ.





# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટર શિક્ષકનું નામ :- ત્રિવેદી મેહુલકુમાર દિલીપભાઈ
- ઈનોવેટરની શાળાનું નામ :- શ્રી ગાધકડા પે સેન્ટર શાળા  તાલુકો :- સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર :- 9427434956

## ॥ COMPUTER TEACHING FOR ALL ॥

આજના આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ટેક્નોલોજીનું જ્ઞાન અનિવાર્ય છે. જે જોતા બદલાતા સમય સાથે દરેક વિદ્યાર્થીને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી છે. દરેક ક્ષેત્રમાં આગળ વધવું હોય તો કોમ્પ્યુટરનું જ્ઞાન એક્સીલેટર તરીકે કામ કરે છે. તે મેડિકલ, એન્જિનિયરિંગ, ખેતી જેવા ક્ષેત્રોમાં એ જ્ઞાન જરૂરી છે પરંતુ પારંપરિક સ્વરોજગારના કામમાં પણ કોમ્પ્યુટર મદદરૂપ થાય છે. જેમ કે પશુપાલન, સુથારીકામ, લુહારીકામ, ભરતગુંથણ, વિહિકલ,ગેરેજ, પ્રિન્ટિંગ પ્રેસ, વગેરે. આ બાબત ધ્યાનને લઈને રાષ્ટ્રીય શિક્ષણનીતિમા કોમ્પ્યુટર,લેપટોપ, ટેબલેટ, મોબાઈલ, ઈન્ટરનેટનો ઉપયોગ વિદ્યાર્થી કરી શકે તે માટે કોમ્પ્યુટર શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે તે પ્રાથમિક શાળા થી પી. જી. સુધી જોવા મળે છે.

દરેક પ્રાથમિક શાળામાં ગુજરાત સરકાર દ્વારા 2011થી CALલેબ એટ્લે કોમ્પ્યુટર એડેડ લર્નિંગ લેબ આપેલ. જેમાં 11 કોમ્પ્યુટર સિસ્ટમ ફર્નિચર સાથે આપેલ. આ લેબનો ઉપયોગ ઘણો જ ઓછો થતો હતો અને શાળામાં કોમ્પ્યુટર લઈ શકે તે શિક્ષક અને તેના વિષયનું કાર્યભારને ધ્યાને લઇ કોમ્પ્યુટર શિક્ષણ ઓછું અને અનિયમિત થતું વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે કોમ્પ્યુટર ઘણા જ ઓછા પડતા તેમજ ટેકનિકલ ખામીના લીધે કોમ્પ્યુટર બંધ રહેતા અને જ્યાં સુધી તાલુકા કક્ષાએથી કોમ્પ્યુટર ટેકનિશિયન ન આવે ત્યાં સુધી બંધ રહેતા અને જ્યારે શિક્ષકો રજા પર હોય ત્યારે વર્ગવ્યવસ્થાના પ્રશ્નો થતા અને ઉપરથી શાળામા શિક્ષકોની ઘટ. આ તમામ સમસ્યાઓને ધ્યાને લઈ શાળા સમય પહેલા અને શાળા સમય બાદ કોમ્પ્યુટર ભણાવી શકે તેમજ હાર્ડવેર અને સોફ્ટવેરના ટેક્નિકલ ખામી રીપેર કરી શકે તેવા કોમ્પ્યુટર શિક્ષકની જરૂર ઊભી થઈ

અમારી શાળામાં એક આધુનિક ડિજિટલ કોમ્પ્યુટરલેબ બનાવી અને કોમ્પ્યુટરની સંખ્યા વધારી. કોમ્પ્યુટરને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેકશન આપવામાં આવ્યું તેમજ શાળામાં એક M.Sc. I.T. લાયકાત ધરાવતા કોમ્પ્યુટર ટીચરની ઈનોવેટર ટીચર દ્વારા સ્વખર્ચે પગાર આપી અને રાખવામાં આવ્યા. આ રીતે કોમ્પ્યુટર શિક્ષણ શરૂ કર્યું જેમાં શાળા સમય બાદ અને શાળા સમય પહેલા કોમ્પ્યુટર ક્લાસની બેચ નક્કી થઈ. જેમાં ધોરણ 7 અને 8 ના વિદ્યાર્થીને અઠવાડિયામાં ચાર દિવસ ધોરણ-5 અને 6ના વિદ્યાર્થીને અઠવાડિયામાં ત્રણ દિવસ અને 3 અને 4ના વિદ્યાર્થીને અઠવાડિયામાં બે દિવસ કમ્પ્યુટર શિક્ષણ મળે તેવું સુનિશ્ચિત કર્યું. જેમાં કોમ્પ્યુટર ટીચર દ્વારા અલગથી હાજરી પત્રક નિભવવામાં આવે છે. મહિનામાં એક વખત થિયરીકલ omr દ્વારા અને પ્રેક્ટિકલ જ્ઞાનની ચકાસણી માટે મૂલ્યાંકન થાય છે. દરેક વિદ્યાર્થીનું પોતાનું બનાવેલું કોમ્પ્યુટરમાં ફોલ્ડર એમણે કરેલી વર્ષ દરમિયન કામની પૂર્ણ દસ્તવેજી સાબિતી દર્શાવે છે. વર્ષના અંતે ગામના એક ઉદ્યોગપતિને આ કાર્યનો તમામ અહેવાલ આપી. તેમણે વિદ્યાર્થીએ કરેલું પ્રેક્ટીકલ વર્કની  જાતે ચકાસણી કરી કોમ્પ્યુટર લેબ અને કોમ્પ્યુટર ટીચરના પગારના દાતાની જવાબદારી પોતે લીધી. ત્યારબાદ બીજા વર્ષથી વધુ સારી રીતે અને પદ્ધતિસર દરેક ધોરણનો કોષ ડીઝાઈન કરી અને કોમ્પ્યુટર શિક્ષણ આગળ વધાર્યુ.

આ નવતર પ્રયોગના એક વર્ષ પૂર્ણ થયે જે વર્ષ દરમિયાન દર માસિક પ્રેક્ટીકલ અને થીયરી મૂલ્યાંકનના પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં કોમ્પ્યુટર જ્ઞાન ખૂબ જ વધારો થયો અને બાળકોમાં કોમ્પ્યુટર પ્રત્યેનો  ભય દૂર થયો વિદ્યાર્થીમાં હાર્ડવેર અને સોફ્ટવેર પાયાની જ્ઞાન વૃદ્ધિ થઈ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ~૨૦૨૧~૨૨



- ઈનોવેટર શિક્ષકનું નામ :- લાખાણી મનીષાબેન ફિરોઝભાઈ
- ઈનોવેટરની શાળાનું નામ :- નગર પ્રાથમિક કન્યા શાળા નં - ૨ અમરેલી
- ઈનોવેટરનો મોબાઈલ નંબર :- 7990617408

## ॥ ટ્રેન્ડ સેટર્સ - કારકિર્દી માટેની દિશા ॥

ગાયકવાડ વખતનું અમરવેલી જે આજે અમરેલીના નામથી પ્રખ્યાતછે. એ નગરમાં, નગર પ્રાથમિક કન્યા શાળા નંબર-2 માં ભાષા શિક્ષક તરીકે હું ફરજ બજાવું છું ત્યારે કોરોના પેન્ડામિકના સમયગાળા દમિયાન શિક્ષણ ક્ષેત્રે ખાસ કરીને વિદ્યાર્થીઓની લર્નિંગ પ્રોસેસમાં ઘણા અપડાઉન્સ જોવા મળ્યા,આ સમય એવો રહ્યો કે જેમાં વિદ્યાર્થીઓ સાથે સાથે વાલીઓ પણ " COME BACK TOWARDS NORMAL LIFE " માટે સજાગ પ્રયત્નશીલ અને ગંભીર બને. આ સમય દરમ્યાન બાળકો અને વાલીઓ માટે કારકિર્દી માટે સજાગ અને પ્રયત્નશીલ ન હતાત્યારે એક વર્કશોપનું આયોજન કરવાનું વિચાર્યું.

જેના માટે શનિ રવિ પસંદ કરવામાં આવ્યા. આઠ કલાકનો સમયગાળો રાખવામાં આવ્યો. જેમાં સાડા પાંચ કલાક વિદ્યાર્થીઓ માટે અને દોઢ કલાક પેરેન્ટ્સ માટે, નગર પ્રાથમિક કન્યા શાળા નંબર 2 માં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. ત્રણ શનિ-રવિ સુધી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સૌથી પહેલા વાલી અને બાળકો માટે પ્રિટેસ્ટ લેવામાં આવી, ત્યારબાદ વર્કશોપ યોજવામાં આવ્યો. જેમાં બાળકો અને પેરન્ટ્સે રસ દાખવ્યો. સો ટકા હાજરી રહી. ત્રીજા શનિ રવિ એ પોસ્ટ લેવામાં આવ્યો. વાલીઓ અને વિદ્યાર્થીઓ અભિપ્રાય લેવામાં આવ્યા. દરેકે આ વર્કશોપમાં ખૂબ સારા પરિણામો મળ્યા વાલીઓ જાગૃત બન્યા જેમાં બાળકો અને વાલીઓ માટે એક નવો અનુભવ હતો તેમાં કૌશલ્ય વિકાસ નિર્ણયશક્તિ કોમનસેન્સ ડહાપણ નિષ્ઠા અને ઉદ્યમ જેવાlife skill ઉદાહરણ જોવા મળ્યા ત્યારે કારકિર્દી માર્ગદર્શન વર્કશોપ તેઓના રીચાર્જ માટે બેસ્ટ સાબિત થયો. અમારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી તુષારભાઈ જોશી દ્વારા આ કાર્યને સરાહવામા આવ્યું

" નીડ ઓફ ટાઈમ " વર્કશોપ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન સાહેબશ્રીના મોટીવેશનથી આ વર્કશોપ ૨૦૨૦માં અમરેલી નગરપાલિકાની તમામ શાળાઓમાં અમલીકરણ માટેનું પ્લાનિંગ થયું.


**'WE ALL ARE BORN WITH DIVINE FIRE IN US,**
**AND OUR EFFORTS SHOULD GIVE TO WINGS TO THIS FIRE.''**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **ઈનોવેટરનું પૂરું નામ શ્રી -:**કોડિયા સુનીલભાઈ ખુશાલદાસ
- **ઈનોવેટરની શાળાનું નામ – ચાંદગઢ પ્રાથમિક શાળા તા. અમરેલી**
- **ઈનોવેટરનો મોબાઈલ નંબર -:** ૯૪૨૬૫૬૭૩૦૧

## ॥ SCIENCE MODEL ॥

અમરેલીથી ૧૫ કિલોમીટર દુર સાવરકુંડલા રોડ પર મોટા ગોખરવાળાથી અંદર હફરા નદીના કાંઠે રળિયામણું ચાંદગઢ ગામ આવેલું છે,આ ગામની પ્રાથમિક શાળામાં છેલ્લા ૮ વર્ષથી ઉ.શિ.તરીકે તથા ૨વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાઉં છું. પ્રાથમિક શાળાનાં બાળકોમાં ટેલેન્ટ રહેલું છે પરંતુ તેમને યોગ્ય પ્લેટફોર્મ સુધી લઈ જવા માટે યોગ્ય માર્ગદર્શનની જરૂર પડે છે તે માટે છેલ્લા ૧૦ વર્ષથી પ્રયત્ન કરતો આવ્યો છું.

ગણિત વિજ્ઞાનના શિક્ષક તરીકે મેં આ વિષયને સરળ કેમ બનાવી શકાય તે વિચારીને મેં જુદા જુદા મોડેલ જે સસ્તા અને સરળતાથી બનાવી શકાય તથા ઘર તથા શાળા પર્યાવરણમાંથી બાળકોને સરળતાથી નકામી ચીજવસ્તુઓ જેવી કે પી.વી.સી. પાઈપના ટુકડા, ખીલા, લાકડાની પટ્ટી, ડ્રોઈંગ કાગળ, અને પૂંઠા વગેરે જેવી વસ્તુઓનો ઉપયોગ કરી વિજ્ઞાન વિષય સરળતાથી સમજાય એવા મોડેલ તૈયાર કરવામાં આવ્યા છે. જાતે બનાવેલ માઈક્રોસ્કોપ, માનવશરીરની રચના,બેલેન્સ જેવા મોડેલ નજીવી કિંમતના બનાવવામાં આવ્યા છે.

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં ભારતમાં સરકારશ્રી તરફથી માર્ચ મહિનામાં જ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું જેથી બાળકો સાથેનો સંપર્ક છૂટો પડી ગયો જેથી બાળકોનાં હિતને ધ્યાનમાં લઈ મેં યુ –ટ્યુબ ચેનલ ચાલુ કરી અને બાળકોને ચેનલના માધ્યમથી બાળકોને પ્રયોગો તથા ગણિત–વિજ્ઞાન વિષયના પાઠની સમજૂતી પણ આપવામાં આવતી હતી.

વિદ્યાર્થીઓ અમુક પ્રયોગો જાતે કરતા અને બનાવતા થયા, આ પ્રયોગથી ફાયદો એ થયો કે વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય તરફ અભિરુચિ કેળવાય અને વિજ્ઞાન વિષય રસપ્રદ લાગવા લાગ્યો, વિજ્ઞાન વિષયના પાયાનાં સિદ્ધાંતો આત્મસાત થયા. વિદ્યાર્થીઓનાં વિજ્ઞાન વિષયમાં નોધપાત્ર પ્રગતિ થઈ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૧-૨૨

તથા વિજ્ઞાન વિષયની એકમ કસોટીના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો.













# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું નામ: શ્રી રામેશ્વરીબેન મણિલાલ નિમાવત.
- ઈનોવેટરની શાળાનું નામ: વિઠ્ઠલપુર પ્રાથમિક શાળા.તા. અમરેલી
- ઈનોવેટરનો મોબાઈલ નંબર: 9408458783

## ॥ TEACHER IS MY REAL SUPER HERO ॥

હાલના પ્રવર્તમાન સમયમાં ચાલતી કોરોનાની મહામારીના કારણે સમગ્ર વિશ્વભરમાં જનજીવન ખોરવાઈ ગયું. લોકોમાં જીવનના અસ્તિત્વ માટે ફફડાટ વ્યાપી ગયો. કારણકે, કોરોનાથી બચવા સમગ્ર શહેરોમાં lockdown લાગુ પાડવામાં આવ્યું.જેની વ્યાપક અસર વેપાર,રોજગાર, ઉત્પાદકો, ઉદ્યોગો પર પડી માણસોને બંને બાજુ સ્વાસ્થ્ય અને રોજગાર પર માર પડ્યો. ત્યારે, સૌપ્રથમ સ્વાસ્થ્ય સાચવવું એ પ્રાણપ્રશ્ન બની ગયો. શાળાના બાળકો દ્વારા ઓનલાઈન શિક્ષણ અને શહેરી શિક્ષણ દ્વારા યોગ અને આરોગ્યની ચાવી રૂપ સૂર્ય નમસ્કાર, આસન,વ્યાયામ અને પ્રાણાયામ કરવાની શરૂઆત કરી. સામાન્ય તાવ - શરદી અને માથાના દુ;ખાવા જેવા સામાન્ય બીમારીને આયુર્વેદ ઔષધ તુલસી, અરડુસી, ફુદીનો ગળો, લીમડો વગેરે જેવી વનસ્પતિનો ઉકાળો બનાવવો વિગેરે...સ્થાનિક સંદર્ભો સ્ત્રોતોના ઉપયોગથી વસ્તુ નિર્માણ જેવી કે કાથી કે સુતળીના પગલુછણીયા બનાવવા,બટન ટાંકવા, કાગળમાંથી પ્રાણી અને પક્ષીના પપેટ બનાવવા, કાપડમાંથી કઠપુતળી બનાવવી. સ્થાનિક ગામનો ઈતિહાસ લખવો અને નકશા દોરવા. ગામમાં આવેલી સૌપ્રથમ વસ્તુઓ જેવી કે લાઈટ, વિડીયો, ટીવી વગેરેની માહિતી મેળવવી. ફરજિયાત બાળકોને ગાયના દૂધમાં અશ્વગંધા યુકત દુધનું સેવન કરાવવું. ગાયના દૂધની અવનવી વાનગી શીખવવી, ગાયના ગોબરનું કમ્પોસ્ટ ખાતર અને ઓર્ગેનિક ખેતી વિશે માહિતી આપવી, ગૌમુત્રની રોગપ્રતિકારક ક્ષમતાનું મહત્વ અને સેવનનું સમજઆપવી.ગૌ પૂજાનું મહત્વ સમજાવવું.કાવ્યગાન, સ્લોગન, પ્રાર્થના, કરતાંલ વાદન, તબલાવાદન વગેરે શીખવવું. જીવનમાં સંગીતનું મહત્વ સમજાવવું હરિદાસ, સરદાર, તાનસેન, તાના-રીરીની, નરસિંહ મહેતા અને મીરાંબાઈનું જીવન ચરિત્ર સમજાવવું. વૈદિક વિશ્વ વિભૂતિ ઋષિ પતંજલિ,વશિષ્ઠ, વિશ્વામિત્ર, નચિકેતા, ધ્રુવ, પ્રહલાદ, ચરક, આર્યભટ્ટ, અબ્દુલકલામ, વિક્રમસારાભાઈનું વિશાળ વિજ્ઞાન સમજાવવું વાંચન અને વકતૃત્વ કરાવવું.રામાયણ અને મહાભારતના પાત્રોનો અભિનય કરાવવો.મેજિક સ્ટોરી, કાલ્પનિક ચિત્રો, ચિત્ર વાર્તા ,સ્વરચિત વાર્તા, હાઈકુ, જોડકણાંનો સંગ્રહ કરાવવો.ઘેરઘેર પુસ્તકોનું વાંચવા માટે બાળકો અને વાલીને વિતરણ કરવામાં આવે અને તેની સમીક્ષા પણ કરવામાં આવે.ઘરઆંગણે શાકભાજીના વેલા,ઔષધીય છોડના કુંડા-બોટલ ગાર્ડન બનાવવામાં આવ્યો. ઉપરોક્ત પ્રવૃત્તિઓના કારણે વિદ્યાર્થીઓનું જીવન અને સ્વાસ્થ્ય સૌષ્ઠવ બન્યું. બાળકો પ્રવૃત્તિશીલ બન્યા. જીવનમાં મુલ્ય, આત્મગૌરવ અને વડિલોને સમ્માન અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવશાળી જીવન મુલ્ય શીખ્યાં.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરૂ નામ :જોષી પૂજાબેન હર્ષદ કુમાર
- ઈનોવેટરની શાળાનું નામ શ્રી :થોરડી પ્રાથમિક શાળા , તા - સાવરકુંડલા ,
- ઈનોવેટરનો મોબાઈલ નંબર :9429454177

## ॥ લોક સહયોગ દ્વારા શાળાવિકાસ ॥

3 જાન્યુઆરી 2019માં સાવરકુંડલા તાલુકાની શ્રીથોરડી પ્રા.શાળામાં હેડટીચર તરીકે મારી બદલી થઈ ત્યારે શાળા ની પરિસ્થિતિ 'એક સાંધો તો તેર તૂટે' જેવી હતી. નદીની એક બાજુ નળિયાવાળું જર્જરિત શાળાનું મકાન અને બીજી બાજુ સ્લેબ વાળું મકાન.પાયાની જરૂરિયાત એવી પાણીની સુવિધામાં માત્ર ડંકી. બાળકો ડંકી સીંચીને પાણી પીવે. સેનિટેશન ,સ્વચ્છતા,પાણીના નળ વગેરેનો તદ્દન અભાવ.તો પછી R.Oની તો વાતજ શું કરવી? ત્યારે મારા પિતાજીનું વાક્ય 'Bloom, Where you are planted' યાદ આવ્યું .અર્થાત 'ખીલી ઉઠો જ્યાં તમને રોપવામાં આવ્યા છે.' આ શાળાનો સંપૂર્ણ ભૌતિક વિકાસ કરવા હું કટિબદ્ધ થઈ. સાથે-સાથે ધોરણ છ થી આઠમાં ભાષા શિક્ષકનો મુખ્ય વિષય ગુજરાતી હોય, મારે બાળકોને અંગ્રેજી વિષયમાં પણ પારંગત બનાવવાના હતા. આ શાળાના વિકાસ માટે શાળાની રીપેરીંગ ગ્રાન્ટ ખૂબ મર્યાદિત હોઈ, સૌ પ્રથમ ગામના આગેવાનો, સરપંચ વગેરે સાથે વિચાર વિમર્શ કરી 'શાળા વિકાસ' માટે સહકાર લેવા પ્રયત્ન કર્યો. સૌ પ્રથમ ડંકીના સ્થાને પાણીની મોટર મુકાવી,દાદરા નીચે પાણીની ટાંકી-નળ મુકાવી,બાળકોને પીવાના પાણીની વ્યવસ્થા થઈ. ગામના દાતાશ્રી દ્વારા પાણીની ઓરડી ફરતે જાળી બનાવવા પહેલ થઈ. પછી તો ઘણા ગામના આગેવાનો નો સંપર્ક કર્યો.ત્યાં 'તોકતે' વાવાઝોડામાં શાળાની દિવાલ ધરાશાયી થઈ. નાળામાંથી આવેલું પાણી શાળાના બિલ્ડિંગમાં બેફૂટ દિવાલો સુધી પહોંચીગયું. covid 19, ' તોકતે' વાવાઝોડું, જેવી કુદરતી આપત્તિ વચ્ચે પણ દાતાશ્રીઓનો સતત સંપર્ક શરૂ રાખ્યો. અને કહેવાયછે ને કે 'સારા કાર્ય માટે ઈશ્વર હંમેશા સાથે હોય છે'. મુંબઈ સ્થિત રતિલાલ ગોહિલ ટ્રસ્ટનો ઈ-મેઈલ થી સંપર્ક થયો. અને તેમના માતૃશ્રી આ શાળામાં ભણેલા,એ ખ્યાલ આવતા તેમને શાળાના વિકાસ માટેની જરૂરિયાતો કહી .શાળામાં ફરતે નવી દિવાલ, મેઈન રજવાડી દરવાજા, દાદરાનુંસ મારકામ ,સિમેન્ટ ટાઈલ્સની ચોકડી, શાળાને રંગ-રોગાન, શાળા ફરતી લોખંડની જાળી, કુલ 4,00,000કિંમતનું રોકડમાં નહીં પરંતુ કાર્યરૂપે શાળામાં દાન મેળવી , શાળાનો ભૌતિક વિકાસ શક્ય બન્યો. તેમના નિવાસ સ્થાને મુંબઈ મારા પરિવાર સાથે જઈ તેમને શુભેચ્છા ભેટ આપી, તેમનો આભાર વ્યક્ત કર્યો.હજુ આ શાળાને ટોચ પર લઈ જવા માટે મારી સામે અનેક પડકારો છે. જુના જર્જરિત રૂમોની હરાજી થતાં રૂમોની ઘટ હોય , અત્યારે શાળા બે પાળીમાં ચાલે છે. શાળામાં નવું બિલ્ડીંગ બનાવવું ,શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કરવું, દરેક વર્ગને સ્માર્ટક્લાસ બનાવવા, 'Bilding as a learning aid ' બનાવવું. વિદ્યાર્થીઓને સાચા અર્થમાં 'વિદ્યાનાઅર્થી' બનાવવા આ માટેની યાત્રા હજુ શરુછે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટર **શિક્ષકનું નામ** -: **શિલ્પાબેન મહેશભાઈ દેસાઈ**
- ઈનોવેટરની **શાળાનું નામ - પે સેન્ટર શાળા નં- ૧ સાવરકુંડલા**
- ઈનોવેટરનો **મોબાઈલ નંબર** -: **9428617585**

## ॥ આંગણે જ અભ્યાસ ॥

**,આ અમારો નાનકડો એવો છે પ્રયાસ"**

**બાળકો પોતાના આંગણે જ કરે અભ્યાસ ".**

કોરોના મહામારીના કપરા કાળ દરમ્યાન સૌથી અગત્ય અને મહત્વની બાબત એ હતી કે શાળા બંધ છે પણ ' '.શિક્ષણ નહિશિક્ષણ સાથે બાળકો જોડાયેલાં રહેરૂ ,તેમની રસ ,ચિ જળવાય રહે તે માટે પ્રયાસ શરુ કરાયાતો સમસ્યા એ . ઉભી થઈ કે જે બાળકો પાસે સ્માર્ટ ફોન છે તેઓ તો ઓનલાઈન શિક્ષણ મેળવી શકશે પરંતુ જેમની પાસે સ્માર્ટ ફોન નથી ' .... જે હતો ..... આ સમસ્યાના નિવારણ માટે એક નવતર પ્રયાસ હાથ ધર્યો ?તેમને શિક્ષણ કેવી રીતે આપવુંઆંગણે જ અભ્યાસ.'

શાળાના સમયે સવારના ૮તાત્કાલિક હનુમાન મંદિર ખાતે કેવડાપરા વિસ્તારના બાળકો અને ૦૦:૯થી ૦૦: ,ખોડીયાર મંદિર ખાતે ૧૫:૧૦થી ૧૫:૯ બીડી કામદાર વિસ્તારના બાળકોને પ્રત્યક્ષ શિક્ષણકાર્ય કરાવવામાં આવતું . શરૂઆતમાં ઉપચારાત્મકકાર્ય કરાવવામાં આવ્યુંત્યારબા .દ લેખનની શરૂઆત કરીલાઈન બુકનો મહાવરો લેખન માટે ટુ . .શરુ કરાવ્યો

ખુબ ઉપયોગી અને મહત્વનું 'આંગણે જ અભ્યાસ' જે બાળકો પાસે માત્ર સાદા ફોન જ હતા તે બાળકો માટે આ ,વળી .પુરવાર થયુંAIF (અમેરિકન ઈન્ડિયન ફાઉન્ડેશનવિસ્તાર .દ્વારા અમારી શાળાને સાત ટેબલેટ આપવામાં આવ્યાં ( બનાવી વાલીઓની હાજરીમાં પ્રથમ આ ટેબલેટનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પ્રત્યક્ષ પ્રમાણે વિદ્યાર્થીઓની ટુકડી ટેબલેટ દ્વારા શિક્ષણમાં નિયમિત રૂબરૂ મુલાકાત લઈ .સમજુતી આપવામાં આવી વિદ્યાર્થી તથા વાલી સાથે વિશદ ચર્ચા કરવામાં આવતી .

વળી ,જેમ કે જોયફુલ સેટર ડે .પણ વિવિધતા વર્ચ્યુઅલ ક્લાસમાં .દરરોજ વર્ચ્યુઅલ ક્લાસ તો ખરા જ ,NMMS CLASS, દિન વિશેષ ઉજવણી વગેરેસર્જન શક્તિને વેગ મળે તે ,આ ઉપરાંત વિધ્યાર્થીઓની મનોસામાજિક માવજત થાય . માટે વિવિધ ઓનલાઈન સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રેરણા તેમજ માર્ગદર્શન પૂરું પાડ્યુંસાથે સાથે હોમ લર્નિંગ અંતર્ગત . વોટ્સએપ કસોટી વગેરેના સથવારે બાળકો યોગ્ય રીતે ,યુટ્યુબ વિડીયો ,શાળા-જી ,દીક્ષા એપ ,મ લર્નિંગ વિડીયોહો .અભ્યાસ કરે છે કે નહિ તેની સતત કાળજી રાખવામાં આવતી


રૂબરૂ વાલી સંપર્ક દ્વારા ઔપચારિક તેમજ અનૌપચારિક.ઓનલાઈન ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવતું ,

પ્રત્યક્ષ .યાસોના અંતે બાળકો રમવામાં સમય વ્યતીત કરવાને બદલે અભ્યાસમાં મન પરોવવા લાગ્યાઆ બધા પ્ર જે .શિક્ષણ બદલ વાલીઓને શાળા પ્રત્યે વિશ્વાસ અને આદર પેદા થયોના પરિણામે પ્રાયવેટ શાળા તેમજ અન્ય શાળામાંથી ૬૦ જેટલાં બાળકોએ અમારી શાળામાં પ્રવેશ મેળવ્યો .દ છેતે વાતનો ઘણો આનં .

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ: રવિયા તેજલબેન રમેશભાઈ
- ઈનોવેટરની શાળાનું નામ : શ્રી બ્રાન્ચશાળા નંબર. 4, તા: સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર:7383024401

## ॥ Pre-activities for learning outcomes ॥

સાવરકુંડલા શહેરની બ્રાન્ચશાળા નંબર-૪માં ઘણા વર્ષોથી એક અંગ્રેજી શિક્ષક તરીકે કાર્યરત છું. શાળામાં ધોરણ ૬થી૮માં અંગ્રેજી વિષયનું અધ્યાપનકાર્ય કરાવવાનું થાયછે. ઓનલાઈન વર્ગો ચાલુ હોવા છતાં પણ અંગ્રેજી વિષયમાં વ્યાકરણ, વાંચન, લેખન અને અર્થગ્રહણમાં ઘણી બધી મુશ્કેલીઓ અનુભવાતી હતી. સ્કૂલ રીપોર્ટ કાર્ડમાં પણ અંગ્રેજી વિષયની અધ્યયન નિષ્પતિના મૂલ્યાંકનની સરાસરી ઘણી નીચી જોવા મળી હતી.

સંશોધન જણાવેછે કે, કોઈ પણ વસ્તુ જોવી, સાંભળવી તેના કરતા જાતે પ્રયોગ કરી ઉપયોગમાં લેવાતી સાધન સામગ્રી વધુ અસરકારક હોય છે.'

આથી અંગ્રેજી વિષયમાં અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવા માટે વ્યાકરણ, વાંચન ,લેખન અને અર્થગ્રહણને ધ્યાનમાં લઈ વર્ગખંડમાં ઉપલબ્ધ હોય અને બાળકો જાતે ગમે ત્યારે તેમનો ઉપયોગ કરી શકે એવા હેતુથી અંગ્રેજી ફ્લેશ કાર્ડ અને અંગ્રેજી એક્ટીવીટી બુક બનાવવાનું નક્કી કર્યું. આ આયોજનના ભાગરૂપે સૌપ્રથમ એના માટે ફ્લેશ કાર્ડ બની શકે તેવી અધ્યયન નિષ્પતિઓની યાદી તૈયાર કરી તેમને વ્યાકરણ, વાંચન, લેખન અને અર્થગ્રહણ પ્રમાણે વિભાજીત કરી.ફ્લેશ કાર્ડ બનાવવા માટે ગૂગલના માધ્યમનો ઉપયોગ કરી ચિત્રોનું કલેક્શન કરવામાં આવ્યું.ત્યારબાદ હાર્ડ બોર્ડને જુદા- જુદા આકારોમાં કટિંગ કરી એમાં લેખન અને ચિત્રોનું ડ્રોઈંગ કરવામાં આવ્યું. આમ અધ્યયન નિષ્પતિ આધારિત ફ્લેશ કાર્ડ તૈયાર કર્યા.ફ્લેશ કાર્ડના નિર્માણ બાદ તેમના આધારિત જુદી-જુદી એક્ટિવિટી માટે એક બુક તૈયાર કરી. જેમાં એક અધ્યયન નિષ્પતિ આધારિત બે થી ત્રણ એક્ટીવીટી મૂકવામાં આવી છે. જેથી પુનરાવર્તનનો મહાવરો વધુ આપી શકાય.

આ ફ્લેશ કાર્ડનો વર્ગખંડમાં ઉપયોગ કરતાં પહેલાં અને ઉપયોગ કરી થોડા સમય બાદ ટેસ્ટ લેવામાં આવી અને મળેલા પ્રાપ્તાંકોના આધારે ફ્લેશકાર્ડની અસરકારકતા ચકાસવામાં આવી હતી. આ પ્રયોગને ધ્યાનમાં લઈ મે એક research paper પણ પ્રેઝન્ટ કર્યું હતું. આ research paper Zankhana international E-journal માં પબ્લિશ પણ થયું છે.

આમ આ પ્રયોગ કાર્યરત છે અને તેનું પરિણામ પણ ઘણું સારું જોવા મળી રહ્યું છે. વિદ્યાર્થીઓ odd words, rhyming words, time, opposite words, picture description, preposition અને use of dictionary જેવી સંકલ્પનાઓ સિદ્ધ થતી જોવા મળી છે.

આમ ખરેખર ફ્લેશ કાર્ડ ખર્ચ અસરકારક, પોર્ટેબલ, બહુમુખી અને સમગ્ર શીખવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં મદદ કરે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી




















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટર **શિક્ષક નું નામ : ચાવડા મનુબેન ડાહ્યાભાઈ**
- ઈનોવેટરની **શાળાનું નામ :શ્રી હજીરાધાર પ્રા . શાળા તા . લાઠી**
- ઈનોવેટરનો **મોબાઈલ નંબર 9909322270 :**

# ॥ સુવિચારોનું મહત્વ ॥

દરેક વ્યક્તિના મગજમાં વિચારના બીજ પડેલા જ હોય છે. જ્યારે બીજને પૂરતા પોષણનો અવકાશ પ્રાપ્ત થાય છે, ત્યારે તે ફુલેફાલે છે. એક અનોખી ક્રાંતિ સર્જાય છે. વર્તમાન 'સમય' શિક્ષકો માટે પડકાર રૂપ છે. શાળામાં બાળકોને અક્ષર જ્ઞાન આપીએ છીયે પણ સંસ્કારનું ભાથું ક્યાં ? વર્તમાન સમયમાં આધુનિક ટેક્નોલોજીએ ભરડો લીધો છે તેમાં બાળક ક્યાંથી મુક્ત રહી શકે ? તો સાથો સાથ ટેક્નોલૉજીના રંગે રંગવાનો જ છે. છાશ વારે બનતા છેડતીના કિસ્સાઓ, વડીલોના અપમાનના, માતપિતાના સંતાનો પ્રત્યેના બળાપા ! આ બધુ જોતાં મને એક વિચારની સ્ફુરણા થઇ જે મારા શિક્ષકો પાસેથી શીખીછું.

હું ધોરણ 6 થી 8 માં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાઉ છું ૧/૭/૨૦૧૪ ના રોજ રાજુલા તાલુકામાંથી લાઠી તાલુકામાં હજીરાધાર પ્રા. શાળામાં હાજર થઈ. મોટા ભાગે પશુપાલનનો વ્યવસાય કરતાં વાલીના બાળકો વાલીમાં શિક્ષણનું પ્રમાણ ઓછું પણ હૈયા ઉકલત ઘણી. દરેક બાળકો શાળાએ નિયમિત આવે. ક્યારેક ક્યારેક સહનના થાય એવું વર્તન બાળકો અને વાલી પણ કરી જાય. મેં મનોમન વિચાર્યું કે વાલીના વિચારોને હું નહીં બદલી શકું પણ આ ઊગતા આવતા કુમળા છોડ ને ચોક્કસ સારું પોષણ આપી શકીશ. મે પ્રવૃતિ શરુ કરી મારે પ્રાર્થનાસભાના આયોજનમાં પ્રેરક પ્રસંગ, સુવિચાર વગેરે કહેવાનું થાય જે તે વર્ગમાં શિક્ષક તરીકે વર્ગખંડમાં પહેલું કામ સુવિચાર લખી સમજાવવો તેને અનુરૂપ વાર્તા પ્રેરક પ્રસંગ વગેરે કહેવું અને પછી બાળકોને જેવુ આવડે એવું બોલવા પ્રોત્સાહિત કરું. દરેકે સુવિચારની નોટ બનાવવી. પ્રેરક પ્રસંગ લખવા,પુસ્તક વાચન કરેલ હોય તેના વિશે કહેવું.આમ બાળકની વાચનની પ્રવૃતિ વિકાસ પામી સાથે સાથે બાળકોનાં વાચવાથી અંદરો અંદર ચર્ચા થવા લાગી. સારા નરસા વર્તનની ખબર પડી અને તેમના વર્તનમાં સુધારો જોવા મળ્યો.


આ ઉપરાંત નિંબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેતા થયા અને હા પુસ્તક વાચન પ્રતિભાવમાં અમારી શાળાની વિદ્યાર્થીની જિલ્લા કક્ષાએ પ્રથમ આવી. આમ આ પ્રવૃતિ દ્વારા ચોકસ પણે બાળકના વ્યક્તિત્વનો વિકાસ થાયો છે. આત્મવિશ્વાસ સાથે કામ કરતો થયો છે. જીવનમાં નૈતિક મૂલ્યોનો વિકાસ પણ થયો છે.

આ સમગ્ર કાર્યમાં શાળા સ્ટાફનો પણ સિંહ ફાળોછે. વાલી વર્ગના પ્રતિભાવો પણ સારા મળેલ છે. વિશેષમાં મારા યુવા બાળકોએ પણ મને પૂરો સહકાર આપેલ છે દિલથી સમગ્રતયા આભાર.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી







સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા આયોજીત
સમગ્ર શિક્ષા અભિયાન કચેરી અમરેલી માર્ગદર્શિત
જિલ્લા કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધા

પ્રમાણપત્ર

સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા આયોજીત રાજ્યની સરકારી ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬-૮) શાળાઓ તેમજ સરકારી/ગ્રાન્ટેડ/આર.એમ.એસ.એ./મોડેલ કે માધ્યમિક (ધોરણ ૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટેની શાળા કક્ષાથી રાજ્ય કક્ષા સુધીની ધોરણવાર પુસ્તક વાચક સ્પર્ધા પૈકી તા.૨૯/૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ જિલ્લા કક્ષાની ધોરણ..૮.. ની પુસ્તક વાચક સ્પર્ધામાં કુમાર/કુમારી .................................. શાળા .................................. ક્લસ્ટર ............... તાલુકો.............. પ્રથમ ક્રમે વિજેતા બનેલ છે/[redacted], તે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

જિલ્લા પ્રો.કો. ઓર્ડિનેટર અમરેલી | જિલ્લા શિ.શ્રી અમરેલી | પ્રાચાર્યશ્રી જિ.શિ.અને તા.ભવન અમરેલી



સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા ગુજરાત પ્રેરીત
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, અમરેલી આયોજીત
ક્લસ્ટર કક્ષાની
પુસ્તક વાચક સ્પર્ધા - ૨૦૨૦


પ્રમાણપત્ર

સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા આયોજીત સરકારી ઉચચ પ્રાથમિક (ધો.૬ થી ૮) શાળાઓ તેમજ સરકારી/ગ્રાન્ટેડ/આર.એમ.એસ.એ./ મોડેલ/મોડેલ કે માધ્યમિક (ધો ૯)અને ઉચ્ચતર માધ્યમિક (ધો. ૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટેની કક્ષા રાજ્ય કક્ષા સુધીનો ધોરણવાર પુસ્તક વાચક સ્પર્ધા પૈકી તા.૧૫-૦૨-૨૦૨૦ ના યોજાયેલ કલસ્ટર (સી.આર.સી.)કક્ષાની ધોરણ.................. પુસ્તક વાચક સ્પર્ધામાં
કુમાર/કુમારી ..................................
શાળા .................................. પ્રથમ ક્રમે વિજેતા બનેલ છે.
તે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ખુબ ખુબ અભિનંદન
તા.રીખ : ૧૫-૨-૨૦૨૦

સી.આર.સી.કો.ઓ.ની સહી



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ:- પારઘી સંજયકુમાર વી.
- ઈનોવેટરની શાળાનું નામ :- શ્રી રોહિસા પે.સેન્ટર શાળા – જાફરાબાદ
- ઈનોવેટરનો મોબાઈલ નંબર:- ૯૭૨૪૨૩૪૮૨૮

# ॥ ગુજરાતી જ્ઞાનકોશ મોબાઇલ એપ્લિકેશન ॥

આપણી એકવીસમી સદીનુ સૌથી ક્રાંતિકારી હથીયાર તરીકે આપણે મોબાઈલ ફોનને ગણાવી શકીએ. તેમજ કોરોના કાળમા તો શિક્ષણને ટકાવી રાખવામા મોબાઈલનો સિંહ ફાળો છે. આજ મોબાઈલ ટેકનોલોજીને હથિયાર બનાવી અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની શ્રી રોહિસા પે.સેન્ટર શાળાના શિક્ષક શ્રી સંજયભાઇ પારઘીએ ગુજરાતી જ્ઞાનકોશ નામની મોબાઈલ એપ્લિકેશન બનાવી બાળકોના આંગળીઓના ટેરવે સમગ્ર વિશ્વના જ્ઞાનને રમતું કરવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાતી જ્ઞાનકોશ મોબાઈલ એપ્લિકેશન વિજ્ઞાન, સમાજ, ભુગોળ, ભાષા, તેમજ આ પ્રકારના અનેક વિષયો સંબંધિત મુદ્દાઓને ઈમેજ અને વિવરણ સાથે રજૂ કરતું એક ડિજિટલ સંગ્રહ છે. આ એપનો હેતુ વિધ્યાર્થીઓ માટે પોતાના અભ્યાસના વિષયવસ્તુના સંદર્ભ સાહિત્યનો એક સોર્સ ઉભો કરવાનો છે. આ એપને ઈંસ્ટોલ કરતા સૌ પ્રથમ હોમ સ્ક્રિન પર જુદા-જુદા મુદ્દાઓને લગતી ઈમેજ અને તેનું ટાઇટલ જોઇ શકાશે. તે લિસ્ટમાંથી કોઇ પણ મુદા પર ટચ કરતા તેને લગતી વિગત ખુલશે. જેમા તે બાબત સંબંધિત ઈમેજ અને વિગત હશે જેને સરળતાથી જોઇ અને વાંચી શકાશે. હોમ પેજ પર મેનુ ના બટન પર ક્લિક કરતા મેનુ ખુલશે જેમ અલગ-અલગ ઓપ્શન આપેલા છે. જેમા શેરના બટન પર ક્લિક કરતા આ એપને સોશિયલ મિડિયામા શેર કરી શકાશે. રેટિંગ પર ક્લિક કરી પ્લે સ્ટોર પર આ એપના રિવ્યુ અને રેટિંગ આપી શકાશે. મોર એપ પર ક્લિક કરતા સંજયભાઇ દ્વારા બનાવવામા આવેલી તમામ એપ મેળવી શકાશે. તેમજ અબાઉટ પર ક્લિક કરતા સર્જકનો પરીચય મેળવી શકાશે.

ગુજરાતી જ્ઞાનકોશ મોબાઈલ એપ્લિકેશન પ્લેસ્ટોર પર ઉપલબ્ધ છે અને કોઇ પણ વ્યક્તિ તેને સરળતાથી પોતાના ફોનમા ઇન્સ્ટોલ કરી તેનો લાભ લઇ શકે છે. હાલ આ એપના 4.2નુ રેટિંગ મળેલુ છે. જે આ એપની સફળતાનું સુચક છે. આ એપને ઇન્સ્ટોલ કરવા માટેની લિંક અને QR CODE નીચે પ્રમાણે છે.


લિંક

https://play.google.com/store/apps/details?id=com.svparghi.gyankosh

QR CODE


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટર શિક્ષકનું નામ રાજેશકુમાર જી પ્રજાપતિ :
- ઈનોવેટરની શાળા – શ્રી ભાક્ષી -૧ પ્રાથમિક શાળા તા.રાજુલા
- ઈનોવેટરનો **મોબાઈલ નંબર :8980 337661**

# ॥ The Virtual Dictionary ॥

કોરોના જેવા કપરા કાળમાં શાળાઓ બંધ હતી, પ્રત્યક્ષ શિક્ષણ બંધ હતું. ત્યારે સ્વાભાવિક છે કે બાળકોને શિક્ષણ સાથે જોડી રાખવા એ ખૂબ જ અઘરું કાર્ય હતું. આ સમય એવો હતો કે ત્યારે મોબાઈલ અને ઈન્ટરનેટ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા બાળકોને વર્ચ્યુઅલ શિક્ષણ આપી શકાય. સામાજિક વિજ્ઞાન વિષયની સાથે બાળકો જોડાયેલ રહે, સામાજિક વિજ્ઞાન વિષયમાં આવતી અઘરી સંકલ્પનાઓ બાળકો સરળતાથી શીખી જાય એ માટે કંઈક કરવું હતું. બાળકોને મોબાઈલ ફોન દ્વારા વર્ચ્યુઅલ મોડથી આ કાર્ય કરવાનું હતું. ત્યારે આ સમસ્યાના નિવારણ માટે એક નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો.

Benime Appનો ઉપયોગ કરી એનીમેશન શોર્ટ વિડીયો બનાવવાનું શરુ કર્યું. સૌ પ્રથમ પ્રયોગ ધોરણ ૬ સામાજિક વિજ્ઞાનના બાળકો માટે કરવામાં આવ્યો.પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરીને અઘરા શબ્દો, સંકલ્પનાઓ શોધી કાઢવામાં આવ્યા. તેને ટૂંકમાં કઈ રીતે સમજી શકાય તેની યાદી કરવામાં આવી. ત્યાર બાદ આ શબ્દોને લગતા ચિત્રો કે GIF ઈમેજ ગુગલ પરથી સર્ચ કરીને ડાઉનલોડ કરી. જેનો ઉપયોગ શબ્દકોશના એનીમેટેડ વિડીયો બનાવવા માટે કરવામાં આવ્યો. તેમાં સંગીત પણ ઉમેરવામાં આવ્યું. આ વિડીયો ૪૦ થી ૫૦ સેકન્ડમાં બની જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું. શોર્ટ વિડીયો દ્વારા બાળકો ઓછા સમયમાં સારું શીખે એ બાબતને ધ્યાનમાં લેવામાં આવી. ધોરણ ૬ થી ૮ સામાજિક વિજ્ઞાન વિષયના કુલ ૬૦ એનીમેટેડ શબ્દકોશના વિડીયો બનાવેલ છે. હજી કાર્ય શરુ છે.


The Virtaul Dectionaryના એનીમેટેડ શોર્ટ વિડીયો વોટ્સએપના માધ્યમથી રોજે રોજ સીધા બાળકો સુધી પહોચે તે માટે શેર કરવામાં આવ્યા. ગુજરાતના જુદા-જુદા ગ્રુપમાં આ વિડીયો શેર કરવામાં આવ્યા. સામાજિક વિજ્ઞાનના શિક્ષકોના ખુબ જ હકારાત્મક પ્રતિભાવો મળવા લાગ્યા અને બાળકો સુધી આ શબ્દકોશના વિડીયો શેર થવા લાગ્યા. ફેસબુકમાં પણ તેનું સીધું શેરીંગ કરવામાં આવ્યું. યુ-ટ્યુબમાં Social Science Material ચેનલમાં આ તમામ શોર્ટ વિડિયોનું કલેક્શન પણ કરવામાં આવ્યું. જેથી કરીને બાળકો પોતાના સમયે ફરીથી આ વિડીયો જોઈ પુનરાવર્તન કરી શકે.

The Virtaul Dectionaryના એનીમેટેડ શોર્ટ વિડીયોનું મૂલ્યાંકન વોટ્સએપમાં શિક્ષકોના મળતા પ્રતિભાવો દ્વારા કર્યું. સામાજિક વિજ્ઞાનના શિક્ષક મિત્રોએ આ વિડીયોને ખુબ પસંદ કર્યા. મેસેજ દ્વારા શુભેચ્છાઓ આપી અને બાળકોને નિયમિત રૂપે આ વિડીયો વોટ્સએપ અને ફેસબુકમાં બનાવેલ ગ્રુપ દ્વારા શેર કરે છે. બાળકોને પણ અઘરી સંકલ્પનાઓ સરળતાથી યાદ રહી જાય છે તેવા શિક્ષકમિત્રોએ પોતાના પ્રતિભાવો આપ્યા. આ પ્રકારના શોર્ટ વિડીયો જોઈ ઘણા બધા શિક્ષકમિત્રો એ પ્રેરણા લઈ આવા અન્ય વિષયના વિડીયો બનાવવાના શરુ કર્યા.

આમ આ રીતે The Virtaul Dectionary નામનો આ નવતર પ્રયોગ શરુ કર્યો. જે હાલમાં પણ કાર્યરત છે અને બાળકોને આ એનીમેટેડ શોર્ટ વિડીયો દ્વારા શિક્ષણ મેળવવાનો ખૂબ જ આનંદ આવે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી






# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ – ચાવડા પરેશકુમાર મોહનભાઈ
- ઈનોવેટરની શાળા - મોટા મુંજીયાસર પ્રાથમિક શાળા, તા. બગસરા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર - ૯૪૨૬૬ ૫૧૬૯૮

# ॥ નાણું શીખવાડે ઘણું ॥

લાંબા સમયગાળા બાદ વિદ્યાર્થીઓ જયારે શાળાએ આવે છે, ત્યારે તેઓને શાળાના વાતાવરણ અને અભ્યાસકીય પ્રવૃતિમાં એકીકૃત કરવા ખૂબ કઠીન છે, આવા સમયે વિદ્યાર્થી રસપૂર્વક અભ્યાસ કરી શકે તે માટે તેઓને પ્રવૃત્તિના માધ્યમથી શિક્ષણ તરફ વાળવામાં આવે તો, સરળતાથી શીખી શકે તેવું લાગ્યું. ઘણા અઘરા મુદ્દાઓ વિદ્યાર્થી જાતે માહિતી શોધીને લાવે તે માટે તેઓને કોઈ પ્રોજેક્ટ આપવામાં આવે તો સરળતાથી માહિતી મેળવી શકે તથા સામાન્યજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના ઊંડાણને પણ સમજી શકે.

આવા ઉમદા વિચારથી નાણાંના વિવિધ એકમોને એકત્ર કરીને તેના ઉપરથી અગત્યના ૩૫થી૪૦ મુદ્દાઓ અને ટોપિક અલગ તારવવામાં આવ્યા, જે વિષય સાથે સંકળાયેલ હોય, તેની સામાન્યજ્ઞાનની જાણકારી માટેના વિવિધ અંશોને અલગ કરવામાં આવ્યા,અંતમાં વિદ્યાર્થી આ પ્રયોગથી ૪૦ જેટલા મુદ્દાઓની ઊંડાણ પૂર્વક સમજ અને ૫૦૦થી વધારે સામાન્ય જ્ઞાનની જાણકારીના પોઈન્ટ્સ શીખી શક્યા, જે ખરેખર મહત્વની બાબત છે.

**નીચે પ્રમાણેની પ્રવૃતિઓમાં બાળકોની ભાગીદારી ...**

જૂથ ૧ - જૂના સિક્કાઓ એકત્ર કરીને તેનું નિદર્શન કરી માહિતી અલગ તારવે.

જૂથ ૨ - વર્તમાન સિક્કાઓ એકત્ર કરીને તેની માહિતીની નોધ કરે.

જૂથ ૩ - જૂની નોટ અને સિક્કાનું વિશ્લેષણ કરી નોંધ કરે.

જૂથ ૪ - નવી નોટની છાપ અને તેની વિશેષતાની નોધ કરે

જૂથ ૫ - આવેલ તમામ માહિતીનું એકત્રીકરણ કરી શોર્ટિંગ કરે.

જૂથ ૬ - આવેલ માહિતીમાંથી વન લાઈનર પોઈન્ટ તૈયાર કરે.

જૂથ ૭ - બુકલેટ તૈયાર કરવા માટે મહત્વની જાણકારી એકત્ર કરી ફાઈલ બનાવે.

અંતમાં બધા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સાહિત્ય 'નાણું શીખવાડે ઘણું'નાં માધ્યમથી કાયમી નાણાંની જાણકારી માટે લેખિત બુકલેટ તૈયાર કરી શકયા અને શાળાનું કાયમી નાનકડું ચલણી સિક્કા અને નોટનું પ્રદર્શન પણ તૈયાર થઇ શક્યું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ –૨૦૨૧–૨૨



- **ઈનોવેટર નું નામ -- નિમ્બાર્ક ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ**
- ઈનોવેટરની **શાળાનું નામ -- શ્રી બરવાળા બાવળ પ્રા. શાળા તા. કુંકાવાવ**
- ઈનોવેટરનો **મોબાઈલ નંબર --** ૯૯૭૮૭૦૨૯૮૩

## ॥ વેસ્ટ માંથી બેસ્ટ - શૈક્ષણિક સંસાધનો ॥

કુકાવાવ તાલુકા મથકથી અંદાજે ૨૫ કિલોમીટર દૂર આવેલું મારું બરવાળા બાવળ ગામ જ્યાં અમારી શાળા સાત શિક્ષકો સાથે કાર્યરત છે. એવી શાળામાં સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે કાર્ય કરું છું. ત્યારે બાળકોને વેસ્ટ માંથી બેસ્ટ શૈક્ષણિક સંસાધનો વિશે આ પ્રોજેક્ટનો વિચાર એટલા માટે આવ્યો કે આજે બાળકોને જ્ઞાન અને ગમ્મતથી જો શિક્ષણકાર્ય કરવામાં આવે તો બાળકોને સ્કૂલે આવવામાં અને અભ્યાસમાં રસ પડે છે.

તેથી મેં વેસ્ટમાંથી બેસ્ટમાં શૈક્ષણિક સાધનો દ્વારા આ પ્રોજેક્ટને હાથમાં લીધો ખાસ મે કાગળના માવામાંથી અલગ-અલગ પ્રકારના કિચનવેર, શોપીસ અને બીજી ઘણીબધી વસ્તુઓ આ પ્રોજેક્ટથી તૈયાર કરી આનાથી ફાયદો એ થયો કે શરૂઆતમાં ક્લાસમાં બાળકોની સંખ્યા ઓછી આવતી અને જ્ઞાન સાથે ગમ્મતથી બાળકોની સંખ્યા ખાસ કરીને 6 , 7 અને 8 ધોરણના વધારે બાળકો સ્કૂલે આવતા થયા.

સાથે સાથે નકામી વસ્તુઓનો અભ્યાસમાં ઉપયોગ કેમ કરાય ? તેની સાથે પ્રદૂષણ અને પર્યાવરણની જાળવણી કેમ કરાય ? તે ખાસ સમજાવ્યુ. આજે આ પ્રોજેક્ટથી અમારી સ્કૂલના બાળકો જ્યાં ત્યાં નકામો કચરો ફેકવાની જગ્યાએ તેને ઉપયોગમાં ક્યાં, કેમ કરાય આજે તો પ્લાસ્ટિકની બનેલી ચીજ વસ્તુઓને સળગાવવાના બદલે તેનો સુશોભનમાં કરી સ્વચ્છતાનો ગુણ વિકસાવી શક્યા.

આ પ્રોજેક્ટ ખાસ કરીને બાળકોને અભ્યાસમાં રસને રુચિથી સ્કૂલે આવવામાં ખૂબ મજા પડે છે અને અમે નવી નવી વસ્તુઓ વેસ્ટ માંથી બેસ્ટ બનાવીએ છીએ

વાલીઓ પણ અમારે શાળાની મુલાકાત દરમિયાન આ નવીનતમ પ્રયોગ અને વેસ્ટમાંથી બેસ્ટ દ્વારા બનાવેલ આઈટમો જોઈને અમારી પ્રશંસા કરી અને અમને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવે છે.

ધન્યવાદ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી





# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ : ધાંધીયા દિવ્યાબેન ગૌરીશંકરભાઇ
- ઈનોવેટરની શાળાનું નામ - શ્રી સરસ્વતી વિદ્યામંદિર પ્રા.શાળા , રાજુલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર : 9016442821

# ॥ મેરી પ્રાર્થના મેરી આરાધના ॥

**"પ્રાર્થના આત્માનો ખોરાક છે."**

કોવિડ-૧૯ના કારણે ઓનલાઇન પ્રાર્થનામાં સોમથી શનિ સુધી ધોરણ ૬ થી ૮ ને અ-બ પ્રમાણે વારા અપાયા. જેમકે, સોમવારે ૬-અ અને મંગળવારે ૬-બ બુધવારે ૭-અ ગુરુવારે૭-બ શુક્રવારે ૮-અ શનિવારે ૮-બ ,તેમજ ઓફલાઈન શિક્ષણમાં જે રીતે પ્રાર્થનાની રૂપરેખા હતી તે જ રૂપરેખાને ઓનલાઇન પ્રાર્થનામાં સ્વીકારી સોમ-મંગળ ગુજરાતી બુધ-ગુરુ હિન્દી તેમજ શુક્ર-શનિ અંગ્રેજીમાં બાળકોને પ્રાર્થના કાર્યક્રમ કરાવેલ. પ્રાર્થનામાં ભાગ લેતા બાળકો નિયમિત હાજરી પૂરી હાજરીપત્રકમાં આચાર્ય તેમજ અનુકૂળતાએ સીઆરસીની સહી લેવાથી તેમ જ પ્રાર્થનામાં સુંદર કૃતિ રજૂ કરનાર ને "આજનું ગુલાબ" બનાવાતું. ઉપરાંત તારીખ-માસ પ્રમાણે બાળકનો જન્મ દિવસ ઉજવાતો. જન્મદિનની ઉજવણી ઓનલાઇન મોડમાં સોમ-મંગળમાં જન્મદિવસ હોય તો ગુજરાતી ગીત દ્વારા અભિનંદન પાઠવવામાં આવતા,બુધ-ગુરુ હોય તો હિન્દીમાં અભિનંદન શુભેચ્છા પાઠવવામાં આવતી તેમજ શુક્ર-શનિમાં જન્મદિન હોય તો અંગ્રેજી ગીત ગાઈને ઓનલાઇન શુભેચ્છા પાઠવવામાં આવતી. બાળકનો ઓનલાઇન પ્રાર્થનામાં સ્ક્રીનશોટ પાડીને ૬-અ,૬-બ,૭-અ,૭-બ,૮-અ,૮-બ ધોરણના મારા ગુજરાતી વિષયના ગ્રુપમાં તેમજ સ્કૂલના એક્ટિવિટી ગ્રુપમાં નિયમિત પ્રાર્થના કાર્યક્રમના ફોટા મૂકવામાં આવતાં તેમજ ઓનલાઇન પ્રાર્થનામાં ધૂન,બાળગીત,સુવિચાર,જાણવા જેવું,આજનું વાંચન,ગિનતી,તાલબદ્ધ ઘડિયા-જ્ઞાન,જ્ઞાન-ગંગોત્રી વગેરે કૃતિઓ રસપૂર્વક બાળકો રજૂ કરતાં અંતે વંદે માતરમ ગાન બાદ પ્રાર્થના કાર્યક્રમ ૩૦ મિનિટમાં પૂર્ણ કરાતો.ઓનલાઇન પ્રાર્થના કાર્યક્રમમાં શાળામાં પરિપત્ર દ્વારા પહોંચતી અવનવી સ્પર્ધાઓ,અધ્યયન-અધ્યાપન અંગેની માહિતી ,એકમ કસોટી અનાજ વિતરણ જેવી અન્ય માહિતી શિક્ષકોના તાસ માટેની વિગતવાર રજુઆત કરાતી.શેરી શિક્ષણ નિયમિત વિસ્તાર પ્રમાણે ૧૧ વિસ્તારોમાં જવાનું થતું હોવાથી દરેક વિસ્તારમાં મારા બે બાળમિત્રો બનાવેલા તેમજ શેરીશિક્ષણમાં બાળકોને ગુજરાતી અધ્યન-અધ્યાપન અંતર્ગત પ્રવૃતિ સોંપવામાં આવી,<u>કે જે વિદ્યાર્થી પ્રાર્થનામાં ભાગ લે છે તે પોતાના મિત્રોને પ્રાર્થનામાં રસ લેતા થાય તે માટે કેવા પ્રયત્ન કરશો?</u>આમ શેરી શિક્ષણના વિદ્યાર્થીઓ પોતાના મિત્રોને પ્રાર્થનામાં જે રૂપરેખા થતી તે રસપૂર્વક વિસ્તારથી વર્ણવતાં અને તેથી અન્ય વિદ્યાર્થીઓએ પણ પ્રાર્થનામાં રસ લેતા થયા.વિદ્યાર્થીઓના સહયોગથી પ્રાર્થના કાર્યક્રમમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ. વિદ્યાર્થીઓ સાથે વાલીઓ પણ મારા પ્રાર્થના કાર્યક્રમને માણતા-જાણતા થયા અને પોતાના બાળકોને ધૂન બાળગીતમાં સાથે ગાઇને પ્રાર્થના કાર્યક્રમને પ્રોત્સાહિત કરતા. નિયમિત પ્રાર્થનામાં બેસનાર વિદ્યાર્થીઓના વાલીઓને ફોન કરીને,ગ્રુપમાં મેસેજ કરીને બાળક સાથે વાલીને પણ અભિનંદન પાઠવવામાં આવતા. આમ,વિદ્યાર્થીઓ પ્રાર્થનામાં વધુ રસ લેતા થયા.આ સાથે જે વિદ્યાર્થી વધુ દિવસો પ્રાર્થનામાં બેસેલ તેના માટે પ્રાર્થના પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા અને આ પ્રમાણપત્ર જોઈ બીજા અન્ય વાલીઓ પોતાના બાળકોને પ્રાર્થના કાર્યક્રમમાં નિયમિત બેસાડતા થયા.વિદ્યાર્થીઓ પ્રાર્થનામાં વધુ રસ લે તેના માટે ધોરણ વાઇઝ નિયમિત હાજર સંખ્યા પ્રાર્થનાના અંતે બોલાતી. જે વર્ગની સંખ્યા ઓછી હોય તે વર્ગના વિદ્યાર્થીઓ પોતાના મિત્રને પ્રાર્થનામાં

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

બેસાડવા માટે પ્રયત્ન કરતા અને સફળતા મેળવતાં. આમ,મારી શાળામાં નિયમિત ૪૫ થી ૫૦ બાળકો ઓનલાઇન પ્રાર્થનામાં ભાગ લેતા થયા અને મારા માર્ગદર્શન સૂચનને સ્વીકારી ઓનલાઇનમાં વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ શાળાને ગૌરવ પણ અપાવ્યું.

ઓનલાઇન "સુલેખન સ્પર્ધા"માં૪૦વિદ્યાર્થીઓ ભાગ લીધો તેમાથી ૨૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો મળ્યા. અમરેલી કલા વાટિકા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ "દેશભક્તિ ગીત સ્પર્ધા"માં ભાગ લેવડાવી, સતત તૈયારી સેવા વર્ગમાં કરાવીને દેશભક્તિગીતમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ. "mobile to sports"સ્પર્ધામાં સતત પંદર દિવસની મહેનત કરી લોકગીતમાં ચાર દિકરીઓઅને સુગમગીત માં એક દીકરી તથા લગ્ન ગીતમાં પાંચ બાળાઓને તૈયારી કરાવી જેમાં લગ્ન ગીત ને ક્રમ મળ્યો. આ સાથે દિન-વિશેષ(સ્પેશિયલ ડે)ની ઉજવણીઓ પણ ઓનલાઇન કરવામાં આવી જેમાં રક્ષાબંધન,જન્માષ્ટમી,શિક્ષક-દિન વગેરે વિષયોની રૂપરેખા વિસ્તારથી સમજવા મળતી હોવાથી જાગૃત વાલીઓ પોતાના બાળકોને પ્રાર્થનામાં બેસાડી શાળાના ઓનલાઇન શિક્ષણકાર્યને સહયોગી બન્યા. શેરી શિક્ષણમાં બાળકોને પ્રાર્થનાપોથીનું નિર્માણ કરાવેલ.જે પોથી બાળકો ઓનલાઇન પ્રાર્થનામાં ઉપયોગ કરતા થયા હતા.

<u>પ્રાર્થનાપોથીમાં નીચેની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.</u>

**<u>શ્લોક</u>**–"યા કુન્દેદુ......" , "ગુરુ બ્રમહા....... , "ૐ સહના......"

**<u>પ્રાર્થના</u>**-સોમથી શનિ સુધી **<u>ધુન</u>**-સોમથી શનિ સુધી **<u>બાળગીત</u>**–૧૫ **<u>સુવિચાર</u>**–૫૦

**<u>જાણવા જેવું</u>**- ૨૫થી ૩૦ **<u>ગીનતી</u>** - એક થી સો **<u>ઘડિયા</u>**-૧ થી ૨૦ સુધી **<u>ક્વિઝ</u>**-૫૧ પ્રશ્નો સામાન્ય જ્ઞાન સહિત

**<u>રાષ્ટ્રગાન</u>**– ગીત ઝંડા ગીત વંદે માતરમ જનગનમન **<u>હનુમાન ચાલીસા</u>** **<u>આજનું વાંચન</u>**, **<u>પ્રેરણાપ્રસંગબુક</u>**, **<u>ગ્રંથાલય</u>**

ઉપરોક્ત પ્રાર્થનાપોથી મારી શાળાના "પ્રિય બાળકો" સિવાયના દરેક પાસે વ્યવસ્થિત પ્રાર્થના પોથી પહોંચી છે.

આમ પ્રાર્થના કાર્યક્રમમાં રાજુલાના નિવૃત્ત કેળવણી નિરીક્ષક,આચાર્ય અનુકૂળતા મુજબ શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે જોડાઈને "ગુરુવાણી" વિષય અંતર્ગત વાત કરીને પ્રાર્થનાને વધુ રસમય બનાવતા. પ્રાર્થના કાર્યક્રમમાં સી.આર.સી તેમજ રાજુલાના બી.આર.સી.કો.ઓ સાહેબને પણ નિમંત્રણ પાઠવવામાં આવેલ હતું.

સતત બે વર્ષથી ચાલતા ઓનલાઇન પ્રાર્થનાથી શાળાની કાર્યપદ્ધતિથી શિક્ષણપ્રથા થી તેમજ શારીરિક શિક્ષણના કારણે જે તે વિસ્તારના વાલીઓ મારી શાળાના સરકારી ચાહક બન્યા અને બાળકોના એડમિશનમાં વધારો થતો રહ્યો.વિદ્યાર્થી સંખ્યામાં વધારો થતો જોવા મળેલ.વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ જોવા મળ્યો.ઓનલાઇન સ્પર્ધામાં ભાગ લેતા થયા અને નંબર પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવતાં થયા.પ્રાર્થનાની તૈયારી માટે મોબાઈલ પરથી અવનવી ક્વિઝ,કોયડા,જાણવાજેવું લાવતા થયા. વિવિધ પ્રકારની મોબાઈલ ગેમ રમતા બંધ થયા સમયાંતરે પ્રાર્થનામાં બેસનાર વિદ્યાર્થીઓ સદંતર ગેમ રમવાનું છોડી દીધેલ જે વાલીના અભિપ્રાયથી જાણવા મળેલ.પ્રાર્થના બાદ ઓનલાઇન ક્લાસમાં વિદ્યાર્થીઓ વધુ જોડાતા થયા તે સાથે બેસતા થયા તે અન્ય શિક્ષકો દ્વારા જણાયું.વિદ્યાર્થીઓ વચ્ચે ગાઢ મિત્રતા બની પોતાના વર્ગમાં આવેલ નવા વિદ્યાર્થીને તેમજ તેની રસ-રુચિને પ્રાર્થના કાર્યક્રમથી જાણતા થયા.જેન્ડર બાયસ દૂર થયો. ઓફલાઈન પ્રાર્થનાની જેમ ઓનલાઇન પ્રાર્થનાનું સંચાલન ધોરણ-વર્ગ વાઈઝ વિદ્યાર્થીઓ સુંદર રીતે કરતા થયા.વિદ્યાર્થીઓની માનસિક અને શૈક્ષણિક ક્ષમતામાં વધારો થતો જોવા મળેલ. શાળાના કાર્યનો પ્રચાર અને પ્રસાર વધ્યો.

**"વસ્તુનું મૂલ્ય નથી ભાવનાનું મૂલ્ય છે , જીવનની ખરી સાધના નું મૂલ્ય છે,**

**આપી દે છે ઘણા લોકો ખજાના ખોલીને,પણ સાચી રીતે તો પ્રાર્થના એક આરાધના નું મૂલ્ય છે."**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



ઈનોવેટરનું પૂરું **નામ :** સંદિપભાઈ ધીરુભાઈ ધડૂક

ઈનોવેટરની **શાળાનું નામ :** શ્રી કોઠા પીપરીયા પ્રાથમિક શાળા,તા.ધારી,

ઈનોવેટરનો **મોબાઈલ નંબર** :9978784966

## ॥ સ્માર્ટ સાયન્સ ॥

ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને વૈભવશાળી વારસાનું સંવર્ધન થાય તથા વર્તમાન પેઢીના બાળકો ટેકનોલોજીમાં વિશ્વ સાથે કદમ મિલાવે એવી ઈચ્છાતો કોઠા પીપરીયા પ્રાથમિક શાળામાં એક વિજ્ઞાન- ગણિત શિક્ષક તરીકે પહેલાથી જ હતી.

વિજ્ઞાન એ પ્રવૃત્તિ અને સમજણનો વિષય છે, પરંતુ મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રયોગ/પ્રવૃત્તિની સરળ પધ્ધતિ જાણતા નથી હોતા, ઘણીવાર શિક્ષકો પણ  કઠીન બિંદુને બાળકોને સમજાવવામાં મુશ્કેલી અનુભવતા હોય છે, આ સમસ્યાના નિવારણ માટે શ્રી કોઠા પીપરીયા પ્રા.શાળાના શિક્ષકશ્રી સંદીપભાઈ ધડુકે Smart Science નામની મોબાઈલ એપ્લીકેશન નિર્માણ કરવાનું નક્કી કર્યું, અને Smart Scienceનામની એપ્લીકેશન અસ્તિત્વમાં આવી.

ધોરણ ૬ થી ૮ ના વિજ્ઞાન વિષયના તમામ પ્રકારના સારાંશને રજુ કરતા સરળ વિડીયો આ એપ્લીકેશનની અંદર મુકવામાં આવેલ જેની મદદથી રાજ્યભરના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિજ્ઞાનનો કોન્સેપ્ટ ખુબ સરળતાથી અને ટૂંકાસમયમાં સમજી શકે N.M.M.S. જેવી પરીક્ષાઓ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષામાં એકી સાથે દરેક ધોરણના વિડીયો આ એપમાં ખુબ સરસ રીતે રજુ કરવામાં આવ્યા છે.


સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ફ્રીમાં ધોરણ 6 થી 8 ના વિડીયો લેક્ચર,પ્રયોગના વિડીયો, ટેસ્ટ સીરીઝ, સ્ટડી મટીરીયલ,ગેમ્સ, પોલ્સ, લાઈવ લેક્ચર, ડાઉટ સેશન, અને ઘણું બધું આ એપમાં જ સમાવિષ્ઠ છે.આ એપમાં ધોરણ ૧૧- ૧૨ સાયન્સના ફ્રી વિડીયો પણ મુકેલા છે. જી અને નીટ જેવી સ્પર્ધાત્ક પરીક્ષા માટેનું તમામ માર્દર્શન આ એપ દ્વારા ગુજરાત ભરના વિદ્યાર્થીને આપવામાં આવે છે.


વિજ્ઞાનના કોઈપણ પ્રકરણના ખૂબ ટૂંકા વિડીયો લેક્ચર, પ્રયોગોના વિડીયો, ટેસ્ટ અને સ્ટડી મટીરીયલ આ બધું જ માત્ર એક એપમાં હોવાથી વિદ્યાર્થીઓ ખુબ જ સરળતાથી દરેક ચેપ્ટરની અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરી શકે છે.

આ એપ્લીકેશનનો ઉપયોગ ખૂબ સરળ છે, એપ્લીકેશન ઓપન કરતા ડાબી બાજુ ઉપરના ખૂણે રહેલા થ્રી અઈકોનને ક્લિક કરતા ખુલેલા ઓપ્શનમાં સ્ટડી મટીરીયલ પર ક્લિક કરવું, ત્યારબાદ ડાબી બાજુ ધોરણ વાઈઝ અને ચેપ્ટર વાઈઝ દરેક વિડીયો આપેલા છે.

આ નવતર પ્રયોગથી ફાયદો એ થયો કે વિદ્યાર્થીઓ ટેકનોલોજી સાથે કદમ મિલાવતા થયા, વિજ્ઞાન વિષય રસનો વિષય બન્યો, અને બધાજ એકમોની સમજુતી ખૂબ સરળતાથી મેળવતા થયા, તેને શેર પણકરી શકાય છે,આ એપ્લીકેશન પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે, તેને સરળતાથી મેળવી શકાય છે, અને સમગ્ર ગુજરાતના શિક્ષકો સુધી સરળતાથી પહોંચાડી શકાય છે.આ એપ્લીકેશન પ્લેય સ્ટોરમાં ૪.૯ સ્ટાર રેટિંગ ધરાવે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ~૨૦૨૧~૨૨



- ઈનોવેટરનું નામ -: વરુણકુમાર અતુલભાઈ દવે
- ઈનોવેટરની શાળાનું નામ:  બવાડી પ્રાથમિક શાળા તાલુકો લીલીયા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર  - 9601041590

## ‖ Varun Mathematics Puzzle Game WITH A.R. V.R. ‖

**(ANDROID APPLICATION)**

**“જ્ઞાન કરતાં કલ્પનાનું મહત્વ ધણુ વધારે હોય છે,**

**જ્ઞાન સિમિત હોય છે પણ કલ્પના અસિમિત હોય છે.”**

**-આઈન્સ્ટાઈન**

ચારેય બાજુ વેરાન વિસ્તાર,પાણીનો કોઈ વરતારો નહીં, જયા જુઓ ત્યાં બસ ખારોપાટ વિસ્તાર, જમીનમાં પાણી નહીં વરસાદ પર આધાર સિહોની ગર્જના કરતો, બવાડીની ચોટીની બાજુમાં આવેલ આ અંતરિયાળ વિસ્તારની એક શાળા જેનું નામ બવાડી જેમાં વસ્તીનું  પ્રમાણ ઓછું અને બાળકોની સંખ્યા ૮૨ જેમાં બાળકો જ્ઞાન સાથે ગમ્મત અને ટેક્નોલોજી દ્વારા શિક્ષણ માટે આ નવતર પ્રયોગની શરૂઆત કરવામાં આવી હતી.

આધુનિક યુગમાં બાળકોને રસ અને ટેક્નોલોજીથી વાકેફ કરવા માટે અને વિષય-વસ્તુની સાચી સમજૂતી અને ઝડપથી યાદ રાખવા માટે ગણિત અને વિજ્ઞાન વિષયમાં  ગાણિતિક સમસ્યાઓ અને વૈજ્ઞાનિક સમસ્યાઓ વધારો જોવા મળે તેના નિવારણ માટે ધોરણ ૬ થી ૮ માં ગણિત-વિજ્ઞાન માટે એક એપ્લિકેશન દ્વારા ગણિત સાથે ગમ્મત સાથે વૈદિક ગણિત આધારિત એક મોબાઈલ એપ્લિકેશન બનાવવામાં આવી હતી. સાથે બાળકોને વિજ્ઞાનના ૩ડી વિડિયો પણ મૂકવામાં આવેલ છે.તે માટે આ નવતર પ્રયોગ મૂકવામાં આવેલછે. આપના મોબાઈલમાં PLAY STORE પરથી varun mathematics puzzle game ક્લિક કરી download કરો. આ game ANDROID MOBILE માટે છે. જેમાં puzzle માટે ત્રણ mode આપવામાં આવેલ છે.

1 QUIZ MODE

2 A.R. MODE

3  ( ઓગમેંર્ટેડ રિયાલીટી) V.R (VIRTUL રિયાલીટી)( MODE)

જો આપણે quiz રમવી છે તો quiz mode select કરો જો આપને 3D અને 2D વિડિયો જોવા છે તો A.R. MODE સિલેક્ટ કરો અને VRBOX ની મદદ થી આપ VRVIDEO જોવા VRMODE SELECT કરો. આમ અત્યાર સુધીમાં ૧૦૦૦ થી પણ વધારે બાળકો અને શિક્ષકો દ્વારા આ ગેમનો ઉપયોગ કરવામાં આવેલ છે અને સાથે તેમાં ૩૦ લેવલ પર ૬૦૦ વિધાર્થીએ કરેલ છે. ૪ ગેમને આ અને.૭ રેટ મળેલ હતા બાળકોને ગેમમાં આ આધારિત ગણિત વૈદિક  સાથે.N E P-2020 માં બાળકોને કોડિંગનું જ્ઞાન આપવું અને તેના દ્વારા ગણિતમાં તર્ક અને ગાણિતિક ઉકેલ મેળવે પઝલ આ આધારે તેના.game બનાવવામાં આવી છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨





- ઈનોવેટરનું પૂરું નામ : પંડિત સવિતાબેન બુદ્ધિલાલ
- ઈનોવેટરની શાળાનું નામ - શ્રી સરસ્વતિ વિદ્યામંદિર પ્રાથમિક શાળા -૧ રાજુલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર : ૯૬ ૩૮૬ ૨૪૩૨૮



## ॥ ppt matiriyal ॥


શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેકટ છે પણ ગણિત અને વિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ NCERT મુજબ થઈ ગયેલ હોય તેની સામગ્રી જ્ઞાનકુંજ પ્રોજેકટમાં ન હોવાથી તેનો ઉપયોગ કરવામાં મુશ્કેલી આવતી. યૂ-ટ્યૂબ કે અન્ય માધ્યમનો ઉપયોગ કરી ભણાવવામાં પણ ઇન્ટરનેટ કનેક્ટવિટીની સમસ્યાને કારણે મુશ્કેલી આવતી. આમ તાસના સમયમાં એક કે બે દાખલાઓજ બોર્ડ પર ગણી અને સમજાવી શકાતા હતા. અને અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલીઓ આવતી. કેટલાક વિદ્યાર્થીઓ બોર્ડ પરના દાખલાઓ ગણે તે પેહલા તાસ પૂરો થઈ જતો અને વિદ્યાર્થીઓના અધૂરા દાખલા નોટબૂકમાં રહી જતાં. આમ સમયના અભાવે બાળકોને અભ્યાસક્રમના બધા દાખલાઓ સમજાવવામાં મુશ્કેલી થતી હતી.તદુપરાંત આપણે જાણીએ છીએ કે છેલ્લાં ઘણા સમયથી કોરોના મહામારીને કારણે બાળકો શાળાએ આવી શકતા ન હતા અને તેઓ પોતાના અભ્યાસક્રમમાં ઘણા પાછળ થઈ ગયા હતા અને ઓનલાઇન માધ્યમથી શિક્ષણ લઈ રહ્યાં હતા. ઓનલાઇન શિક્ષણને કારણે ગણિત વિષયમાં નિશ્ચિત સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂરો કરવો તે પણ એક મોટી મુંજવણ દરેક શિક્ષકના મનમાં હતી. આમ ઓનલાઇન શિક્ષણ આપતી વખતે પણ ઘણી સમસ્યાઓ આવી આ બધી અનેક સમસ્યાને કારણે મને આ નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો કે એવી વિષય સામગ્રી બનાવવી જોઈયે કે સમય પણ બચાવી શકાય અને બાળકોને ભણવામાં મદદરૂપ થાય.

ગણિત અને વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ ભણાવવામાં આવતી મુશ્કેલીઓના નિવારણ માટે નવતર પ્રયોગ ગણિત વિષયના દરેક પ્રકરણની કમ્પ્યુટરમાં ppt (Power Point Presentation) બનાવી જ્ઞાનકુંજના માધ્યમથી ગણિત વિષયના શિક્ષણને સરળ બનાવવાનો એક પ્રયાસ કર્યો છે. હાલમાં ધોરણ 6,7અને 8 ગણિત વિષયની ppt મટિરિયલ પર કામ શરૂ છે.હાલમાં બની ગયેલ પ્રકરણની ppt સામગ્રી દ્વારા ધોરણ-6,7,8ના વિદ્યાર્થીઓને ગણિત વિષય ભણાવવામાં આવેછે. વાલીઓને આ ppt સામગ્રીની pdf fileવોટ્સઅપ દ્વારા મોકલવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને પાકી નોટ બનાવવામાં સરળતા થાય. આppt સામગ્રી બીજી શાળાના શિક્ષક મિત્રોને પણ મોકલવામાં આવી જેનો ખુબજ સારો પ્રતિભાવ મળ્યો.બીજી શાળાના શિક્ષકો આ ppt મટિરિયલ સામેથી મંગાવવા લાગ્યા. જેથી તેનો લાભ બીજી શાળાના ઘણા વિદ્યાર્થીઓને પણ મળ્યો. આppt વાલીના ફોનમાં મોકલવાથી વિદ્યાર્થીઓ પોતાના સમયે ફરીથી પુનરાવર્તન કરી શકે. આ નવતર પ્રયોગ PPT MATERIAL FOR GYANKUNJ PROJECT પર હાલમાં કામ શરૂ છે. અને વર્ષ 2022-23 માં આ નવતર પ્રયોગનો લાભ વધુમાં વધુ વિધાર્થીઓ અને શિક્ષકો લઈ શકે અને તેનું ખુબજ સારું પરિણામ મળે એવી મારી મનોકામના છે.


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી





# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી






# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરું નામ - ટાંક સુરેશભાઈ ચુનીલાલ
- ઈનોવેટરની શાળાનું નામ - શ્રી રાંઢિયા પ્રાથમિક શાળા, તા અમરેલી
- ઈનોવેટરનો મોબાઈલ નંબર - 9427555207

## ॥ હરતી ફરતી શાળા ॥

Covid-19ની ભયંકર બીમારીને કારણે આપણા દેશમાં લોકડાઉન આવ્યુ. આ લોકડાઉનનાં કડક નિયંત્રણથી શિક્ષણ કાર્ય બંધ હતું. આ સમયગાળા દરમ્યાન મને કાંઈક એવો વિચાર આવ્યો કે ONLINE શિક્ષણ કાર્ય તો શરૂ જ છે. પરંતુ બાળકોમાં પ્રત્યક્ષ શિક્ષણની ખોટ વરતાતી જોવા મળી. આ શિક્ષણનો ખાલીપો દૂર કરવા માટે મેં "હરતી - ફરતી શાળા"નો પ્રયોગ અમલમાં મુકયો.

હું શિક્ષણનો જીવ અને નવી નવી રીતે અધ્યયન કાર્ય કરાવવામાં મારી રસ-રૂચિ વધારે એટલા માટે “હરતી ફરતી શાળા” પ્રોજેકટ પસંદ કર્યો. જેમાં મારી મોટરને જ મારી શાળા બનાવી દીધી. જેમાં હું ચટાઈ, પાઠયપુસ્તક,ચોક, ડસ્ટર, અને અધ્યયન નિષ્પતી આધારીત T.L.M. લઈ અને નિકળી પડું. વિદ્યાર્થીઓના ઘરે-ઘરે જઈ અને ગણિત-વિજ્ઞાન જેવા અઘરા મુદ્દાઓ વિશે સમજાવું. તેમજ બાળકોને લેબોરેટરીના સાધનો બતાવું તેમજ T.L.M. દ્વારા શિક્ષણ આપું. સાવધાની સાથે સોશિયલ ડિસ્ટન્ટસ અને માસ્ક પહેરાવી બાળકોને દૂર -દૂર બેસાડી સાહિત્ય પહોંચાડી શિક્ષણ કાર્ય કરું. બાળકોને ગણિત અને વિજ્ઞાનના અઘરા મુદ્દાઓ સમજાવું. બાળકો પણ હોંશે હોંશે ભણે.

આ તકે સી.આર.સી.કો.ઓ.શ્રી ફાલ્ગુનભાઈ સાવલીયાએ વિઝીટ લઇ શૈક્ષણિક કાર્યનું અવલોકન કરી અને માર્ગદર્શન આપ્યું. તેમને પણ આ હરતી-ફરતી શાળા ગમી. આ ઉપરાંત એસ.એમ.સી.ના સદસ્યો અને સભ્યોએ પણ હરતી ફરતી શાળાની નોંધ લીધી અને સંતોષ વ્યકત કર્યો હતો.

આ પ્રયોગથી હું પહેલા 40 % બાળકોનો સંપર્ક કરી શકતો તેના બદલે 90 % બાળકોનો સંપર્ક થઈ શક્યો. બાળકો પ્રત્યક્ષ શિક્ષણ કાર્યનો અનુભવ કરતા થયા. આમ હરતી ફરતી શાળા વિદ્યાર્થીને કોરોનાકાળમાં શિક્ષણનું માધ્યમ બની.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી










# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **ઈનોવેટરનું પૂરું નામ -: ભાવનાબેન જયંતિલાલ ગજેરા**
- **ઈનોવેટરની શાળા નું નામ -:શ્રી અનીડા પ્રા.શાળા તા. કુંકાવાવ**
- **ઈનોવેટરનો મોબાઈલ નંબર -:૮૧૪૦૩૮૪૪૩૦**

# ॥ ન્યૂઝ પેપર દ્વારા સર્જનાત્મક લેખન અભિગમ ॥

શિક્ષણ એ નાવીન્ય પ્રવાહો સર્જતી નિરંતરિત પ્રક્રિયા છે. આ નાવીન્ય પ્રવાહોમાં ચેતનાત્મકતા પ્રગટાવવા સતત પ્રયત્નશીલ રહેનારા "ચિત્રકૂટ એવોર્ડ , ગુરુ ગૌરવ એવોર્ડ " અને તાલુકા કક્ષા એવોર્ડ પ્રાપ્ત કરેલ શ્રી ભાવનાબેન જે. ગજેરા અનીડા પ્રા.શાળા તા કુંકાવાવમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. કોરોના કાળના કપરા સમયમાં બાળકોનું પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ હતું. ઓનલાઇન શિક્ષણકાર્ય શરૂ હતું. તેવા સંજોગોમાં ધોરણ ૬થી૮ના વિધાર્થી ઓમાં સર્જનાત્મક લેખન માં ખૂજ જ ત્રુટિ અરુચિનો અભાવ જણાતો જોવા મળ્યો તેથી આ સમસ્યાના નિરાકરણ અને સર્જનાત્મક લેખનમાં વિશેષ ખીલવણી થાય તે હેતુને સિદ્ધ કરવા અને સતત જ્ઞાન માટે શોધ ખોળ કરે તે માટે

**" ન્યૂજ પેપર દ્વારા સર્જનાત્મક લેખન અભિગમ "**

આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો જેમાં વિવિધ પ્રકારની એક્ટિવીઝ

- વિશેષ દિન ઉજવણી
- બાલવાર્તા, ઉખાણા, જોડકણા, કાવ્યો
- ઐતિહાસિક કથાઓ કાંતિ વિષે આઝાદી ના લડવૈયા નું જીવન કવન
- ઋતુગીતો, દેશ ભક્તિ ગીતો, લગ્ન ગીતો.
- સ્વર રચિત કાવ્યોઓ, નાટ્ય લેખન

ઉપરોક્ત વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ કરવામાંમાં આવેલ જેના પરિણામ સ્વરૂપે વિધાર્થીઓમાં સર્જનાત્મક વિકાસ, મૌલિક અભિવ્યક્તિ, અક્ષર લેખન, ભાષા, જોડણી શુદ્ધિમાં ખૂબ જ વધારો જોવા મળ્યો. આ સર્જનાત્મક લેખન અભિગમ માં ૭૦ % થી ૮૦ % જેટલું પરિણામ પ્રાપ્ત થતું જોવા મળ્યું.

વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિધાર્થીઓમાં રસ-રુચિ કેળવાતી જોવા મળી સર્જનાત્મક લેખનમાં પોઝિટિવ અભિગમ કેળવાતો જોવા મળ્યો. અક્ષરલેખનમાં પણ સુધારો જોવા મળતો જણાયો. વિવિધ જોડકણા નાટકો વાર્તા બાલવાર્તામાં નવસર્જન કરવામાં રસરુચિ વિશેષ જોવા મળી. સર્જનાત્મક લેખન પ્રત્યેનો અણગમો દૂર થતો જોવા મળતો જણાયો. અંતમાં આ નવતર પ્રયોગ એકંદરે સફળ થતો જોવા મળ્યો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી






# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું નામ : જોષી ચિરાગ નવિનચંદ્ર
- ઈનોવેટરની શાળાનું નામ : શ્રી માયાપાદર પ્રા.શાળા તા.કુંકાવાવ, જિ.અમરેલી
- ઈનોવેટરનો મોબાઈલ નંબર : 9925291150

## ॥ હું જ મારો માર્ગદર્શક ॥

માયાપાદર પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક ન હોવાથી વિધાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ–રુચિ ઓછા હતાં અને વિધાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવતું પણ તેનાં જ્ઞાનની ચકાસણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો તેમજ વાલીઓ પણ પોતાના બાળકોનો શિક્ષણમાં શું પ્રોગ્રેસ થયો છે તે જાણવા માંગતા અને બાળકોની ટેસ્ટનું પરિણામ તુરત પ્રાપ્ત થઈ શકે તેવું ઈચ્છતા.

માયાપાદર પ્રાથમિક શાળાના ધોરણ 5 થી 8નાં વિધાર્થીઓ પાસે એમ.સી.ક્યું ટેસ્ટ લેવાનું નકકી કર્યું. તેમજ MCQ-test લેવા માટે પ્રશ્ન તૈયાર કરાવવા માટે વિધાર્થીઓને ફળિયા શિક્ષણ દ્વારા એમ.સી.કયુ પ્રશ્ન કેવી રીતે તૈયાર કરવા તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને પ્રશ્ન માટે એકમની ફાળવણી કરવામાં આવી.તેમજ દરેક વિધાર્થીએ પોતાના પ્રશ્ન તૈયાર કરી વોટ્સએપના માધ્યમથી ગ્રૂપમાં મૂકવા કહયું ત્યારબાદ પ્રશ્નમાં સુધારા-વધારા કરી એકમ પ્રમાણે પ્રશ્ન બેંક તૈયાર કરવામાં આવી. ત્યાર બાદ વિધાર્થીઓને ઓ.એમ.આર. શીટની ચકાસણી કરવા માટેની એપ્લિકેશન Evalbee ની સમજ આપવામાં આવી જેમ કે, OMR Sheetની Pdf કેવી રીતે બનાવવી, પ્રશ્નપત્ર ABCDસિરિયલ મુજબ તૈયાર કેમ કરવા અને તેની કી કેવી રીતે સેટ કરવી,OMR Sheetનું સ્કેનિંગ કેવી રીતે કરવું તથા રિઝલ્ટ કેવી રીતે જાહેર કરવું વગેરે બાબતોથી વિધાર્થીઓ અને વાલીઓને માહિતગાર કરવામાં આવ્યાં. શરૂઆતમાં આ એપનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી પરંતુ વારંવાર ઓ.એમ.આર. શીટનું સ્કેનિગ કરવામાં મજા આવતી એટલે થોડા સમયમાં દરેક વિધાર્થીઓ આ એપને સરળતાથી સમજી શકયા અને જાતે જ આ ટેક્નોલૉજીનો ઉપયોગ કરી પોતે જ પોતાના માર્ગદર્શક બન્યા.

ધોરણ ૬ થી 8ના વિધાર્થીઓ પાસેથી પ્રિ-ટેસ્ટ ધોરણ -6ના વિધાર્થીઓની લેવામાં આવી જેમાં કુલ પ્રશ્ન 22 અને 22 ગુણ હતાં. તેમાંથી ત્રણને ૫ થી ૮ ગુણ પ્રાપ્ત થયાં હતા ધોરણ 7અને 8ના વિધાર્થીઓની ટેસ્ટ 50 પ્રશ્ન અને 50 ગુણની હતી. તેમાંથી પાંચેક બાળકોને ક્રમશઃ18 થી 24 ગુણ પ્રાપ્ત થયાં. ત્યારબાદ ફરી ધોરણ 6ની એકમ 1ની ટેસ્ટ લેવામાં આવી જેમાં ઉપરોક્ત ત્રણેયને 10થી 15, ગુણ પ્રાપ્ત થયાં અને ધોરણ 7અને 8ના વિધાર્થીઓની ટેસ્ટ લેવામાં આવી પાંચેક બાળકોને ક્રમશઃ પહેલા કરતા વધુ ગુણ પ્રાપ્ત થયાં OMR sheetની ચકાસણી EVALBEE એપથી કરવામાં આવી હતી. તે પરથી કહીં શકાય કે વારંવાર પ્રયત્ન કરવાથી કઠિન વિષય પણ સરળ લાગે છે તેમજ વિધાર્થીઓમા પરિક્ષા પ્રત્યેનો ડર દૂર થયો અને મોબાઈલનો સાચો ઉપયોગ વિધાર્થીઓ કરતાં થયાં પરિણામ પ્રત્યેની ઇંતેજારીનો અંત


આવ્યો 'હાલ ટેસ્ટ આપો,હાલ પરિણામ મેળવો' તેમજ પોતેજ પોતાના માર્ગદર્શક બનો તેથી જ આ નવતર પ્રયોગનું નામ 'હું જ મારો માર્ગદર્શક' રાખવામા આવ્યું જે આ બાબતથી ચરિતાર્થ થયું.

**આ નવતર પ્રયોગ અંગે વાલીઓ અને વિધાર્થીઓનો ખુબ જ સારો પ્રતિસાદ રહ્યો તથા નવતર પ્રયોગને સફળ બનાવવામાં શાળાના સ્ટાફનો સિંહ ફાળો રહ્યો.**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી










# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરૂ નામ : જોષી દર્શના ડોલરભાઈ
- ઈનોવેટરની શાળાનું નામ – સી.આર.સી.ભૂવા તા સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઇલ નંબર – ૯૪૨૬૬ ૨૭૭૬૪


## ॥ ધ્વનિ દ્વારા વાંચનની શરૂઆત ॥

કોરોના મહામારી બાદ લગભગ ૨૦ મહિના પછી શાળાઓ શરૂ કરવામાં આવી.શિક્ષણમાં એક વિકલ્પ ઓનલાઈન શિક્ષણ આ સમય દરમિયાન મેળવેલ, પરંતુ ઓનલાઈન શિક્ષણ નાના બાળકો માટે સાર્થક પુરવાર થયેલ ન હોય જેથી આ બાળકોમાં શિક્ષણના પ્રારંભથી જ કચાશ જોવા મળેલ. સાથે સાથે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત એક સર્વે હાથ ધરવામાં આવેલ જેમાં ધોરણ ૧થી૩માં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું પરિણામ ખૂબજ નીચું જોવા મળેલ તે અંતર્ગત"નીપૂણ ભારત' કાર્યક્રમ FLN હાલ એક મિશન સ્વરૂપે દરેક શાળામાં આપવામાં આવેલ છે.

હું હાલમાં સી.આર.સી.ની ફરજ બજાવી રહીછું જેથી મારે અધ્યયન અધ્યાપન કાર્યમાં પડતી મુશ્કેલીઓ સાથે સીધા સંપર્કમાં રહેવાનું હોયછે. વર્ગખંડ મૂલ્યાંકન દરમ્યાન પ્રજ્ઞા વર્ગના બાળકોમાં વાંચનમાં પડતી મુશ્કેલીઓ જોવા મળેલ. આ બાળકોની શૈક્ષણિક સ્થિતિ સુધારવા માટે સતત ચિંતિત રહેતા શિક્ષકો પણ જોવા મળેલ. જેના કારણે મને આ નવતર પ્રયોગનો વિચાર આવેલ" પ્રારંભિક શિક્ષણમા ધ્વનિ દ્વારા વાંચનની શરૂઆત". ક્લસ્ટરની તમામ શાળાઓની મુલાકાત લઈ વર્ગખંડ અવલોકન દરમ્યાન બાળકોને મુશ્કેલી પડતી જણાય પરિણામે બાળકો પોતાની વય કક્ષા પ્રમાણેનુ વાંચન કરી શકતા ન હતા. જેના કારણે એક વિચાર આવેલ જેમાં બાળકોને ધ્વનિ દ્વારા વાંચન કરવામાં આવે તો બાળકો રમતા રમતા સરળતાથી બોલતા અને વાંચન કરતા થઈ શકે.

ધ્વનિઓ જેવા કે ખંજરી ચપટી,તાલી,ખંજરી, ઢોલક વગેરેનો ઉપયોગ કરવમાં આવેલ છે. જેમા ભુવા ક્લસ્ટરમાં 10 શાળાઓમાં આશરે 326 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરેછે. તેના માટે ઇન્વેટર તરીકે તમામ શાળાના શિક્ષકો માટે એક તાલીમનું આયોજન કરવામાં આવેલ અને ધ્વનિ ચેતના દ્વારા બાળકોમાં પ્રારંભિક વાંચન કેવી રીતે કરાવી શકાય તેની સમજણ આપવામાં આવેલ, સાથે એક ડેમો આપવામાં આવ્યો કે અલગ અલગ ધ્વનિઓ વસ્તુઓના ઉપયોગ દ્વારા વાક્યો શબ્દો અને શબ્દ નાના એકમ કેવી રીતે બોલાય છે તે સમજાવ્યું.દા.ત..આ/મારી/શાળા/છે.દરેક શાળામાં પ્રજ્ઞા શિક્ષકોએ આ પ્રયોગ દ્વારા શિક્ષણ કાર્ય કરવાનું ચાલુ કર્યું. આ પ્રવૃત્તિ દ્વારા બાળકો જાતે શબ્દો વાક્ય બનાવતા તેમજ વાંચતા થયા અને ઉત્સાહ સાથે અધ્યયન અધ્યાપન કાર્ય થતું જોવા મળ્યું.

આ નવતર પ્રયોગ હાલ દરેક શાળામાં ચાલુ છે. આ પ્રવૃત્તિ દ્વારા બાળકો અને શિક્ષકો બંનેમાં ઉત્સાહ જોવા મળે પ્રજ્ઞા વર્ગના દરેક બાળકો બોલતા થયા. આ પ્રયોગ FLN કાર્યક્રમ અંતર્ગત પણ સફળ પુરવાર થતો જણાયો. બાળકો યોગ્ય ઝડપ સાથે વાક્ય બોલતા વાંચતા થયા. કક્ષા પ્રમાણે વાંચન કરતા જણાયા

આ નવતર પ્રયોગના ઉપયોગ બાદ દરેક શિક્ષકોના અભિપ્રાય મેળવેલ ખુબજ પોઝિટિવ જોવા મળ્યા. આ પ્રયોગ દ્વારા 65 ટકા જેટલા બાળકોના વાંચનમાં તફાવત જોવા મળેલ. પરિણામે બાળકોના શૈક્ષણિક સ્તરમાં સુધારો જોવા મળેલ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી












# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટરનું પૂરૂ નામ : હડિયા હિમતભાઈ જે.
- ઈનોવેટરની શાળાનું નામ :સી.આર.સી. ખડસલી તા. સાવરકુંડલા
- ઈનોવેટરનો મોબાઈલ નંબર ૮૯૮૦૦૨૫૫૨૦

# ॥ ઓનલાઇન ટેસ્ટ ॥

કોરોનાના લીધે સમગ્ર ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ હતું. આ સમયગાળા દરમિયાન સી.આર.સી.-ખડસલી દ્વારા ઓનલાઇન શિક્ષણનો આધાર લેવામાં આવ્યો.Microsoft teamsના માધ્યમથી ઓનલાઇન શિક્ષણ કાર્ય થતું હતું. તમામ શિક્ષકો પૂરતા પ્રયત્નો દ્વારા ઓનલાઇન શિક્ષણમાં વિદ્યાર્થીઓને જોડતા હતા. ધીમે ધીમે રૂબરૂ મુલાકાત તેમજ શિક્ષણ દ્વારા પણ શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવતું હતું. સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે શાળાની મુલાકાત દરમિયાન બધા શિક્ષકોની એક સમસ્યા હતી કે online તેમજ રૂબરૂ મુલાકાત અને શેરી શિક્ષણ દરમિયાન કરાવેલ શિક્ષણકાર્યનું એક સાથે ઓછા સમયમાં મૂલ્યાંકન કેવી રીતે થઈ શકે? તેના નિરાકરણ સ્વરૂપે ઓનલાઇન ટેસ્ટ દ્વારા ઓછા સમયમાં એક સાથે મૂલ્યાંકન કરવાનો વિચાર આવ્યો .સી.આર.સીખડસલીમાં ધોરણ ૬થી૮મા ૧૮૩ જેટલા વિદ્યાર્થીઓ mobile phone ધરાવતા હતા. તેઓની ઓનલાઇન કસોટી લેવાનું વિચાર્યું.

Google ફોર્મના માધ્યમથી ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની ઓનલાઇન કસોટી તૈયાર કરવામાં આવી. જે કસોટીમાં જ્ઞાન, સમજ,ઉપયોજન અને કૌશલ્યને લગતા પ્રશ્નો સાથે કસોટી તૈયાર કરવામાં આવી. Google ફોર્મમાં કસોટી આપનારને ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મળે તો તેમને એક્સલન્સ પ્રમાણપત્ર સીધુ જ તેના મેઈલ પર મળે તે રીતે કસોટી તૈયાર કરી. કસોટીની લિંક વોટ્સએપના માધ્યમથી સી.આર.સી. ખડસલીના ધોરણ૬ થી ૮ના વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા મોકલવામાં આવેછે.

વિદ્યાર્થીઓને દર અઠવાડિયે જે તે માસમાં ચાલે અભ્યાસક્રમની એક વિષયની ધોરણ વાઇઝ તથા સામાન્ય પાયાની સમજને લગતી કસોટી મોકલવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના અનુકૂળ સમયે કસોટી આપે છે કસોટી આપ્યા બાદ પરિણામ પણ જોવા મળે છે પરિણામ જોઈને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો થાય છે.

કસોટી અપાઈ ગયા બાદ દરેક  શાળાના જે તે વિષય શિક્ષકને તેના વિદ્યાર્થીઓના રિપોર્ટની જાણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનું વ્યક્તિગત ફોલોઅપ લઈને કઠિન બિંદુઓ બાબતે જરૂરી ઉપચારાત્મક કાર્ય કરાવવામાં આવે છે. હાલમાં દર અઠવાડિયે એક વિષયની ધોરણ મુજબ કસોટી મોકલવામાં આવે છે. હાલમાં એવરેજ ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ કસોટી આપી રહ્યા છે. દિનપ્રતિદિન તેમાં વધારો થતો જાય છે.આ કસોટીમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને સુંદર પ્રમાણપત્ર મળતુ હોવાથી તેનાં માટે તેઓ અભ્યાસમાં રસ દાખવે છે. ઓનલાઇન / ઓફલાઈન શિક્ષણમાં વધુ ધ્યાન આપી અને ઉત્સાહપૂર્વક અભ્યાસ કરવા લાગ્યા. દરેક વિદ્યાર્થીના નામ જોગ માહિતી મળતી હોવાથી તેનું વ્યક્તિગત ફોલોઅપ લઈ તેમાં રહેલી અધ્યયન નિષ્પત્તિ મુજબની કચાશ દૂર કરવામાં મદદ મળી.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

9:28

docs.google.com/forms/d/e

## સી.આર.સી. ખડસલી, તા. સાવરકુંડલા, જી. અમરેલી દ્વારા આયોજિત કસોટી.

123 responses

વિદ્યાર્થીનું પૂરું નામ (અટક,નામ,પિતાનું નામ અંગ્રેજીમાં કેપિટલ અક્ષરમાં લખવું.)

123 responses

- DODIYA ANIRUDHDH MAGANBHAI
- Rathod ved jivanbhai
- Katariya priyanshu valbhabhai
- meghana vinubhai
- Chauhan Ashok ukabhai
- LUNASIYA NIKUL ARJANBHAI
- DAL ABJAL ISUBBHAI
- JAJADA BHAVIK VALKUBHAI

OTHER (16)

9:26

સી.આર.સી. ખડસલી, તા. સાવરકુંડ... 123

2. ધોરણ

RESULTS

| Options | % | Count |
|---|---|---|
| 6 | 13.82 | 17 |
| 7 | 40.65 | 50 |
| 8 | 45.53 | 56 |

BAR CHART





Summary Individual Export

9:29


ચતુષ્કોણના ચારેય ખૂણાનો સરવાળો કેટલો થાય?

123 responses




બે ભિન્ન બિન્દુમાંથી કેટલી રેખાઓ પસાર થઈ શકે?

123 responses




This content is neither created nor endorsed by Google.
Report Abuse - Terms of Service - Privacy Policy

Google Forms

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- ઈનોવેટરનું પૂરું નામ:- બારૈયા સંજયકુમાર બાલુભાઈ
- ઈનોવેટરની સંસ્થાનું નામ – બી.આર.સી. ભવન – તા.ખાંભા
- **ઈનોવેટરનો મોબાઈલ નંબર -:7069067904**


## ॥ ડિઝીટલ ડેટા સેવર ॥

આજના આધુનિક તેમજ સતત પરિવર્તનશીલ યુગમાં સમયની કિંમત વધતી જાય છે. જેઅન્વયે સમયનો સદઉપયોગ કેવી રીતે કરવો તેમજ ઓછા સમયમાં ઝડપી કામ કેવી રીતે કરવું. એવો સરકારી કચેરી, પ્રાઈવેટ સેકટરોમાં સતત પ્રયત્નો થતાં હોય છે. માટે ઓનલાઈન કામ કરવા માટે ડિઝીટલ ડેટા સેવરનો ઉપયોગ ખૂબ જરૂરી છે.સૌ પ્રથમ કોઈ માહિતી કે ડેટા માટે તમામ સી.આર.સી. કો.ઓર્ડિનેટરને ફોન કરીને નિયત પત્રકમાં મેઈલ મંગાવવામાં આવતા હતા જેમા જીલ્લા કે રાજ્ય કક્ષાની સમય મર્યાદાવાળી માહિતી નિયત સમયે મોકલવામાં થોડો વિક્ષેપ પડતો હતો જેના નિરાકરણના ભાગરૂપે બ્લોક કક્ષાએ ચર્ચા થતા ડિઝીટલ ડેટા સેવર અંગે નિર્ણય લેવાયો.

જેમા બી.આર.સી. કો.ઓર્ડિનેટર અને સી.આર.સી. કો.ઓર્ડિનેટર સાથે બ્લોક કક્ષાએ મિટીંગ કરી ડિઝીટલ ડેટા સેવરની કાર્ય પધ્ધતિ અંગે પ્રોજેકટર દ્વારા સમજ આપવામાં આવી. જેમા સૌપ્રથમ વોટ્સએપ-ગ્રુપમાં એક લીંક મુકવામાં આવે છે. જે પહેલેથી જ ગુગલશીટમાં મેઈલ કે ડ્રાઈવમાં અપલોડ કરેલી હોય છે. જ્યારે વોટ્સએપ-ગ્રુપમાં લીંકને ક્લિક કરતા નિયત પત્રક એક્સેસ કરેલ મેઈલ આઈ.ડી.માં દ્રશ્યમાન થશે જેના સંદર્ભે માહિતિ ભરી માહિતી કે ડેટા ભરશે કે અપલોડ કરશે જેમા સેવ કરવાનું ઓપ્શન હોતુ નથી માત્ર ડેટા ભરવાનો હોય છે. પહેલા માહિતીના એકંદરીમાં તમામ મેઈલ ડાઉનલોડ કરી એકત્રીકરણ થતુ હતુ જ્યારે ડિઝીટલ ડેટા સેવરથી તમામ ડેટા ઓટોમેટીક આપેલ ફોર્મુલા મુજબ ભરાઈ જાય છે. જેને ડાઉનલોડ કરી માંગેલ ફોર્મેટ મુજબ કે એક્ટેશન સાથે જીલ્લા કક્ષા કે રાજ્ય કક્ષાએ મોકલી શકાય છે. જેનાથી સમયની બચત થાય છે અને એકંદરી પત્રકથી છુટકારો મળે છે. ડિઝીટલ ડેટા સેવરનો ઉપયોગ કર્યા પછી અમારા ખાંભા તાલુકામાં કુલ ૭ કલસ્ટરની ૬૩ પ્રાથમિક શાળાઓના ડેટાઓના એકંદરીકરણ કરવા માટે જે મારે ૪ થી ૫ કલાકનો સમય લાગતો હતો. તે આજે ડિઝીટલ ડેટા સેવરના માધ્યમથી ગુગલ ડ્રાઈવની લીંક વોટસએપ એપ્લીકેશનમાં શેર કરવાથી તે માહિતી મને એકંદરીકરણ કરતાં માત્ર ૫ થી ૧૦ મીનીટ્સમાં કરવું શકય બન્યું છે. આ ઉપરાંત માહિતીની સચોટતા પણ વધી છે. ડિઝીટલ ડેટા સેવરી લીંક શેર કરતાં સ્માર્ટફોન માંથી પણ કામ કરવું ઘણું સહેલું છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- ઈનોવેટર**નું પૂરું નામ: લુહાર પૂર્વીબેન અરજણભાઈ**
- ઈનોવેટરની **શાળા: વડનગર-૧ પ્રાથમિક શાળા, રાજુલા**
- ઈનોવેટરનો **મોબાઈલ નંબર – 7567031333**


## ॥ ગર્ભ શિક્ષણ ॥


કોરોના મહામારીના કાળમાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ઘરમાંજ રહેવાનું હોવાથી સ્વાસ્થ્ય, શિક્ષણ અને મનોરંજનમાં ઘણું પરિવર્તન આવ્યું. આ કપરાસમયમાં બાળકોને તો ઓનલાઈન શિક્ષણ અને હોમલર્નિંગની વ્યવસ્થા મળી શકી પરંતુ ગર્ભમાં વિકસિત થતાં બાળકનું શું? કારણકે, આપણાં પુરાણોમાં, ઈતિહાસમાં અને વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે, બાળક ગર્ભથીજ શીખેછે. બાળકના મગજનો 80% વિકાસ ગર્ભમાં જ થાય છે. અભિમન્યુએ સાતકોઠાના યુદ્ધની રીતિ શુભદ્રાના ગર્ભમાંથી જ શીખી હતી. આથી મને વિચાર આવ્યો કે, બાળક શાળા માતો નિશ્ચિત સમય ગાળામાં પ્રવેશ મેળવી લે છે, પરંતુ બાળકને ગર્ભથીજ શિક્ષણ મળવું જોઈએ. આથી મે મારી શાળાની આસપાસની સગર્ભા મહિલાઓનો ફોન દ્વારા સંપર્ક કરીને એક વ્હોટ્સ-એપ ગ્રુપ બનાવી ગર્ભસ્થ બાળકનો તંદુરસ્ત વિકાસ થાય અને માતા આ નાજુક સમયગાળામાં શારીરિક તેમજ માનસિક રીતે સ્વસ્થ રહે તેવી માહિતી આપી હતી.

કોરોનાકાળમાં કપરી સ્થિતિ અંતર્ગત સગર્ભા મહિલાઓનો ફોન સંપર્ક કરીને whatsappગ્રુપ નવસર્જનની રચના કરી સૌપ્રથમ શાળાની આસપાસના વિસ્તારની મહિલાઓનો સંપર્ક કરી ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને મહિના પ્રમાણે શું ખાવું-પીવું, શું વાંચવું, કેવી દિનચર્યા ગોઠવવી તેની માહિતી આપવામાં આવી. જુદા જુદા ડોક્ટરો અને હેલ્થ વર્કરોની ટીમનું ઝૂમ અને મીટ એપ્લિકેશન દ્વારા કોન્ફરન્સ કરાવીને ગર્ભાવસ્થાની આંતરિક સ્થિતિનું ડેમોસ્ટ્રેશન દ્વારા સમજૂતી કરાવવામાં આવી સમયાંતરે સગર્ભા સ્ત્રી અને બાળકના વિકાસને અનુરૂપ સ્પર્ધાઓ અને મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કોરોનાના કેસ ઓછા થતાં શાળા વિસ્તારની મહિલાઓનો રૂબરૂ સંપર્ક કરીને મહિના પ્રમાણે ખાનપાન, પોષાક, વાંચન, સ્વાસ્થ્ય કાળજી, માં – બાળક સંવાદની માહિતી આપવામાં આવી.સગર્ભા દરમિયાન મદદરૂપ થાય તેવા પુસ્તકો આપવામાં આવ્યા રામાયણની મહિનાઓ પ્રમાણેની વિભાજિત ચોપાઈની બુકલેટ આપવામાં આવી. ધર્મ પ્રમાણે ની માન્યતાઓ અને બાળકના વિકાસ માટે ગર્ભાધાન સંસ્કાર, પુસંવવન સંસ્કાર, જન્મબાદ નામકરણ સંસ્કાર, અન્નપ્રાશન સંસ્કાર, વિદ્યા સંસ્કાર, જન્મતિથિ યજ્ઞ વગેરેની માહિતી આપવામાં આવી. હાલ શાળા વિસ્તારની બહેનોને આશાવર્કર, આંગણવાડી, સરકારી દવાખાના અને પ્રાઈવેટ દવાખાનાના સરનામા, મોબાઈલ નંબર વગેરે વિગત, નવજાત બાળકની સંભાળ, ગર્ભાવસ્થા દરમિયાન ઉપયોગી પુસ્તકો, સીડી આપવામાં આવે છે. whatsapp ગ્રુપ દ્વારા રોજે રોજ ગર્ભસ્થ બાળકના વિકાસ માટેની ટિપ્સ શેર કરવામાં આવે છે.

શાળા વિસ્તારની મહિલાઓને ઘેરબેઠા વોટ્સએપના માધ્યમથી ગર્ભાવસ્થામાં જરૂરી જ્ઞાન પ્રાપ્ત થયું ગર્ભસ્થ બાળકોને સગર્ભા માતા દ્વારા વિવિધ વાંચન શ્રવણ પ્રવૃત્તિઓનો અનુભવ થયો એકજ વિસ્તારની નહીં પરંતુ સમગ્ર રાજુલા શહેરની સગર્ભા મહિલાઓનો સંપર્ક થયો પરસ્પર માહિતીની આપ-લે થઈ. આ ગ્રુપથી મહિલાઓની માંગ મુજબ એક થી પાંચ વર્ષની શિશુઓની માતાઓનું પણ ગ્રુપ બનાવીને વય મુજબ સાર સંભાળની માહિતી અને પ્રવૃત્તિઓ રજૂ થાય છે.


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- પ્રશિક્ષણાર્થીનું નામ : ઠાકર શ્રુતિ પ્રફુલકુમાર
- પ્રશિક્ષણ સંસ્થાનુંનામ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
- મોબાઈલ નંબર : 7016869375

## ‖ Spelling Game zone ‖

**Children want the same things we want,**

**To laugh, to be challenged,**

**To be entertained and delight.**

અમારા અમરેલી જિલ્લામાં કુલ 11 તાલુકા આવેલા છે. આ11તાલુકામાં અમરેલી તાલુકામાં આવેલ ઈશ્વરીયા ગામની શાળામાં હું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલીમાં અભ્યાસ કરતી હોવાના લીધે ઈન્ટરનશીપમાં જવાનું થયું. મારો મુખ્ય વિષય અંગ્રેજી હોવાના લીધે મારે તે શાળામાં અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે કામગીરી બજાવવાની હતી.જ્યારે વર્ગ ખંડમાં બાળકો સમક્ષ જવાનું થયું ત્યારે મારા દ્વારા એક અંગ્રેજી ફકરો બાળકોને મૌલિક રીતે લખવા માટે આપ્યો ત્યારે તેઓની નોટબુક ચકાસતા જોયું કે વિદ્યાર્થીઓ સ્પેલીંગ લખવામાં ભૂલો કરેછે.વિદ્યાર્થીઓ સ્પેલિંગને સમજી શકતા નથી અને પોતાની રીતે બનાવી શકતા નથી.વિદ્યાર્થીઓ અંગ્રેજી સ્પેલિંગમા ગોખણપટ્ટીના બદલે બાળકોમાં મૌલિકતા વિકસે તેવો મારો અહીં એક નમ્ર પ્રયાસ છે.

વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીથી મુક્ત થઈ પોતાની રીતે સ્પેલિંગ કઈ રીતે લખી શકે તેનો ઊંડાણપૂર્વક મેં વિચાર કર્યો. સૌપ્રથમ તો વર્ગખંડમાં પ્રી-ટેસ્ટ ગોઠવવામાં આવી.જેમાં અંગ્રેજીના સરળ સ્પેલિંગ આપવામાં આવ્યા હતા. પ્રિ-ટેસ્ટ ગોઠવ્યા બાદતે ચકાસતા જોવા મળ્યુંકે બાળકોની પાસે બારાક્ષરીનું અપૂરતું જ્ઞાન હોય તેઓ સ્પેલિંગમાં ભૂલો કરેછે. જેથી મેં ટી.એલ.એમ. નિર્માણ કર્યું. જેમાં અંગ્રેજી બારાક્ષરી લખવામાં આવી સૌપ્રથમ વિદ્યાર્થીઓ પાસે મૂળાક્ષરોના ઉચ્ચારણ કરવામાં આવ્યા ત્યારબાદ ઉચ્ચારણ દ્વારા વિદ્યાર્થીઓ સ્પેલિંગ કઈ રીતે બનાવી શકે તે શીખવવામાં આવ્યું. ટી.એલ.એમ દ્વારા બાળકોમાં રસ-રૂચિ પેદા થાય તેવી રમતનો પ્રયત્ન કર્યો. જ્ઞાન સાથે ગમ્મત દ્વારા તેમની આ ખામીને સુધારવાનો પ્રયત્ન કર્યો. વિદ્યાર્થીઓને પઝલ રમત દ્વારા માત્ર ગુજરાતી અર્થ આપીને તેમનાં ઉચ્ચારણ બોલાવવામાં આવ્યા અને ઉચ્ચારણના આધારે ટી.એલ.એમ. દ્વારા આપેલા ગુજરાતી શબ્દોના અંગ્રેજી સ્પેલિંગ બનાવ્યા.

ઉદાહરણ તરીકે : ચા લઈ આવો જેનો અર્થ થાય છે tea નામનો સ્પેલિંગ બનાવો.

1) બિલાડી બનાવોવિદ્યાર્થી ત્યારે - CAT સ્પેલિંગ બનાવીને લાવશે.

આમ વિદ્યાર્થીઓને દરરોજના દસ શબ્દો આપવામાં આવતા હતા.પરિણામે પોસ્ટ-ટેસ્ટ લેવામાં આવી ત્યારે પ્રિ-ટેસ્ટ કરતાં પોસ્ટ-ટેસ્ટનું પરિણામ સારું જોવા મળ્યું વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય રસપૂર્વક શીખવા માટે તેના તરફ અભિમુખ થયા. પ્રિ ટેસ્ટમાં ૪૦ ટકા પરિણામ જોવા મળ્યું હતું જ્યારે પોસ્ટ ટેસ્ટમા 71 ટકા પરિણામ જોવા મળ્યું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- પ્રશિક્ષણાર્થીનું નામ : ભટ્ટ પ્રિયંક સુરેશભાઈ
- પ્રશિક્ષણ સંસ્થાનું નામ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી
- મોબાઈલ નંબર : ૯૪૨૮૨૧૬૩૪૪


## ‖ SENTENCE STICKS ‖

રાજાશાહી વખતમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડના રાજ્યના પાંચ મહાલોમાનું એક મહાન એટલે દામનગર કે જ્યા અવિરત શિક્ષણ ધારા વહેતી રહે છે. તે દામનગર ગામની ૫૬ વર્ષ જુની શાળા દામનગર પે.સેન્ટર શાળા નંબર ૨ માં એક બી.એડ.ના તાલીમાર્થીઓ તરીકે મારે ઇન્ટનશીપ કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. કે જ્યાં મને અધ્યાપન કામગીરી દરમિયાન જાણવા મળ્યું કે ત્યાંના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વાક્ય બનાવવામાં મુશ્કેલી અનુભવાતી હતી.

આથી વિદ્યાર્થીઓને આ મુશ્કેલી દૂર કરવા માટે મેં મનોમંથન શરૂ કરેલું. મારા મનમાં એક વાત તો સ્પષ્ટ નથી કે મારે વિદ્યાર્થીને "ગોખણપટ્ટીના ગોખ" માંથી બહાર કાઢીને કંઈક નવીન રીતે શિખવવું છે. જેથી વિદ્યાર્થીઓને સમજ પણ વિકસે અને તે વાક્ય બનાવતા આરામથી શીખે. આ મનોમંથન દરમિયાન મેં બે-ત્રણ બાળકોને ગુલ્ફી ખાતા જોયા અને મારું દિમાગ ચમક્યો અને એક નવતર પ્રયોગમાં દિમાગમાં આવ્યો ત્યારબાદ મારા દ્વારા વિદ્યાર્થીઓને વાક્યરચના શીખવા માટે શરૂઆત તેના પાયાથી કરી વિદ્યાર્થીઓને વાક્યરચનાના પાયારૂપી ખ્યાલો જેવા કે 'starter' , 'nown' , 'verb' , 'objective' અને 'adverb' જેવી સંકલ્પનાઓ અને તેના વિવિધ ઉદાહરણો જણાવ્યા. આ ઉદાહરણો સમજાવ્યા બાદ તેની સમજ વધુ પરિપક્વ થાય તેનુ દ્રઢીકરણ થાય અને વિદ્યાર્થીઓ વાક્ય બનાવતા શીખે તે માટે એક નવતર પ્રયોગના ભાગરૂપે મેં સેંટેન્સ સ્ટીકની રચના કરી તેમાં અનેક લાકડાની ગુલફીની સ્ટીકમાં વિવિધ 'starter' , 'verb' , 'adverb' , 'objective"noon' જેવા જેનાથી એક વાક્ય બની શકે તેવા સામાન્ય ઉદાહરણો લખ્યા એક બોક્સમાં વચ્ચે આડાશ મૂકીને વિવિધ ભાગો પાડીને તેનું વર્ગીકરણ થઈ શકે તે પ્રમાણે ગોઠવ્યું. જેની રચનાનો વિડીયો અહીં બાજુ મા આપેલ બારકોડને સ્કેન કરતા આપને જોવા મળશે.

આ સેંટેન્સ સ્ટીક્સના બોક્સની રચના કર્યા બાદ તેમાં રહેલી વિવિધ લખાણ વાળી સ્ટિકને ભેગી કરવામાં આવી અને દરેક વિદ્યાર્થીને બોલાવીને તે સ્ટીકમાં લખેલ આ વિવિધ વાક્યરચનાના ભાગરૂપી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

લખાણને વર્ગીકૃત કરવાનું કહેવામાં આવેલું. દા.ત. - કોઈ એક સ્ટીક પર 'ball' લખેલું છે 'noun'ના ખાનામાં મુકશે. ત્યારબાદ 'always' લખ્યું હોય તો તેને 'adverb'ના ખાનામાં મુકશે.આ પ્રમાણે તેનું વર્ગીકરણ કર્યા બાદ દરેક ખાનામાંથી ૧-૧ સ્ટીક ઉપાડવાનું વિદ્યાર્થીઓને કહેવામાં આવેલું જેથી તેના દ્વારા એક આખું વાક્ય બને અને આ જ રીત વારંવાર દોહરાવવામાં આવી.

એક સમયે પૂરતા મહાવરા બાદ વિદ્યાર્થીઓ પાસે વાક્યરચના માટેના વિવિધ સાદા અને સરળ શબ્દો મળતા થયા અને વિદ્યાર્થીઓ જાતે વાક્ય બનાવવા લાગ્યા. પછી વિધાર્થીઓને નવા શબ્દો શોધવાનું કહેવામાં આવ્યું અને તેમને શોધેલા શબ્દોને તેના પ્રકારના ખાનામા દરોજ સ્ટીક ઉપર લખીને ઉમેરવામા આવ્યા. જેથી વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વધ્યુ અને પછી દરેક વિદ્યાર્થીઓને પોતાની ક્ષમતા અને આવડત મુજબ વ્યક્તિગત આવું જ બોક્સ બનાવાનું કહેવામાં આવ્યું જેથી વિદ્યાર્થીઓની વાક્યરચના કરવામાં પડતી મુશ્કેલી દૂર થઈ અને વિદ્યાર્થીઓ પુરા આનંદ સાથે વાક્યરચના કરતા શીખ્યા.. આમ માત્ર ૨૦% વિદ્યાર્થીઓ જેને અંગ્રેજી વાક્ય બનાવતા આવડતું હતું તેની સંખ્યા વધીને ૯૦% થઈ.

આ પ્રયોગ એ માત્ર પ્રયોગ નથી એક વિચાર છે જે દરેક વર્ગીકૃત માહિતીઓને આસાન અને સરળ રીતે સમજવામાં ઉપયોગી થાય છે. આ માત્ર અંગ્રેજી વાક્યરચના કે અંગ્રેજી વિષય પૂરતો સીમિત નથી. આ ઉપરાંત અન્ય વિષયોમા પણ સ્ટીક બોક્સ ઉપયોગી થઇ શકે છે. ઉદાહરણ તરીકે વિજ્ઞાન વિષયમાં - 'ખોરાક તરીકે વનસ્પતિના ભાગો' તેમાં આપણે જુદી જુદી વનસ્પતિ ઓના નામ સ્ટીક ઉપર લખીને તેનો કયો ભાગ આપણે ખોરાક તરીકે લઈએ છીએ તેના ખાના બનાવી શકાય અને તેને આધારે તે સ્ટીક તેમાં વર્ગીકૃત કરવામાં આવે વિદ્યાર્થીઓ વધુ સરળ રીતે સમજે. આ ઉપરાંત ગણિતમાં - 'વિભાજ્યતાની ચાવીઓ' ગુજરાતીમાં - 'વિશેષણ' , 'સમાસ' સામાજિક વિજ્ઞાનમાં 'ખનીજના પ્રકારો' ઉપરાંત દરેક વિષયની ઘણી વિષયવસ્તુને આ પ્રયોગ દ્વારા સરળતાથી વિદ્યાર્થીઓને સમજાવી શકાય છે. આભાર..



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- પ્રશિક્ષણાર્થીનું નામ : જોષી ભવદીપકુમાર કિશોરભાઈ
- પ્રશિક્ષણ સંસ્થાનું નામ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
- મોબાઈલ નંબર : 9638674279

## ॥ ચાલો ભૂમિતિને નવી રીતે સમજીએ ॥

B.Edઅભ્યાસક્રમના ભાગરૂપે IITE યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ઇન્ટર્નશીપના ભાગરૂપે અનેschool of excellenceમાં તાલુકા કક્ષાની પ્રથમ બે શાળાઓ પૈકી શ્રીમોટા દેવળીયા પે.સેન્ટર શાળામાં ડો. જીવરાજ મહેતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલીમાં B.Edની તાલીમ લઈ રહેલા તાલીમાર્થી શ્રી ભવદીપ કિશોરભાઈ જોષીને બે મહિનાના ઇન્ટરશિપ કાર્યક્રમ દરમિયાન ત્યાં રહીને ધોરણ 3 થી 6 માં ગણિત અને વિજ્ઞાન વિષયનું અધ્યાપન કાર્ય કરવાનું હતું. અધ્યાપન કાર્ય દરમિયાન જોવા મળેલું કે વિદ્યાર્થીઓને ભૂમિતિના એકમોમાં ઓછો રસ અને અધ્યયનમા મુશ્કેલી અનુભવે છે.વિદ્યાર્થીઓની આવી મુશ્કેલી જોઈને એક તાલીમાર્થી અને ભવિષ્યના એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને ગણિત સહેલું અને રસપ્રદ બનાવવાનું નક્કી કર્યુ.

સત્રની શરૂઆત થતાં ઇન્ટર્નશીપ કાર્યક્રમ પણ શરૂ થયો ત્યારે તેમણે ભૂમિતિના અઘરા લાગતા એકમોને એક અલગ અને મૂર્ત અનુભવો દ્વારા શીખવવાનું નક્કી કર્યું. તેના માટે ચાર ફૂટપટ્ટી, ચાર કોણમાપક તથા ચાર નટબોલ્ટ દ્વારા એક સાધનનું નિર્માણ કરવામાં આવ્યું. જ્યારે વિદ્યાર્થીઓને અધ્યાપનકાર્ય શરૂ કરવામાં આવ્યું ત્યારે શરૂઆતના એક તાસમાં આ સાધન દ્વારા અધ્યાપન કાર્ય કરાવવામાં ન આવ્યું આ સમયે ખ્યાલ આવી ગયો હતો કે વિદ્યાર્થીઓને આ કંટાળાજનક અને તેની વયકક્ષાને અનુરૂપ થોડી મુશ્કેલ હોય તેથી સમજવામાં મુશ્કેલી થતી હતી કારણકે તેમની વયને ધ્યાનમાં લેતા અમૂર્ત ખ્યાલો કરવામા મુશ્કેલીઓ પડતી હતી.ત્યારબાદ આ સાધનની મદદથી ભૂમિતિનું અધ્યાપન કાર્ય શરૂ કર્યુ અને વિદ્યાર્થીઓને આ સાધન જોઈને થોડી નવાઈ લાગી. આ સાધન શેનું છે તે જાણવા માટે તત્પર બન્યા ત્યારબાદ ધીમે ધીમે આ સાધન વડે ભૂમિતિના એકમો સમજાવવાનું શરૂ કર્યુ અને બાળકોને ધીમે ધીમે આમાં રસ પડવા લાગ્યો કારણકે દ્રશ્ય અને શ્રાવ્ય એ વધારે યાદ રહે છે અને મૂર્ત અનુભવો આપવાનો પ્રયાસ કરે છે.

આ સાધનની મદદ દ્વારા રેખાખંડ,સમાંતર રેખાઓ, ત્રિકોણ અને તેના પ્રકારો તથા ગુણધર્મો, ચતુષ્કોણ અને તેના ગુણધર્મો,ખૂણા, છેદિકા, લંબરેખા, વગેરે જેવા ભૂમિતિના ખ્યાલોને મૂર્ત અનુભવ દ્વારા શિક્ષણકાર્ય કરાવી શકાય છે. આ સાધનની મદદથી ભૂમિતિના વર્ગમાં સરળ અને ગમ્મત સાથે ગણિત શીખી શકે એવું વાતાવરણ ઉભુ કરી શકાય છે અને બાળકો આ સાધનની મદદથી વિવિધ માપ આકૃતિઓ પોતાની જાતે બનાવી શકે છે.કારણ કે આ સાધન પ્રમાણમાં આકર્ષક અને સસ્તું છે માટે બાળકો પોતાની જાતે આસાધન બનાવી શકેછે. વર્ગના તમામ બાળકો ભૂમિતિના આકારો ઓળખતા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

થયા.બાળકોને ગણિત વિષયમાં ભૂમિતિના ખ્યાલો સરળ લાગ્યા.ગણિત પ્રત્યેનો અણગમો દૂર થયો.વિવિધ આકારો બનાવવા માટે તત્પર થયા.બાળકોમાં ભૂમિતિ પ્રત્યેનો ભય દૂર થયો.

એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- પ્રશિક્ષણાર્થીનુંનામ : દવે કૃષ્ણાબેન શરદકુમાર
- પ્રશિક્ષણસંસ્થાનુંનામ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી
- મોબાઈલ નંબર : 8758737695


## રમતા રમતા કંઈક શીખીએ !!

કામ કરો એસા કી પહેચાન બન જાયે,
હર કદમ એસા ચલો કે નસીબ બન જાયે,
યહા જિંદગી તો સભી કાટ લેતે હૈ,
જિંદગી જીઓ તો એસી કી મિસાલ બન જાયે.

બાલ જગત અને બાલવિશ્વની રૂબરૂ મુલાકાત અમરેલી જિલ્લાનાં ઈશ્વરિયા ગામે અમારી ઈન્ટરશિપ દરમિયાન થઈ હતી. ખરેખર બાળકો 'નિર્મળ પ્રેમનો સાગર' છે. એ તો ત્યાં જ અનુભવાયું હતું. ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં મારા પ્રયોગો એટલે રમતા રમતા કંઈક શીખીએ!!!

પ્રાર્થના, રિસેસ, રમત-ગમતનું મેદાન અને બાળકોનું નિરીક્ષણ કરતાં મારાં મનમાં ઓચિંતા જ એક ચમકારો થયો ! મને થયું ચાલોને રમતાં રમતાં બાળકો કંઈક નવું શીખે એવું કરીએ અને વળી બાળકો સત્કાર્ય સાથે નૈતિકતાનાં અને માનવતાનાં ઉચ્ચ-મૂલ્યો સહેજે શીખે.

(1) મારી વાત 'મા' ને કહું...

બાળકનાં મન સુધી પહોંચવાનો અને વળી પોતાની ઓળખ કે નામ લખ્યા વિના બાળક પોતાનાં મનની વાત ' માઁ ' સરસ્વતી ને સીધી જ કહી દે અને માઁ ને કીધાનાં આનંદ સાથે મનથી ફરી વખત હળવા બની જાય. બાળકો આ રમત થકી પોતાની ભાવનાઓને સહજ રીતે રજુ કરતાં થયાં તથા નામ કે ઓળખ ન હોવાથી મુક્ત મને પ્રેમ, લાગણી, ફરિયાદ, નવી વાતો અને ઘરનાં વાતાવરણ વિશે મુક્ત મને માને કહેવાંલાગ્યાં.

આ પ્રયોગમાં માઁ સરસ્વતીની મૂર્તિ પાસે એક ડબ્બો રખાયો અને દર શનિવારે ડબ્બામાં રહેલી ચિઠ્ઠીઓ બહાર કાઢી બાળકનાં મનનાં રસ્તા સુધી પહોંચાયું.

(2) મેં જમી લીધું , હવે મારા મિત્રો માટે...

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

રિસેષ દરમ્યાન મેં જોયું કે બાળકો સુંદર રીતે હરોળમાં અને વર્તુળાકારે મિત્રો સાથે બેસીને ભોજન લે છે. પરંતુ મેં અવલોકન કર્યું કે વધેલું ભોજન કચરાપેટીમાં કે પટાંગણમાં ફેંકીને બાળકો લંચબોક્સ બંધ કરી દે છે. મેં પ્રથમ એક પ્લાસ્ટિક નું બાઉલ લીધું અને મારું વધેલું ભોજન એ બાઉલમાં નાખ્યું. બાળકોમારું અવલોકન કરી વધેલું ભોજન એબાઉલમાં નાખવા લાગ્યા અને રિસેષ પૂરી થયે એ બાઉલ શાળાની બહાર અન્ય સજીવોનાં ખોરાક માટે રાખવામાં આવ્યું. જેમાં ગાય, કૂતરા, ભેંસ વગેરે પ્રાણીઓ પણ સમયસર પોતાનો ખોરાક લેવા શાળાની બહાર આવી જતાં. આ પ્રયોગ દ્વારા પ્રાણી સાથેની દોસ્તી આસાન બની ગઈ.

(3) હું પાણી પીવડાવવું મારા મિત્ર વૃક્ષ ને...

મેં જોયું પ્રાર્થના સભામાં વૃક્ષને પાણી પીવડાવવા માટે પાણી સમિતિના બાળકોને દરરોજ પાણી પીવડાવવાનું યાદ કરાવવું પડતું. અને શાળા છૂટયા બાદ બાળકો પોતાના વોટર બેગ માં વધેલું પાણી આમતેમ ફેંકી દેતાં. મને થયું કોઈ ચોક્કસ સમિતિના બાળકોને બદલે શાળાનાં તમામ બાળકો વૃક્ષ પ્રત્યેનો તથા પર્યાવરણ પ્રત્યેનો સહજ પ્રેમ રમતા રમતા કેળવી શકે તેવું કંઈક કરીએ.

શાળા સમય પૂર્ણ થયાં બાદ સહજતાથી બાળકો પોતાનાં પ્રિય વૃક્ષ પાસે પહોંચી તેમને પોતાની વોટર બેગમાં રહેલું પાણી પીવડાવવા લાગ્યા અને વૃક્ષોનાં કયારાઓ પણ છલકાવાં લાગ્યાં.

આમ, નૈતિક મૂલ્યોને સહજતાથી બાળકો સુધી પહોંચાડવા માટે ઈશ્વરે મને નિમિત્ત બનાવી તેનો મને ખૂબ જ આત્મસંતોષ છે .

આભાર ......જય હિન્દ......

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨



- **પ્રશિક્ષણાર્થીનું નામ : પરમાર શિવાલી રાજેશભાઈ**
- **પ્રશિક્ષણ સંસ્થાનું નામ :જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી**
- **મોબાઈલ નંબર : 9427936408**

## ॥ આત્મવિશ્વાસનો ડંકો ॥

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના બાબરાનું પ્રવેશ દ્વાર એટલે અમરાપરા ગામ. આ ગામ શૈક્ષણિક દ્રષ્ટિએ જાગૃત છે. બાબરા અને અમારા વચ્ચે માત્ર એક જ રસ્તો હોવાથી બાબરાના અને આજુબાજુના ગામના બાળકો અમરાપરમાં અધ્યયન માટે આવતા હતા. આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સારી એવી સિદ્દ્ધિ મેળવી છે. B.ed ના ભાગરૂપે ઈન્ટર્નશિપ માટે મેં આ શાળા પસંદ કરી હતી. અહીં આવીને ખરેખર અનુભવાયું કે બાળકોમાં તો શિક્ષણની ભૂખ પડેલી જ હોય છે બસ તેને સાચો વળાંક મળવો જોઈએ.

શાળાએ આવ્યાના થોડા દિવસ બાદ અનુભવાયું કે બાળકોની મૌખિકતામા ખામીછે. મોઢે બોલવામાં હીચકાહટ અનુભવે છે.આવડતું હોવા છતાં વર્ગખંડમાં ઉત્તર નથી આપતા. બધી પ્રતિયોગિતામાં ભાગ લે છે પરંતુ વકૃત્વ સ્પર્ધામાં એક - બે સિવાય કોઈ ભાગ લેવા તૈયાર નથી હોતું. તો સૌ પ્રથમ એમની પાછળના તારણો શોધ્યા જેમાં ખબર પડી કે મોટે ભાગે આત્મવિશ્વાસની જ ખામી છે. જેથી આવડતું હોવા છતાં જવાબ નથી આપતા. તે માટે મે નિમ્ન દર્શાવેલ પગલાં લીધા.

1. શિક્ષકે પ્રેમાળ વાણી રાખવી .
2. વિદ્યાર્થી સાથે ખૂબ જ હળીમળીને રહેવું .
3. વિદ્યાર્થી પાસે જોઈ જોઈને વંચાવું .
4. દરેકને પાઠનું વિષયવસ્તુ અને બોધ પૂછવો.
5. વિદ્યાર્થી બોલતા હીચકાય તો યોગ્ય સુદ્રઢક દ્વારા પ્રોત્સાહન આપવું.
6. મનગમતા વિષય પર બોલવું.
7. ચિત્ર જોઈ વાર્તા બનાવી અને કહેવી.
8. પ્રાર્થનાસભામાં દિન વિશેષ ,સમાચાર ,સુવિચાર ,જાણવા જેવું સમાવેશ કરવો.
9. વર્ગખંડમાં જે તે ટોપિક પર સેમિનાર લેવો.
10. બાળસભામાં પ્રત્યેક પ્રવૃત્તિ ફરજિયાત કરવી.(સંગીત, યોગ ,વાર્તા ,અભિનય ગીત , પ્રશ્નોત્તરી , પ્રસંગ )
11. વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવું .
12. યોગ્યતા પ્રમાણે નામ આપવું.

ઉપર્યુક્ત કાર્ય કરાવી મેં બાળકોને બોલતા કર્યા કેમકે શિક્ષક વિદ્યાર્થી પ્રત્યે લાગણી ધરાવતો હશે તો બાળક ક્યારેય પણ શિક્ષક સામે બોલતા ગભરાશે નહીં.આમ, મેં વિવિધ પ્રવૃતિઓ અને સ્પર્ધાઓ કરાવીને બાળકોમાં આત્મવિશ્વાસ વધાર્યો કે એ પણ શ્રેષ્ઠ છે અને કશુક કરી જ શકે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૧-૨૨




- પ્રશિક્ષણાર્થીનું નામ : દવે મૈત્રિકકુમાર સંજયભાઈ
- પ્રશિક્ષણ સંસ્થાનું નામ :જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
- મોબાઈલ નંબર:- 7567975326


## || હું પણ બનાવી શકું ||

સ્કૂલ ઓફ એક્સલન્સ એ ગુજરાત સરકારના એજ્યુકેશનલ પેટ પ્રોજેક્ટના પ્રોગ્રામ અંતર્ગત ઈન્ટર્નશીપના કાર્યક્રમમાં જીવંત સામાજિક અધ્યેતાઓ સાથે બે મહિના સુધી નિરંતર કાર્ય કરવાનો મોકો મળ્યો..અહીંના કાર્યક્રમના અનુભવોને સંક્ષિપ્તમાં કહું તો

છે એક આરાધના,
અધ્યાપન સાથે ની સાધના,
નથી એ માત્ર ગાગરમાં,
માણીશું એ સાગરમાં.

અધ્યયન નિષ્પતિને લગાતાર સુધારવાના પ્રયાસો સાથે કરવામાં આવેલા પ્રયત્નમાં એક નવતર પ્રયોગની વાત કરું છું કે,જ્યારે પણ હું નાનો હતો અને એ વખતે એના અમુક અનુભવો અને ઈન્ટરનશીપમાં બાળકોએ પૂછેલા લેક્ચર દરમિયાન પ્રશ્નો જેમકે,

- કોઈ મોટી ઈમારત જોઈને, આવડું મોટું કઈ રીતે બનતું હશે?
- લોકોમોટિવ એન્જિનને જોઈને, આવડી મોટી ગાડી એક જ લાઈનમાં કઈ રીતે ચાલતી હશે ?

આ સાથે આજકાલના સમયમાં માહિતી-પ્રસારણ પ્રૌદ્યોગિકીના જમાનામાં નાની ઉંમરમાંથી જ બાળક S400 અને Rafael જેવા નામ પણ સાંભળતો રહેતો હોય છે અને એમાંથી નાનપણથીજ અધ્યયન નિષ્પતિના સ્પષ્ટીકરણ અને સુદ્રઢીકરણ માટે આ પ્રયોગ જરૂરી લાગ્યો, જેમાં અલગ અલગ કાગળ, પૂંઠાના નાના ટુકડાઓ ભેગા કરીને, ચિત્રના કોયડાનું મૂર્ત સ્વરૂપ મળે અને જૂના trump કાર્ડમાંથી નાનો મહેલ ઊભો કરી શકાય, એવી જ રીતે ટેકનોલોજી આવશ્યક ટી.એલ.એમ. પણ બનાવી શકાય અને સાથે સાથે વિજ્ઞાનના અમુક અધ્યાય-પાઠોનો કોન્સેપ્ટ પણ તૈયાર થતો જાય.આમ અલગ અલગ વેરાયેલા પાર્ટમાંથી કોયડો ઉકેલીને મેં રોબોટિક કાર બનાવી અને બાળકોને બતાવી. એવી જ રીતે બાળકોને જૂથમાં વહેંચીને આવા જ અલગ-અલગ કોયડાઓના ચિત્ર બતાવી એ માંથી શું શું બનાવી શકાય એ પ્રવિધિઓને બાળકો દ્વારા મૂર્ત સ્વરૂપ અપાવ્યું અને એમાંથી એક જૂથે તો એજ પાર્ટમાંથી નાનો ટેબલફેન પણ બનાવ્યો.આમ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં નિખાર આવે અને નવા પ્રયોગોનું સર્જન થાય અને સાથે સાથે અધ્યેતાઓમાં સર્જનાત્મકતા અને નિર્માણની ભાવના વિચારધારામાં જાગૃત થાય.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ –૨૦૨૧–૨૨



- પ્રશિક્ષણાર્થીનું નામ : નકુમ દિશાંન જમનકુમાર
- પ્રશિક્ષણ સંસ્થાનું નામ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
- મોબાઈલ નંબર:-8141112678

## ॥' સરવાળો એક રમત'॥

" એક પુસ્તક

એક પેન,

. એક બાળક,

અને એક શિક્ષક

વિશ્વને બદલી શકે છે ."

અમરેલી જિલ્લાના બગસરા તાલુકો જે ઘણા મહાનુભાવોની કર્મભૂમિ રહી છે. જેમકે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી તેમજ ઝડપનું નામ જાદુ એટલે જાદુગર કે.લાલ જેવી વિભૂતિઓ કે જેઓ એ બગસરાનું નામ વિશ્વ વિખ્યાત કર્યું છે.તેની નજીક આવેલ નાનકડું એવું રળિયામણું ગામડું કે જ્યાં અતિ પ્રેમાળ માણસોની વસ્તી વસે છે, એ ગામડું એટલે જૂની હળિયાદ.

આશરે 2400 માણસોની વસ્તીના વર્ગમાંથી આવતા નાના ભૂલકાઓને આવવું ગમે તે માટેની શાળા કક્ષાએ રમત ગમત સાથેની શૈક્ષણિક પ્રવૃતિઓ. ધોરણ 1 થી 3ના વિદ્યાર્થીઓને સરવાળો એક અઘરો તેમજ કંટાળાનો મુદ્દો લાગતો હતો.

આ સમસ્યાને મને મનમાં મૂંઝવતી હતી. આ સમસ્યા દૂર કરવા માટે હું મનમાં વિચારતો કે શું કરું? જેનાથી બાળકોને સરવાળો કરવામાં સરળતા રહે અનેક વિચારોને અંતે મારા મનમાં એક વિચાર સ્ફૂર્યો. મેં એક રમત ગમત સાથે સરવાળો કરવાનું વિચાર્યું.આ રમત રમવા માટે મેં TLMનું નિર્માણ કર્યું. બાળકો વચ્ચે રજૂ કર્યું તો બાળકોને TLM જોવામાં ખૂબ જ ઉત્સુકતા જોવા મળી અને બાળકોને રમત રમાડી સરવાળા કરતા શીખવ્યા.

આમ રમતો રમતા રમતા બાળકો માટે સરવાળો કરવો એ રસપ્રદ મુદ્દો બની ગયો. અને બધા જ વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી અને મૂલ્યાંકન કર્યું. તો જોવા મળ્યું કે બધા જ બાળકો રમત ગમત સાથે સરવાળો શીખી ગયા. મારા જીવનની અધ્યાપન ક્રિયાની પ્રથમ સમસ્યા ખૂબ જ રસપ્રદ રીતે સફળ રહી. તેમજ બાળકોમાં અને મારા આત્મવિશ્વાસમાં વધારો થયો.

બાળકોનો ગણિત વિષય પ્રત્યેનો અણગમો તેમજ કંટાળો દૂર થયો. વર્ગખંડમાં બધા જ બાળકો ની ભાગીદારી જોવા મળી.

જે બાળકની શીખવાની ગતિ ધીમી છે તે પણ આનંદ તેમજ રસપૂર્વક આનંદથી શીખી અને સમજી શકે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી







# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી







# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી









# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી





